પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૧૩ ઓગસ્ટ ૨૦૨૪ મંગળવાર

૭ સફર હિજરી ૧૪૪૬ ● શ્રાવણ સુદ આઠમ સંવત ૨૦૮૦

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૬ |
| પાઉન્ડ | ૧૦૭.૧૭ |
| યુરો | ૯૧.૬૮ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૨,૧૦૦ |
| ચાંદી (૧ કિલો) | ૮૭,૫૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### ઉત્તરપ્રદેશની યોગી સરકારની નવી યોજનાથી મુસ્લિમ નેતાઓમાં ચિંતા વધી

# UPમાં તમામ મદ્રેસાને બે નવી યુનિ. સાથે જોડવાની યોજના



## ઉત્તરપ્રદેશના લઘુમતી બાબતોના મંત્રી ઓમપ્રકાશ રાજભરે તમામ મદ્રેસાઓને બે નવી યુનિવર્સિટી સાથે સંલગ્ન કરવા અંગે યોજનાની જાહેરાત કરી

(એજન્સી) તા.૧૨
ઉત્તરપ્રદેશના લઘુમતી કલ્યાણ પ્રધાન ઓમ પ્રકાશ રાજભરે રાજ્યમાં મદ્રેસાઓની માન્યતાની નવી પ્રણાલી શરૂ કરવાની તૈયારીનો સંકેત આપતાં કહ્યું હતું કે, મદ્રેસાઓને બે યુનિવર્સિટી ખોલીને તેમની સાથે સંલગ્ન કરવામાં આવશે.

જો કે, દેશના મુસ્લિમોના સૌથી મોટા સામાજિક સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદનું કહેવું છે કે, આવું કોઈ પગલું ભરતા પહેલાં સરકારે તમામ પક્ષો સાથે વાત કરવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે, તેનાથી લઘુમતીઓના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન નહીં થાય. રાજભરે કહ્યું, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ તરફથી જે પત્ર આવ્યો છે, તેમાં કહેવામાં આવ્યું છે કે, આવા મદ્રેસામાં ભણતા બાળકો કે જે બાળકોને ભણાવતા હોય છે પરંતુ બાળકોને શૈક્ષણિક પ્રમાણપત્ર આપવા માટે માન્યતા ધરાવતા નથી. ઉલ્લેખનીય છે કે, નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સે આ વર્ષે ૭ જૂને રાજ્ય સરકારને પત્ર લખ્યો હતો. રાજ્યના તત્કાલીન મુખ્ય સચિવ દુર્ગા શંકર મિશ્રાએ પંચના આ પત્રને ટાંકીને ૨૬ જૂનના રોજ એક આદેશ જારી કર્યો હતો, જેમાં રાજ્યની સરકારી સહાયિત મદ્રેસાઓમાં ભણતા બિન-મુસ્લિમ બાળકો અને માન્યતા વિનાના મદ્રેસાના તમામ બાળકોને બહાર કાઢવા અને કાઉન્સિલની શાળાઓમાં દાખલ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જો કે, મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો, જેણે આ આદેશો પર હાલ પૂરતો સ્ટે મૂક્યો હતો. ઉત્તરપ્રદેશ રાજ્યમાં અંદાજે ૨૫,૦૦૦ મદ્રેસા છે, જેમાંથી ૧૬,૫૦૦ સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત છે, જેમાં ૫૬૦ સરકારી સહાય મેળવે છે. જો કે, રાજ્યના મદ્રેસા બોર્ડ દ્વારા લગભગ ૮૫૦૦ મદ્રેસાઓ અજાણ છે. આ પગલાથી વિવિધ મુસ્લિમોના હિતધારકોમાં ચિંતા વધી છે. જમિયત ઉલેમા-એ-હિંદના કાયદાકીય સલાહકાર, મૌલાના કાબ રશીદીએ સરકારને વિનંતી કરી છે કે, તેઓ કોઈપણ ફેરફારો લાગુ કરતા પહેલાં જમિયત ઉલેમા-એ-હિંદ, નદવાતુલ ઉલમા અને દારૂલ ઉલૂમ દેવબંદ જેવા મુખ્ય સંગઠનો સાથે વાતચીત કરે. તેમણે હાઈલાઈટ કર્યું કે બંધારણ લઘુમતીઓને તેમની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને ચલાવવાનો અધિકાર આપે છે, આ બંધારણીય અધિકારોની સુરક્ષાના મહત્ત્વ પર ભાર મૂકે છે. ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ મદ્રેસા એજ્યુકેશનના અધ્યક્ષ ઈફ્તિખાર અહેમદ જાવેદે સરકારની યોજના પર આશ્ચર્ય વ્યક્ત કરતા નોંધ્યું હતું કે, આ પહેલાં ક્યારેય એવું જોવામાં કે સાંભળવામાં આવ્યું નથી કે કોઈ શિક્ષણ બોર્ડ યુનિવર્સિટી સાથે સંલગ્ન હશે. તેમણે સ્વીકાર્યું કે જ્યારે સરકાર પાસે નોંધપાત્ર ફેરફારો લાવવાની સત્તા છે, ત્યારે તેણે તેમના વિદ્યાર્થીઓને રાજ્ય સંચાલિત શાળાઓમાં પ્રવેશ આપવાના આદેશો જારી કરતા પહેલાં માન્યતા ન ધરાવતા મદ્રેસાઓને માન્યતા આપવાનું વિચારવું જોઈએ.

> **કોઈપણ પગલું ભરતાં પહેલાં રાજ્ય સરકારે તમામ હિતધારક પક્ષો સાથે વાત કરવી જોઈએ : જમિયત ઉલેમા-એ-હિંદ**

CELEBRATING EXCELLENCE
34 years
GT

# UP : ધર્માંતરણના આરોપો વચ્ચે મિર્ઝાપુરમાં સરકારી તંત્રએ ચર્ચ પર બુલડોઝર ફેરવ્યું



(એજન્સી) તા.૧૨
મિર્ઝાપુરમાં પ્રશાસને વન વિભાગની જમીન પર ગેરકાયદેસર રીતે ચર્ચ બનાવીને પછાત આદિવાસી વિસ્તારોમાં ધર્માંતરણનું કામ કરનારા લોકો સામે મોટી કાર્યવાહી કરી છે. ગેરકાયદેસર ચર્ચને બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યું હતું. પોલીસને ચર્ચ બનાવી ગેરકાયદે ધર્માંતરણની ફરિયાદ મળી હતી. તપાસ બાદ આ અંગે કાર્યવાહી કરવામાં આવી હતી. મોટી પોલીસ ફોર્સની હાજરીમાં ચર્ચ પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે, વિનોદકુમાર અને રમાકાંતે અહૌરા પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલ મોહલમાં વન વિભાગની જમીન પર ગેરકાયદેસર રીતે ચર્ચ અને બિલ્ડિંગનું નિર્માણ કર્યું હતું. અહીં આજુબાજુના વિસ્તારના લોકોને ભેગા કરીને તેમને લાલચ આપી ધર્માંતરણનું કામ પણ કરવામાં આવતું હતું. ફરિયાદ મળ્યા બાદ તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે, ચર્ચ વન વિભાગની જમીન પર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવ્યું હતું. ફરિયાદ મળતાં જ સબ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કોર્ટે બંનેને નોટિસ પાઠવીને પોતાનો પક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ બંને કોર્ટમાં હાજર થયા ન હતા. જેના આધારે પોલીસ અને વહીવટીતંત્રની ટીમે બુલડોઝર વડે ગેરકાયદેસર રીતે બનેલા ચર્ચને તોડી પાડ્યું હતું.

### ૩૦૦થી વધુ ખ્રિસ્તી વડાઓએ અમેરિકી સરકારને ભારતમાં કથિત બગડતી સ્થિતિ અંગે પત્ર લખ્યો

# ભારતના 'ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન' બદલ ભારતીય-અમેરિકી ખ્રિસ્તી સંગઠનો દ્વારા અમેરિકાના પ્રતિબંધોની માંગ




## ભારતના કેટલાક રાજ્યોમાં હિંદુ રાષ્ટ્રવાદી અથવા હિંદુ કટ્ટરવાદી વિચારધારા લાગુ કરવા માટે નવા કાયદા લાગુ કરાયા અને તેના દ્વારા ખ્રિસ્તીઓ, લઘુમતી અને દલિતો પર દમનનો પત્રમાં ઉલ્લેખ, લઘુમતીઓના ધાર્મિક સ્થાનો ધ્વસ્ત કરવા અને ધર્માંતરણના કાયદા બદલી લઘુમતીઓની કનડગત કરવા અંગે ફરિયાદ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨
સંપ્રદાયના વડાઓ સહિત યુનાઈટેડ અમેરિકામાં ૩૦૦થી વધુ ખ્રિસ્તી નેતાઓ અને ખાસ કરીને ખ્રિસ્તીઓ વિરુદ્ધ ધાર્મિક સ્વતંત્રતાઓના વધતા ઉલ્લંઘનને કારણે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને ભારતને 'વિશેષ ચિંતાનો દેશ' (CPC) તરીકે નિયુક્ત કરવા હાકલ કરી રહ્યા છે. વિવિધ સંપ્રદાયો અને ખ્રિસ્તી સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા નેતાઓએ વધતી હિંસા અને 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની હિંદુ રાષ્ટ્રવાદી સરકાર હેઠળ પ્રણાલીગત દમન' અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ મહિનાની શરૂઆતમાં મોકલવામાં આવેલા પત્રમાં ૧૮ બિશપ, ત્રણ આર્કબિશપ અને અસંખ્ય પાદરીઓ સહિતના નેતાઓએ ૨૦૧૪માં મોદીની સરકાર સત્તામાં આવી ત્યારથી ભારતમાં ધાર્મિક લઘુમતીઓ માટે બગડતી પરિસ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો. આ પત્રનું આયોજન ફેડરેશન ઓફ ઈન્ડિયન દ્વારા કરવામાં આવ્યું હતું. ઉત્તર અમેરિકામાં અમેરિકન ખ્રિસ્તી સંગઠનો દ્વારા ભારતમાં ધાર્મિક દમનને જોવા માટે અમેરિકી ખ્રિસ્તી નેતાઓ દ્વારા પ્રથમ સંયુક્ત પ્રયાસ છે.

આ પત્રમાં હિંસામાં વધારાનો શ્રેય 'હિંદુ વંશીય-રાષ્ટ્રવાદી અથવા હિન્દુત્વ સર્વોપરી રાજકીય વિચારધારા'ને આપવામાં આવ્યું છે જેનો દાવો છે કે, તેણે હિન્દુ ધર્મ અને ભારતના બંધારણીય બિનસાંપ્રદાયિક લોકશાહી બંનેને વિકૃત કર્યા છે. આનાથી જાહેરમાં અને રાજ્ય સંસ્થાઓની અંદર ખ્રિસ્તીઓ, દલિતો અને અન્ય ધાર્મિક લઘુમતીઓ સામે રાજ્ય દ્વારા સંમતિથી હિંસા થઈ છે. નેતાઓએ યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમના ચિંતાજનક આંકડાઓ ટાંક્યા છે જેમાં ખ્રિસ્તીઓ પરના હુમલામાં તીવ્ર વધારો નોંધવામાં આવ્યો છે જે ૨૦૧૪માં ૧૨૭ ઘટનાઓથી ૨૦૨૩માં ૭૨૦ ઘટના સુધી પહોંચ્યો છે. દમનને કારણે મણિપુરમાં ૬૫,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે અને મે ૨૦૨૩ સુધીમાં ૪૦૦થી વધુ ચર્ચને નુકસાન પહોંચાડાયું છે. છત્તીસગઢના એક અહેવાલમાં જણાવાયું છે કે, ડિસેમ્બર ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે હિંદુ ધર્મ સ્વીકારવાનો ઈનકાર કરવા બદલ ૨૫૦૦થી વધુ ખ્રિસ્તીઓને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ પત્રમાં આંતરરાષ્ટ્રીય રેન્કિંગનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમ કે યુએસ સ્થિત ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સર્ન જે ભારતને વૈશ્વિક સ્તરે ખ્રિસ્તીઓના ત્રીજા સૌથી ખરાબ સતાવણી કરનાર તરીકે સૂચિબદ્ધ કરે છે. હસ્તાક્ષર કરનારાઓ રાજ્ય વિભાગને આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ હેઠળ ભારતને CPC તરીકે નિયુક્ત કરવા સહિત અનેક પગલાં લેવા વિનંતી કરી છે જેનાથી પ્રતિબંધો અને અન્ય પરિણામો આવી શકે છે. આ પત્રમાં આ મુદ્દાઓ પર અમેરિકી સરકારના 'મૌન'ની ટીકા કરવામાં આવી છે જે તેને અમેરિકી અને ભારત વચ્ચેના મજબૂત ભૌગોલિક રાજકીય જોડાણ સાથે વિરોધાભાસી છે. તે ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે ભારતીય સરકારી અધિકારીઓને જવાબદાર ઠેરવવા અને ભારત અને યુ.એસ.માં સ્વતંત્ર ધાર્મિક અને માનવ અધિકાર સંગઠનોને સમર્થન આપવાનું કહે છે. ખ્રિસ્તી નેતાઓ ભારતના ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટની અસરને પણ પ્રકાશિત કરે છે જેણે સેંકડો ખ્રિસ્તી શાળાઓ અને હોસ્પિટલો અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, કમ્પેશન ઈન્ટરનેશનલ, વર્લ્ડ વિઝન અને મધર ટેરેસાના મિશનરીઝ ઓફ ચેરિટી જેવી અસરગ્રસ્ત સંસ્થાઓના ભંડોળમાં કાપ મૂક્યો છે. તેઓ દલીલ કરે છે કે, આનાથી ભારતીય ખ્રિસ્તીઓને અલગ અને નબળા પાડી દેવાયા છે. આ પત્રમાં ઓછામાં ઓછા ૧૦ ભારતીય રાજ્યોમાં લાગુ કરાયેલા 'પરિવર્તન વિરોધી' કાયદાઓની પણ નિંદા કરવામાં આવી છે જેણે ધાર્મિક ધર્માંતરણને ગુનાહિત બનાવ્યું છે અને હજારો ખ્રિસ્તીઓની ધરપકડ કરવામાં આવી છે. યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (યુએસસીઆઈઆરએફ)એ પણ બગડતી પરિસ્થિતિ અંગે વારંવારની ચેતવણીઓ છતાં ભારતને સીપીસી યાદીમાં સામેલ ન કરવા બદલ રાજ્ય વિભાગની ટીકા કરી છે. તેના વાર્ષિક આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અહેવાલમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટે ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા અંગેની ચિંતાઓને સંબોધિત કરી હતી જેમાં ધર્માંતરણ વિરોધી કાયદાઓ, નફરતી ભાષણ અને લઘુમતી સમુદાયોના ઘરો અને પૂજા સ્થાનોને તોડી પાડવાની બાબતમાં વધારો નોંધવામાં આવ્યો હતો. યુએસ એમ્બેસેડર-એટ-લાર્જ ફોર ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ રશાદ હુસૈને એવા કિસ્સાઓ પ્રકાશિત કર્યા હતા કે, જ્યાં સ્થાનિક પોલીસે માત્ર ધર્માંતરણના આરોપમાં પીડિતોની ધરપકડ કરવા માટે ટોળાને પૂજા સેવાઓમાં વિક્ષેપ પાડતા મદદ કરી હતી અથવા ટોળાએ ખ્રિસ્તીઓ પર હુમલો કર્યો હતો ત્યારે તેમની સાથે ઊભા હતા.

# રોકાણકારોને ત્રણ સવાલ સતાવી રહ્યા છે : SEBI ચીફના વિવાદ વચ્ચે રાહુલ ગાંધીએ શેર બજારના જોખમો પર પ્રકાશ પાડ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨
અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગના નવા રિપોર્ટ બાદ બિઝનેસ જગત અને દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ પર અદાણી સાથે સાંઠગાંઠનો આરોપ લગાવવામાં આવ્યો છે. ત્યારે લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મોદી સરકારને આકરા સવાલ કર્યા છે. સેબીના ચેરપર્સન માધબી બુચે હજુ સુધી રાજીનામું કેમ નથી આપ્યું ? જો રોકાણકારો પોતાની મહેનતની કમાણી ગુમાવે છે તો કોણ જવાબદાર ? પીએમ મોદી, સેબી ચેરપર્સન કે પછી અદાણી ? નવા આરોપો બાદ શું સુપ્રીમ કોર્ટ આ મામલે તપાસ કરાવશે ? રાહુલ ગાંધીએ કહ્યું છે કે, હવે ખબર પડી ગઈ છે કે, વડાપ્રધાન મોદી JPC તપાસથી આટલા કેમ ગભરાય છે. આનાથી સત્ય બહાર આવી શકે છે. રાહુલ ગાંધીએ એક વીડિયો શેર કરીને કહ્યું છે કે, કલ્પના કરો કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ ચાલી રહી છે. મેચ જોનારા, મેચ રમનારા સૌ કોઈ જાણતું હોય કે અમ્પાયર ન્યાયસંગત નથી. તો શું મેચ થઈ શકશે ? મેચમાં ભાગ લેનાર વ્યક્તિ તરીકે તમને કેવું લાગશે ? ભારતીય શેરબજાર બિલકુલ આ જ ચાલી રહ્યું છે.



છેલ્લા વર્ષોમાં મોટી સંખ્યામાં લોકો શેર બજારમાં રોકાણ કરી રહ્યા છે. ઈમાનદારીથી બચત કરેલા રૂપિયા શેર બજારમાં લગાવી રહ્યા છે. વિપક્ષ નેતા રૂપે મારી ફરજ છે કે, હું તમારૂં ધ્યાન દોરૂં કે શેર બજાર જોખમભર્યું છે કારણ કે, શેર બજારને નિયંત્રિત કરતી સંસ્થા સાથે સમજૂતી કરાઈ છે. નોંધનીય છે કે, ૧૦મી ઓગસ્ટે હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યા હતા. હિન્ડનબર્ગ દાવો હતો કે, અદાણી ગ્રુપ સાથે જોડાયેલી ઓફશોર કંપનીમાં માધબી પુરી બુચ અને તેમના પતિની ભાગીદારી હતી. શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે અદાણી સાથે સાંઠગાંઠના આરોપ પર માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચે વિસ્તૃત જવાબ આપ્યો છે. નવા જવાબમાં બુચ દંપતીએ કહ્યું છે કે, હિન્ડનબર્ગ દ્વારા જે ફંડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે રોકાણ તેમણે વર્ષ ૨૦૧૫માં કર્યું હતું. ત્યારે તેઓ બંને (માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચ) સિંગાપોરના નાગરિક હતા અને SEBIમાં જોડાયાના બે વર્ષ પહેલાં આ રોકાણ કરવામાં આવ્યું હતું.

## ક્યા બાત હૈ ?!

**રહેવા દો ! એ જંતુનાશક દવાથી મચ્છરો નહીં મરે ! લો આ લઠ્ઠો છાંટો !**



- જામી

# બિહારના સિદ્ધનાથ મંદિરમાં કાવડિયા વચ્ચે મારામારી પછી નાસભાગમાં ૭નાં મોત

(એજન્સી) જહાનાબાદ, તા. ૧૨
બિહારના જહાનાબાદ જિલ્લામાં આવેલા બાબા સિદ્ધનાથ મંદિરમાં રવિવારે રાત્રે નાસભાગ મચી ગઈ હતી જેમાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયા હતા જેમાં મોટાભાગની મહિલાઓ હતી. એક અધિકારીએ સોમવારે જણાવ્યું કે, મખદુમપુર વિસ્તારમાં મંદિરમાં બનેલી આ ઘટનામાં અન્ય ૩૫ લોકો ઘાયલ થયા છે. મૃતકોની ઓળખ પ્યારે પાસવાન (૩૦), નિશા દેવી (૩૦), પુનમ દેવી (૩૦), નિશાકુમારી (૨૧) અને સુશીલા દેવી (૬૪) તરીકે થઈ છે. એક અધિકારીએ જણાવ્યું કે, એક મહિલાની ઓળખ અજ્ઞાત છે. ઈજાગ્રસ્તોને મુકુંદાપુર અને નજીકના વિસ્તારોમાં તબીબી સુવિધાઓમાં લઈ જવામાં આવ્યા હતા જેમાં ૧૦ને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી જ્યારે અન્યો સારવાર હેઠળ છે. જિલ્લા અધિકારી અલંકૃતા પાંડેએ જણાવ્યુંકે, રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ કાવડિયાઓ વચ્ચે ઝઘડો થયો હતો જે ટૂંક સમયમાં મારામારીમાં પરિણમ્યો હતો. આ મારામારીને કારણે નાસભાગ મચી ગઈ હતી. દરમિયાન કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે બાબા સિદ્ધનાથ મંદિરના સ્વયંસેવકોએ ઝઘડનારા જૂથોને વિખેરવા માટે બળનો ઉપયોગ કર્યો હતો જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. કેટલાક કાવડિયાઓ અને મંદિરમાં એક ફૂલ વેચનાર વચ્ચે લડાઈ શરૂ થયા પછી સ્વયંસેવકોએ વિવાદને સૌહાર્દપૂર્ણ રીતે સમાપ્ત કરવાનો પ્રયાસ કરવાને બદલે લાઠીચાર્જનો આશરો લીધો તેમ સ્થાનિક મીડિયા અહેવાલોમાં જણાવાયું છે. નજરે જોનારા સાક્ષીએ જણાવ્યું કે, "ત્યાં બોલાચાલી થઈ હતી. તે અમારી સામે જ થયું હતું. અમારામાંથી ઘણા ત્યાં ફસાઈ ગયા હતા, કોઈએ મને ત્યાંથી બહાર કાઢ્યો હતો. જો હું ત્યાં એક કે બે મિનિટ વધુ ફસાઈ ગયો હોત તો હું પણ મરી ગયો હોત. આ ઘટના આ કારણે થઈ હતી. ઘટના સ્થળે પોલીસ ક્યાંય દેખાતી ન હતી, તેઓ રસ્તા પર તૈનાત હતા...મને પણ ઈજાઓ થઈ છે." શ્રાવણનો ત્રીજો સોમવાર હોવાથી મંદિર ભક્તોથી ભરેલું હતું. સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે કે, પોતાની પૂજા માટે રાહ જોઈ રહેલા લોકોની લાંબી કતાર વચ્ચે રેલિંગ તૂટી ગઈ હતી. મુખ્યમંત્રી કચેરીએ જણાવ્યું કે, "મુખ્યમંત્રીએ સૂચના આપી છે કે મૃતકના નજીકના સંબંધીઓને તાત્કાલિક રૂા. ૪ લાખની સહાય આપવામાં આવે. કુમારે જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવાનો પણ નિર્દેશ આપ્યો છે." પીડિતોના મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ પરિવારજનોને સોંપવામાં આવશે. જહાનાબાદના એસએચઓ દિવાકર કુમાર વિશ્વકર્માએ પ્રેસને જણાવ્યું હતું કે, "કુલ સાત લોકોનાં મોત થયા છે...અમે (મૃતકો અને ઘાયલ લોકોના) પરિવારના સભ્યોને મળી રહ્યા છીએ અને પૂછપરછ કરી રહ્યા છીએ...અમે જેના મૃત્યુ થયા છે તે લોકોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારબાદ અમે પોસ્ટમોર્ટમ માટે મોકલીશું. તેમણે ઉમેર્યું હતું કે ડેપ્યુટી મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. એક પીડિતાએ જણાવ્યું કે, "મંદિરમાં હાજર લોકોએ જણાવ્યું હતું કે વહીવટીતંત્ર દ્વારા વ્યવસ્થાના અભાવે નાસભાગ મચી ગઈ હતી. ભીડ વ્યવસ્થાપનમાં રોકાયેલા કેટલાક NCC (નેશનલ કેડેટ કોર્પ્સ) સ્વયંસેવકોએ ભક્તો પર 'લાઠી'નો ઉપયોગ કર્યો હતો જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિકોને ડર છે કે મૃત્યુઆંક વધી શકે છે.



> **કાવડિયા વચ્ચે મારામારી પછી મંદિરમાં હાજર સ્વયં સેવકોએ ભક્તો પર લાઠીચાર્જ કરતાં સ્થિતિ વણસી, ઘટનામાં ૩૫ લોકો ઘાયલ, મૃત્યુઆંક વધવાની દહેશત**

# કોલકાતામાં ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા : દિલ્હીની ૧૦ સરકારી હોસ્પિટલોએ અનિશ્ચિત મુદત માટે હડતાળ શરૂ કરી

(એજન્સી) કોલકાતા, તા.૧૨

કોલકાતામાં તાજેતરના એક ડોક્ટરની બળાત્કાર અને હત્યાના જવાબમાં દિલ્હીની ૧૦ જેટલી સરકારી હોસ્પિટલોએ અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી છે. સોમવાર, ૧૨ ઓગસ્ટના રોજ તમામ વૈકલ્પિક સેવાઓને અટકાવી દેવામાં આવી હતી. દેશની સૌથી મોટી હોસ્પિટલ દિલ્હી AIIMSમાં ડોક્ટરો હડતાળ પર ઊતાર્યા છે. રવિવારે સાંજે AIIMS હોસ્પિટલના કેમ્પસમાં RDA ડોક્ટરો દ્વારા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. આ ઉપરાંત સફદરજંગની રામ મનોહર લોહિયા (RML) હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટરો પણ હડતાળ પર ઉતરી ગયા છે.




OPDમાં રેસિડેન્ટ ડોક્ટરે તેમની સેવાઓ બંધ કરી દીધી છે. જો કે, ઈમરજન્સી સેવાઓ ચાલુ છે. ડોક્ટરોની માંગ છે કે, આ સમગ્ર મામલાની સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવે. દેશભરની હોસ્પિટલોમાં ડોક્ટરોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. આ ઉપરાંત દિલ્હીની લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજ, કલાવતી ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, સુચેતા કૃપાલાની હોસ્પિટલ, સફદરજંગ હોસ્પિટલ, રામ મનોહર લોહિયા હોસ્પિટલ, મૌલાના આઝાદ મેડિકલ કોલેજ સંબંધિત લોકનાયક હોસ્પિટલ, જીટીબી, દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ સહિત અન્ય ઘણી સરકારી હોસ્પિટલોએ પણ ઓપીડી સેવાઓ, વૈકલ્પિક સર્જરી અને લેબમાં કામ બંધ છે. ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન (FORDA)ના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ.શારદા પ્રસાદે જણાવ્યું હતું કે, FORDAએ ઘટનાના વિરોધમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. અમે ઈચ્છીએ છીએ કે, કોલકાતાની આર.જી. કર હોસ્પિટલમાં તપાસ પારદર્શક રીતે થાય. બાકીના આરોપીઓને જલ્દીથી પકડાવા જોઈએ અને આરોપીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ડોક્ટરની હત્યાની નિંદા કરી છે. IMAએ કહ્યું છે કે, આ મામલાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને દોષિતોને સજા મળવી જોઈએ. આ ઉપરાંત ઘટનાના કારણોની પણ તપાસ થવી જોઈએ અને તબીબોની સલામતી સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

## કોલકાતામાં દુષ્કર્મની ભયાનક ઘટના : વ્યાપક ટીકા વચ્ચે આર.જી. કર મેડિકલ કોલેજના પ્રિન્સિપાલે રાજીનામું આપ્યું

(એજન્સી) કોલકાતા, તા.૧૨

પશ્ચિમ બંગાળના કોલકાતામાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પ્રિન્સિપાલ સંદીપ ઘોષે આજે સોમવારે રાજીનામું આપી દીધું છે અને આઉટડોર કાઉન્ટર બંધ રાખવામાં આવ્યું છે, જેના કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મેડિકલ કોલેજમાં મહિલા ડોક્ટરની હત્યા કરવામાં આવી હતી. હત્યા પહેલા મહિલા પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યો હતો. આ ઘટના બાદ દેશભરમાં દેખાવો થઈ રહ્યા છે અને ડોક્ટર એસોસિએશન ન્યાયની માંગ કરી રહ્યા છે. શરૂઆતમાં આર.જી. કર મેડિકલ કોલેજના ડોક્ટરોએ વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા. આ પછી દિલ્હી એઈમ્સ સહિત દેશભરના અન્ય સ્થળો પરના ડોક્ટરો પણ આ હડતાળમાં જોડાયા છે તેમજ જમ્મુ-કાશ્મીર અને લખનૌના ડોક્ટરો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. પોલીસે આ કેસમાં તપાસ પૂર્ણ કરી આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ પોસ્ટમોર્ટમના અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. રિપોર્ટ આવ્યા બાદ આરોપીઓ સામે સુનાવણી શરૂ થશે. ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન (FORDA) અનુસાર દેશભરના લગભગ ત્રણ લાખ ડોક્ટરો આજથી અનિશ્ચિત મુદત સુધી હડતાળ પર છે.

# આર.જી. કર 'બળાત્કાર અને હત્યા' કેસ : પ્રિયંકા ગાંધીની બંગાળમાં ટીએમસી સરકારને ન્યાયની ખાતરી કરવા માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૨

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની આગેવાની હેઠળની ટીએમસી સરકારને કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર કથિત રેપ અને હત્યાના કેસમાં કડક પગલાં લેવા અને ન્યાયની ખાતરી કરવા વિનંતી કરી છે. હોસ્પિટલના સેમિનાર હોલમાં કથિત રીતે રેપ અને હત્યા કરાયેલી મહિલા અનુસ્નાતક તાલીમાર્થીનો મૃતદેહ શુક્રવારે સવારે મળી આવ્યો હતો. શનિવારે એક નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી હતી. ગુના માટે જવાબદાર લોકોને ઝડપી સજાની માંગણી સાથે જુનિયર ડોકટરો દ્વારા વિરોધ પ્રદર્શન સોમવારે ચોથા દિવસે પણ ચાલુ રહ્યું હતું, જેણે સમગ્ર પશ્ચિમ બંગાળની સરકારી હોસ્પિટલોમાં



સેવાઓને અસર કરી હતી.

પ્રિયંકા ગાંધીએ એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું કે, ''કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડૉક્ટર સાથે રેપ અને હત્યાની ઘટના હૃદયદ્રાવક છે.'' કોંગ્રેસ મહાસચિવે કહ્યું કે દેશમાં કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષા એક મોટો મુદ્દો છે અને આ માટે નક્કર પ્રયાસોની જરૂર છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું, ''હું રાજ્ય સરકારને આ કેસમાં તાત્કાલિક અને કડક પગલાં લેવા અને પીડિતાના પરિવાર અને સાથી ડૉક્ટરોને ન્યાય સુનિશ્ચિત કરવા અપીલ કરૂં છું.'' પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોમવારે કહ્યું હતું કે જો પોલીસ રવિવાર સુધીમાં કેસ ઉકેલવામાં અસમર્થ રહેશે તો તેમની સરકાર તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને સોંપશે. રાજ્ય સંચાલિત હોસ્પિટલમાં આ ઘટના પર પ્રતિક્રિયાનો સામનો કરતાં તેના આચાર્ય સંદિપ ઘોષે સોમવારે તેમના પદ અને સરકારી સેવામાંથી રાજીનામું આપ્યું હતું, જુનિયર ડોકટરોએ સ્ટાફને સુરક્ષા પ્રદાન કરવામાં નિષ્ફળ રહેવા બદલ તેમની હટાવવાની માંગ કરી હતી.

# આર.જી. કર હોસ્પિટલની હત્યાનો ભોગ બનેલ ડોક્ટરના નિવાસ સ્થાનની મુલાકાત લેતા મમતા, જો પોલીસ રવિવાર સુધીમાં બળાત્કાર-હત્યા કેસ હલ ન કરી શકે તો CBIને તપાસ સોંપવાનું મુખ્યમંત્રીનું અલ્ટીમેટમ

(એજન્સી) કોલકાતા, તા.૧૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની દુષ્કર્મ બાદ હત્યાનો ભોગ બનેલી ડોક્ટરના નિવાસની મુલાકાત લીધી હતી. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, જો પીડિતાના પરિવારની ઈચ્છા હોય તો સીબીઆઈને તપાસ સોંપવામાં મને કોઈ વાંધો નથી. ડોક્ટરના માતા-પિતા અને પરિવારજનોને મળ્યા બાદ મુખ્યમંત્રીએ આ ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો પોલીસ ૧૮ ઓગસ્ટ રવિવાર સુધીમાં કેસનો ભેદ હલ નહીં કરી શકે તો સીબીઆઈને તપાસ સોંપી દેવામાં આવશે. ગત ૯ ઓગસ્ટે સવારે અનુસ્નાતક તાલીમી ડોક્ટર યુવતીનો મૃતદેહ સેમિનાર હોલમાંથી મળી આવ્યો હતો. ડોક્ટર ગુરૂવારે ૮ ઓગસ્ટે કોલેજની ઈમરજન્સી બિલ્ડિંગના ચોથા માળે આવેલા સેમિનાર હોલમાં નાઈટ ડ્યુટી પર હતી ત્યારે પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ડોક્ટર પર બળાત્કાર કરીને તેની હત્યા કરી નાખ્યા બાદ આરોપી કપડાં ધોઈને આરામથી



સૂઈ ગયો હતો, ૧૦ ઓગસ્ટે આરોપીની ધરપકડ કરી લીધી હતી. આ ઘટનાને પગલે દેશ ભરના તબીબોમાં ભારેરોષ જાગ્યો છે. કામના સ્થળે સુરક્ષાની માગણી સાથે અને પીડિતાને ન્યાય અપાવવા તબીબો દેખાવો કરી રહ્યા છે.

# સુધા મૂર્તિ જેમણે પોતાના પતિને ૭.૩૪ લાખ કરોડ રૂપિયાની કંપની સ્થાપિત કરવા માટે ૧૦,૦૦૦ રૂપિયાની લોન આપી

(એજન્સી) તા.૧૨

૧૯૮૧માં ભારતીય આઈટી ક્ષેત્રમાં એકશાંત ક્રાંતિ શરૂ થઈ જેનું નેતૃત્વ કોઈ પુરૂષે નહીં પરંતુ એક મહિલાએ કર્યું, જેને પોતાના પતિના સ્વપ્નાઓ પર વિશ્વાસ હતો. સુધા મૂર્તિ જેમણે ભારતમાં પ્રથમ મહિલા મિકેનિકલ એન્જિનિયર તરીકે પહેલાની પ્રથા તોડી નાખી અને એક સાહસિક પગલું ભર્યું. તેમણે પોતાના વ્યક્તિગત ઈમરજન્સી ફંડમાંથી ૧૦,૦૦૦ રૂપિયા પોતાના પતિ નારાયણ મૂર્તિને સોંપી દીધા. જેથી ઈન્ફોસિસને ગતિ મળી શકે એક કંપની જેની કિંમત ૭.૩૪ લાખ કરોડ રૂપિયા છે.

પરંતુ સુધા મૂર્તિ કોણ છે તે મહિલા જેના શરૂઆતી રોકાણે ભારતની સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓમાંથી એકને જન્મ આપ્યો ? કર્ણાટકના એક નાના શહેરમાંથી ઘર-ઘરમાં પ્રસિદ્ધ થવા સુધીનો તેમની સફર કોઈ પ્રેરણાથી ઓછી નથી.



હુબલીમાં એક મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલ સુધા મૂર્તિએ તે સમયે મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી લૈંગિક અડચણોને તોડી જ્યારે મહિલાઓ માટે આ ક્ષેત્રમાં પ્રવેશ કરવો વણસાંભળેલું હતું. પછી તેમણે ભારતીય વિજ્ઞાન સંસ્થામાંથી કોમ્પ્યુટર વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી મેળવી, જ્યાં તેમને ઘર અને કોલેજ બંને સ્થળોએ પડકારો અને પ્રતિરોધનો સામનો કરવો પડ્યો. આ અડચણો છતાં તેમણે દૃઢતાથી કામ કર્યું અને ટાટા મોટર્સમાં કામ કરનારી પ્રથમ મહિલા એન્જિનિયર બની, જેનો શ્રેય તેમને જેઆરડી ટાટાને લખેલા એક આકરા શબ્દોવાળા પત્રને જાય છે, જેમાં તેમણે ભરતી પ્રક્રિયામાં લૈંગિક ભેદભાવનો વિરોધ કર્યો હતો.

સુધા મૂર્તિના જીવનમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે તેમની મુલાકાત નારાયણ મૂર્તિ સાથે થઈ. તેમણે ટાટા મોટર્સમાં પોતાની પ્રતિષ્ઠિત નોકરી છોડીને તેમના ઉદ્યમશીલતાના કામમાં મદદ કરી. ૧૯૮૧માં ઈન્ફોસિસનો જન્મ સુધાના ૧૦,૦૦૦ના યોગદાનથી થયો. આ રકમ તેમના પતિના વિઝનમાં તેમના વિશ્વાસનું પ્રતીક હતી.

# શું ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તેમના બંધારણીય શપથનું ઉલ્લંઘન કર્યું છે ?

## આ ખુલ્લા પત્રમાં પ્રોફેસર શમસુલ ઈસ્લામે ખુલાસો કર્યો છે કે, કેવી રીતે રાજ્યસભામાં RSSનો મહિમા કરીને ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તેમના બંધારણીય શપથનું ઉલ્લંઘન કર્યું છે !

(એજન્સી) તા.૧૨

મહામહિમ જગદીપ ધનખડ,
ભારતના ઉપરાષ્ટ્રપતિ

આદરણીય સાહેબ, આપને એ યાદ અપાવવાની જરૂર નથી કે તમે ભારતીય બંધારણની કલમ ૬૯ હેઠળ શપથ લીધા પછી ભારતીય પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિ પદ પર છો. હું કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણમાં સાચો વિશ્વાસ અને નિષ્ઠા રાખીશ અને જે ફરજ માટે હું નિયુક્ત થયો છું તે હું નિભાવીશ. ઉપરાષ્ટ્રપતિ તરીકે, મહામહિમ રાજ્યસભાના હોદ્દેદાર અધ્યક્ષ પણ છે.

સર, તે દુઃખદ છે કે, સમાજવાદી પાર્ટીના નેતા રામજીલાલ સુમનની ટીકાના જવાબમાં તમે ૩૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજ્યસભામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)નો મહિમા કર્યો હતો. એ એવી વાત હતી કે, RSS સાથે જોડાયેલા વ્યક્તિઓની આરએસએસના ઉચ્ચ અધિકારીઓની ભલામણ બાદ શૈક્ષણિક સંસ્થાઓમાં નિર્ણાયક પદો પર નિમણૂક કરવામાં આવી રહી છે. સંબંધિત મંત્રીને જવાબ આપવાને બદલે તમે કહ્યું કેઃ RSSએ એક એવી સંસ્થા છે જે સર્વોચ્ચ ક્રમની વૈશ્વિક થિંક ટેન્ક છે. હું માનનીય સભ્યને રાષ્ટ્રીય સેવા કરતી સંસ્થાને અલગ કરવાની મંજૂરી આપીશ નહીં. RSS એક એવી સંસ્થા છે જેને આ રાષ્ટ્રની વિકાસ યાત્રામાં ભાગ લેવાનો સંપૂર્ણ બંધારણીય અધિકારો છે. આ સંસ્થામાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ નિઃસ્વાર્થપણે રાષ્ટ્રની સેવા કરવા માટે પ્રતિબદ્ધ છે. આ સંસ્થાના સભ્ય રાષ્ટ્રની વિકાસયાત્રામાં ભાગ લઈ શકતા નથી તે માત્ર ગેરબંધારણીય નથી પરંતુ નિયમોની બહાર છે. જો આપણે આ રીતે અપવાદ લઈએ તો તે અલોકતાંત્રિક પરિસ્થિતિઓનું સૂચક છે. તે આપણા બંધારણની પ્રસ્તાવનાની વિરુદ્ધ છે. આવા વિભાજનકારી વલણ અપનાવીને આપણે રાષ્ટ્ર અને બંધારણનું મોટું નુકસાન કરી રહ્યા છીએ, મને લાગે છે કે, લોકો વિભાજનકારી પ્રવૃત્તિઓમાં વધુને વધુ સામેલ થઈ રહ્યા છે. આ ઘાતક છે, જે દેશના વિકાસને નબળો પાડવા માટે એક ભયંકર મિકેનિઝમ છે.

સર, જ્યારે RSS સંબંધિત રાજ્યસભાના વરિષ્ઠ સભ્ય દ્વારા પક્ષપાત અને ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ત્યારે તમે ચેતવણી આપવા સુધી પહોંચી ગયા કે આ સદસ્ય ભારતના બંધારણને નષ્ટ કરી રહ્યો છે.

મહામહિમ, તમે આરએસએસને એક સંસ્થા તરીકે વખાણ્યું છે જે સૌથી વધુ ક્રમની વૈશ્વિક થિંક ટેન્ક અને રાષ્ટ્રીય સેવા કરી રહી છે અને નિઃસ્વાર્થપણે રાષ્ટ્રની સેવા કરવા માટે પ્રતિબદ્ધ



છે. સાહેબ, મને આઘાત લાગ્યો છે કે, ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે તમે વિશ્વની સૌથી મોટી લોકશાહીના સંસદ ભવનમાં એક એવી સંસ્થાના વખાણ કર્યા છે જેણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં તેની સર્વસમાવેશકતા માટે ભાગ લીધો ન હતો, આપણા ગૌરવશાળી સ્વતંત્રતા સંગ્રામના શહીદોને બદનામ કર્યા હતા. લોકશાહી-ધર્મનિરપેક્ષ ભારતીય રાજનીતિ પ્રત્યે વફાદાર નથી, ત્રિરંગાને રાષ્ટ્રીય ધ્વજ તરીકે નકારી કાઢ્યો હતો. ભારતીય બંધારણ તરીકે મનુસ્મૃતિની માગણી કરતા ભારતીય બંધારણને વખોડી કાઢ્યું છે. હજુ પણ હિંદુ ધર્મ અને જાતિવાદને સમાનાર્થી તરીકે જાહેર કરે છે અને શીખ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ સ્વતંત્ર ધર્મો હોવાના દાવાને નકારે છે.

હું તમારા સંદર્ભ માટે RSS આર્કાઈવ્સમાંથી ઉપરોક્ત ચોંકાવનારા તથ્યો રજૂ કરી રહ્યો છું.

આરએસએસ હિન્દુ રાજ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આરએસએસ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી પ્રાર્થના અને પ્રતિજ્ઞા એ લોકશાહી-ધર્મનિરપેક્ષ ભારતીય રાજનીતિ પ્રત્યેની વફાદારીના વિરોધમાં હિંદુ ધર્મ, હિંદુ રાષ્ટ્ર અને હિંદુ કારણ પ્રત્યેના સભ્યોની પ્રતિબદ્ધતાની માંગ કરે છે. આરએસએસએ ત્રિરંગાની નિંદા કરી છે. આદરણીય સાહેબ, ત્રિરંગો આપણો રાષ્ટ્રધ્વજ છે. જેને લઈને હજારો ભારતીય દેશભક્તોએ પોતાનો જીવ અર્પણ કર્યો હતો. આરએસએસએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે દગો કર્યો હતો. મહામહિમ, અસહકાર ચળવળ (૧૯૨૦-૨૨) અને ભારત છોડો ચળવળ (૧૯૪૨)એ ભારતીય સ્વતંત્રતા ચળવળના ઈતિહાસમાં બે મહાન સીમાચિહ્નો હતા, પરંતુ આરએસએસ માત્ર આમાંથી જ નહીં પરંતુ અન્ય સંસ્થાનવાદ વિરોધી ઝુંબેશથી પણ દૂર રહ્યું હતું. ગુરૂ ગોલવલકર ઈચ્છતા હતા કે, ભારતીયો અમાનવીય બ્રિટિશ શાસકોના કઠોર અને દમનકારી કાયદાનો આદર કરે ! RSSએ ગાંધીજીની હત્યાની ઉજવણી કરી હતી. મહામહિમ, હું આશા રાખું છું કે, તમે જાણતા હશો કે નાથુરામ ગોડસે અને અન્ય જેમણે ગાંધીજીની હત્યાનું કાવતરૂં ઘડ્યું હતું, તેઓ 'હિંદુ રાષ્ટ્રવાદી' હોવાનો દાવો કરે છે. તેઓએ હત્યાને ભગવાન દ્વારા નિર્ધારિત તરીકે વર્ણવ્યું હતું. આરએસએસએ મીઠાઈઓ વહેંચીને તેમની હત્યાની ઉજવણી કરી હતી. આદરણીય સર, ગાંધીજીની હત્યા RSS દ્વારા રાષ્ટ્રનિર્માણનો એક ભાગ હતો. હું આશા રાખું છું કે તમે તેની નોંધ લેશો. મુસ્લિમો અને ખ્રિસ્તીઓને 'આંતરિક ધમકીઓ' તરીકે ગણવામાં આવે છે.

RSS કાર્યકર્તાઓ માટેના 'પવિત્ર' પુસ્તક બંચ ઓફ થોટ્સમાં 'આંતરિક ધમકીઓ' નામનું લાંબું પ્રકરણ છે જેમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓને અનુક્રમે ખતરા નં.૧ અને ૨ તરીકે વર્ણવવામાં આવ્યા છે.

**શીખ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સ્વતંત્ર ધર્મો નથી :** આદરણીય સાહેબ, આરએસએસ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓને સ્થળાંતરિત અથવા વિદેશી તરીકે માને છે અને તેમના શુદ્ધિકરણની માંગ કરે છે કારણ કે, આ બંને ધર્મોને વિદેશી ધર્મો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જો કે, આરએસએસને શીખ ધર્મ, બૌદ્ધ અને જૈન ધર્મ જેવા ભારતીય ધર્મો પ્રત્યે કોઈ આદર નથી કારણ કે, આને સ્વતંત્ર ધર્મો તરીકે ગણવામાં આવતા નથી પરંતુ હિન્દુ ધર્મનો એક ભાગ છે. આરએસએસનું માનવું છે કે, દક્ષિણ ભારતીય હિંદુઓ હલકી જાતિના છે : ઉપરાષ્ટ્રપતિ સાહેબ, આ આઘાતજનક છે કે, તમે RSSનો મહિમા કરો છો જે એક જાતિવાદી સંગઠન છે. આદરણીય ઉપરાષ્ટ્રપતિ સાહેબ, આરએસએસના તમારા મહિમાનો અર્થ એ છે કે, તમે મહિલા વિરોધી આરએસએસને પણ સમર્થન આપો છો. આરએસએસ એ એક વિશિષ્ટ પુરૂષ સંગઠન છે અને તેના સભ્યોને સ્વયંસેવકો તરીકે વર્ણવવામાં આવે છે. સર, હું તમને વિનંતી કરૂં છું કે આરએસએસના આ પુરૂષ અંધત્વવાદી વલણ વિશે તમારા પ્રતિભાવ વિશે રાષ્ટ્રને જાણ કરો. મહામહિમ, ભારતીય લોકશાહી માટે એ દુઃખદ સમય છે કે, ભારતીય પ્રજાસત્તાકના ઉચ્ચ બંધારણીય અધિકારીઓ ભારતીય સંસદના મંચનો ઉપયોગ એક રાષ્ટ્રવિરોધી અને અસામાજિક સંગઠનને વખાણવા માટે કરી રહ્યા છે. એક ભારતીય તરીકે હું તમારી પ્રામાણિકતા અને વિવેકની ભાવના સાથે અપીલ કરૂં છું કે, તમે ભારતીય પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળતી વખતે લીધેલા શપથને વફાદાર રહેશો. આરએસએસના દૃષ્ટિકોણમાં વિશ્વાસ ધરાવતી કોઈપણ વ્યક્તિ વર્તમાન ભારતીય બંધારણીય રાજનીતિને વફાદાર ન હોઈ શકે.

**સાદર,**
**- શમસુલ ઈસ્લામ**
**(સૌ. :- સબરંગઈન્ડિયા. ઈન)**

# હિન્ડનબર્ગ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે : કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ

(એજન્સી) તા.૧૨

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે સોમવારે જણાવ્યું કે કોંગ્રેસ સાથે મળીને હિંડનબર્ગ સંશોધને દેશને બદનામ કર્યો છે અને અમેરિકન શોર્ટ સેલર સામે 'સખત કાર્યવાહી' કરવામાં આવશે. હિંડનબર્ગ શનિવારે માર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન માધાબી બુચ સામે સખત રીતે બહાર આવ્યું હતું અને આરોપ મૂક્યો હતો કે તેણી અને તેના પતિ ધવલ અદાણી મની સિફનિંગ કૌભાંડમાં ઉપયોગમાં લેવાતા શંકાસ્પદ ઓફશોર ફંડમાં હિસ્સો ધરાવે છે. બંનેએ આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે તેમની આર્થિક સ્થિતિ ખુલ્લી કિતાબ છે. અદાણી સમુહે તાજેતરના આક્ષેપોને દૂષિત ગણાવ્યા હતા અને જાહેર માહિતીની પસંદગીના મેનીપ્યુલેશન પર આધારિત હતા. કંપનીએ જણાવ્યું કે સેબીના ચેરમેન અથવા તેમના પતિ સાથે તેનો કોઈ વ્યવસાયિક સંબંધ નથી. અહીં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતી વખતે કેન્દ્રીય કાપડ મંત્રી સિંહે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને જયરામ રમેશ પર પણ નિશાન સાધ્યું હતું. સિંહે જણાવ્યું કે, 'આ એક ગેંગ છે જે દેશને બદનામ કરે છે, રાહુલ (ગાંધી) અને જયરામ રમેશ. હિંડનબર્ગ અમને બદનામ કરે છે. અમે દેશનું આ અપમાન સહન નહીં કરીએ. આ લોકો દેશના દુશ્મન છે. હવે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. કડક પગલાં લેવામાં આવશે.' ગાંધીજીને 'મોટા પિતાના પુત્ર' ગણાવતા મંત્રીએ જણાવ્યું કે, 'રાહુલને દેશની સ્થિતિ અને દિશા વિશે કંઈ જ ખબર નથી.' તેમણે ચેતવણી આપી કે દેશવાસીઓએ એવા લોકોથી 'સાવચેત' રહેવું જોઈએ જેઓ ભ્રમ અને ભય પેદા કરવાનો પ્રયાસ કરે છે. હિંડનબર્ગ મામલામાં જેપીસી તપાસની કોંગ્રેસની માંગ અંગે પૂછવામાં આવતા સિંહે જણાવ્યું કે,



'હિંડનબર્ગની પાછળ કોંગ્રેસ છે. હિંડનબર્ગ ભારતને બરબાદ કરવા માટેનું એક સાધન છે અને રાહુલ ગાંધી જેવા લોકો તેમાં સામેલ છે.' લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે હિંડનબર્ગના તાજેતરના અહેવાલમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના વડા માધાબી બુચ પર લાગેલા આરોપોની સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) તપાસની માંગ કરી હતી. હિંડનબર્ગ દ્વારા કરાયેલા તાજેતરના આક્ષેપોને પગલે કોંગ્રેસના નેતાએ ભારતના શેરબજારની અખંડિતતા અંગે કડક ચેતવણી આપી હતી. સિંહે જણાવ્યું કે, રાહુલ ગાંધી વિદેશમાં જઈને પણ દેશને બદનામ કરે છે. ઘરે રહીને તેઓ (રાહુલ) દેશવાસીઓમાં ભ્રમ અને ભય પેદા કરે છે. દેશવાસીઓએ આવા લોકોથી સાવધ રહેવું જોઈએ. ભ્રમ પેદા કરવો એ રાષ્ટ્ર વિરોધીઓનું કામ છે. 'તે કરી શકાય છે. આ વાજબી નથી, કોઈ દેશભક્ત આ કરી શકે નહીં.' તેઓ અહીં 'હેન્ડલૂમ એક્સ્પો' પ્રસંગે બોલી રહ્યા હતા.

# ભારતીય એન્જિનિયર આદિત્ય અગ્રવાલ જેમણે માર્ક ઝુકરબર્ગના ફેસબુકનું સર્ચ એન્જિન બનાવ્યું

(એજન્સી) તા.૧૨

જ્યારે સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપની ફેસબુક અત્યારે નવી નવી શરૂ થઈ હતી. ત્યારે ભારતીય એન્જિનિયર આદિત્ય અગ્રવાલ પોતાનું સ્થાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. નોકરીના માત્ર એક અઠવાડિયા પછી મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે આદિત્ય અગ્રવાલ માટે પડકાર સ્વીકારી લીધો જેમણે પછી ફેસબુકને શ્રેષ્ઠ સર્ચ એન્જિન બનાવ્યું. આદિત્ય અગ્રવાલે વાતો સંભળાવી અને જણાવ્યું કે કેવી રીતે તે ૩૦ સેકન્ડ તેમના જીવનની દિશા બદલી નાખી. માર્ક ઝુકરબર્ગ ઓન લામા, એઆઈ, એન્ડ માઈનસ વનમાં ભાગ લેતા આદિત્ય અગ્રવાલે ખુલાસો કર્યો કે તે પ્રથમ વખત માર્ક ઝુકરબર્ગને ૨૦૦૫માં એક



પારસ્પારિક પરિચિત માધ્યમથી મળ્યા હતા. આદિત્ય અગ્રવાલે ફેસબુક માટે માર્ક ઝુકરબર્ગના વિઝનથી પ્રેરિત થવા અને શરૂઆતી એન્જિનિયર તરીકે કંપનીમાં સામેલ થવાને યાદ કર્યું. નોકરીના એક અઠવાડિયા પછી જ માર્ક ઝુકરબર્ગે આદિત્ય અગ્રવાલને જણાવ્યું કે તે કોઈ ટીમની મદદ વિના સર્ચ એન્જિન બનાવવાનું કામ પૂર્ણ કરે. તેમણે પડકાર સ્વીકાર કર્યો અને સર્ચ એન્જિન વિકસિત કર્યું જેણે ફેસબુકને બદલી દીધું. આદિત્ય અગ્રવાલે ખુલાસો કર્યો કે તેમણે માર્ક ઝુકરબર્ગને સર્ચ એન્જિન વિકસિત કરવા માટે ગૂગલ અથવા યાહુમાંથી કોઈની નિમણૂક કરવાની સલાહ આપી હતી. જો કે મેટાના સીઈઓએ તેમને જણાવ્યું 'યાર હું ફેસબુક બનાવી શકું છું તો તમે પણ એક સર્ચ એન્જિન બનાવી શકો છો. આદિત્ય અગ્રવાલે ૨૦૧૦માં ફેસબુક છોડી દીધું હતું અને ત્યારથી તેમનું કરિયર ઉલ્લેખનીય રહ્યું છે. તેમણે અનેક ટેક્નિકલ કંપનીઓમાં મહત્ત્વપૂર્ણ પદો પર કામ કર્યું છે.

### સ્થળેથી કુલ ૯ નમૂના લઈ ચકાસણી માટે મોકલી અપાયા

# બનાવટી કોસ્મેટીકસ પ્રોડકટનું ઉત્પાદન કરતી ફેકટરી પકડાઈ

## સુરતના પુણાગામ ખાતે ફેકટરીથી રૂા.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં અખાદ્ય પદાર્થો-ભેળસેળ યુકત પદાર્થોના ધિકતા હોવાની સાથે બનાવટી તથા ગેરકાયદેસર ચીજ-વસ્તુનું ઉત્પાદન બેફામ રીતે થઈ રહ્યા જ બનાવો સતત બની રહ્યા છે. જેમાં હવે સુરતના પુણાગામ ખાતે વગર પરવાને વિવિધ કોસ્મેટીક બનાવટોનું ઉત્પાદન કરતી ફેક્ટરી પકડી પાડીને તંત્ર દ્વારા શંકાસ્પદ કોસ્મેટીક બનાવટના કુલ ૯ નમુના લઈ ચકાસણી માટે મોકલી અપાયા છે અને રૂ.૨૩.૭૦ લાખનો બનાવટી કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરાયો છે

ખોરાક અને ઓષધ નિયમને તંત્રના વાય.જી. દરજી, નાયબ કમિશ્નર (ચા.શા) ના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાત રાજયની ફ્લાઈંગ સ્કોડના અધિકારી ડૉ. પી. બી. પટેલ મુખ્ય કચેરી, ગાંધીનગરના અને પ્રકાશ પૃસનાની, મદદનીશ કમિશ્નર, સુરત, તથા સુરત , ભરુચ અને વલસાડ તંત્રના અન્ય અધિકારીઓ એ સાથે રહી ગેરકાયદેસર પગર પરવાને ઉત્પાદન કરતા કોસ્મેટીકની ફેકટરીમાં દરોડા પાડવામાં અવ્યા હતા. જેમાં

(૧) સ્મિત એન્ટરપ્રાઈઝ, મોટા વરાછા, સુરત દ્વારા વગર પરવાને અન્ય કંપનીના નામ, સરનામા તથા અન્યના લાયસન્સ નંબરનો ઉપયોગ કરી કોસ્મેટીક બનાવટનું ઉત્પાદન કરતા તેના માલીક હિંમત વિઠલભાઈ વડાલીયાને ઝડપી પાડીને રૂ. ૪.૩૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે તથા ૪ સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપ્યા છે. આ ઉપરાંત આજ ટીમ દ્વારા સી.કે કોર્પોરેશન, પુણાગામ ખાતે અલગ અલગ બ્રાન્ડની લેબલવાળી કોસ્મેટીક બનાવટોનો જથ્થો મોટી માત્રામાં મળી આવેલ. જેમાં તેઓ દ્વારા પ્રીશીલ લેબોરેટરી, વડોદરા ના નામ, સરનામા તથા લાયસન્સ નંબરનો તેઓની જાણ બહાર ઉપયોગ કરી કોસ્મેટીકનું ઉત્પાદન તેમજ પોતાના નામનું ઉત્પાદન કરી એમેઝોન, ફલીપકાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પર કોસ્મેટીકનુ વેચાણ કરતા નિકુલ ભીમજીભાઈ રુખીને પકડી પાડીને આશરે રૂ.૨૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે અને પાંચ સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપેલ છે. તંત્રની તપાસ દરમ્યાન અધિકારીઓએ ૯ નમુનાઓ નિયત ફોર્મ હેઠળ લઈ પૃથ્થકરણ અર્થે વડોદરાની લેબ ખાતે ચકાસણી અર્થે મોકલી આપ્યા છે. વધુમાં વિભાગમાં ડૉ. એચ. જી. કોશીયાએ જણાવ્યું છે આ ફેકટરીની તપાસ દરમ્યાન હકીકત ખુલેલ છે કે કોઈપણ જાતના પરવાના વગર ગેરકાયદેસર રીતે ગુણવત્તા વગરની કોસ્મેટીક બનાવટનું ઉત્પાદન તેમજ વેચાણ કરી જાહેર જનતાના આરોગ્ય તથા જીવન જોખમાય તેવું ખુબ જ ગંભીર કૃત્ય કર્યુ છે અને આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### "આ તે સ્માર્ટ સિટી કે ભૂવા સિટી"?

# અમદાવાદમાં છેલ્લા ચાર વર્ષમાં પડેલા ૩૧૯ ભૂવા પૂરવા માટે અધધધ...રૂ.૪૮ કરોડનો ખર્ચ થયો

## ભાજપના સત્તાધીશોએ રોડ-રસ્તા માટે નીત નવા અખતરા કરી પ્રજાને લોલીપોપ આપી : વિપક્ષના નેતા

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા દર વર્ષે આશરે અમદાવાદ શહેરના નગરજનોને સારા રોડ રસ્તાની સુવિધા મળી રહે તેવા ઉદ્દેશથી નવા રોડ બનાવવા, જુના રોડ રીસરફેસ કરવા તથા પેચવર્કના કામો માટે દર વર્ષે રૂા.૧૦૦૦ કરોડના રોડના કામો માટે ખર્ચ કરવામાં આવે છે. તેમ છતાં છેલ્લા ચાર વર્ષમાં ૩૧૯ જેટલા મોટા ભુવા (બ્રેકડાઉન) પડેલ છે તેમ વિગતો આપતા અ.મ્યુ. કો.ના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર ભુવાનગરી બની જવા પામેલ છે તે ભુવા પડયા બાદ તેને પુરવા માટે અંદાજે ૧૫.૦૦ લાખથી ૨૦.૦૦ લાખનો ખર્ચ થાય છે જેથી તે ભુવાઓ પુરવા માટે અંદાજે ૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો આ તમામ ખર્ચ પ્રજાના પરસેવાના ટેક્ષના નાણામાંથી થતો હોય છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તંત્ર તથા સત્તાધીશોની ભ્રષ્ટાચાર આચરવાને કારણે અમદાવાદ શહેર ભાજપ દ્વારા કહેવાતા સ્માર્ટ સિટી સાચા અર્થમાં ભુવા સિટી બની જવા પામેલ છે રોડના કામોમાં થતા ભ્રષ્ટાચારના હીન

છેલ્લા ૪ વર્ષમાં પડેલ બ્રેકડાઉનની સમરી

| અનું.નં. | ઝોન | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ૬ | ૬ | ૯ | ૭ | ૨૮ |
| ૨ | પશ્ચિમ ઝોન | ૦ | ૩ | ૩૭ | ૯ | ૪૯ |
| ૩ | પૂર્વ ઝોન | ૪ | ૧૪ | ૧૭ | ૫ | ૪૦ |
| ૪ | દક્ષિણ ઝોન | ૮ | ૧૦ | ૩૩ | ૫ | ૫૬ |
| ૫ | મધ્ય ઝોન | ૯ | ૧૪ | ૨૫ | ૨ | ૫૦ |
| ૬ | દક્ષિણ પશ્ચિમ ઝોન | ૫ | ૮ | ૧૬ | ૪ | ૩૩ |
| ૭ | ઉત્તર પશ્ચિમ ઝોન | ૧૭ | ૨૪ | ૨૧ | ૧ | ૬૩ |
| | કુલ ટોટલ | ૪૯ | ૭૯ | ૧૫૮ | ૩૩ | ૩૧૯ |

પ્રયાસોને છુપાવવા સત્તાધીશો દર વર્ષે નીત નવા ગતકડા લાવે છે જેમ કે પહેલા ડસ્ટ ફ્રી રોડ પછી વોલ ટુ વોલ રોડ, મોડેલ રોડ, પછી પ્લાસ્ટીક રોડ, વ્હાઈટ ટોપિંગ રોડ અને હવે આઈકોનિક રોડ ! તેમ છતાં તંત્રને તથા ભાજપના સત્તાધીશોને હજુ સુધી ખબર નથી કે કયાં રોડ સારા અને ટકાઉ રહેશે. જેથી આવા નીત નવા અખતરાં કરી પ્રજાને લોલીપોપ આપી ભ્રષ્ટાચાર આચરવાના નીત નવા અખતરાં સત્તાધીશો દ્વારા કરવામાં આવે છે. જેથી આ સમગ્ર બાબતને લઈને મ્યુનિ. કાઉન્સિલરો દ્વારા વિવિધ કક્ષાએ રજૂઆતો કરેલ તેમજ હાઈકોર્ટ દ્વારા વારંવાર ફટકાર આપી હલકી ગુણવત્તાને કારણે ધોવાઈ ગયા છે કે તૂટી ગયા છે તે બાબતે તપાસ કરવાનો આદેશ પણ આપેલ તેમ છતાં તંત્ર તથા સત્તાધીશો સુધરવા માટે કોઈ કોશિશ કરવામાં આવતી નથી. જેને કારણે દિનપ્રતિદિન ભુવા પડવાના તેમજ રોડ તુટવાનું પ્રમાણ વધતું જાય છે જે ભાજપના ભ્રષ્ટાચારની પારાશીશી કહી શકાય તાજેતરમાં ૬૦૦ કરોડના રોડના કામ એક જ કોન્ટ્રાકટર આર.કે. સી.ઈન્ફ્રા નામની કંપનીને ભાવવધારો કરીને આપીને આપવામાં આવેલ છે દર વર્ષે ચોમાસાની શરૂઆત થતા જ તંત્ર તથા સત્તાધીશોની ભ્રષ્ટાચાર આચરવાની સીઝન પુર જોશમાં ફાટી નીકળે છે જે કડવી વાસ્તવિકતા છે. કામોમાં થતી ગેરરીતિ તથા ભ્રષ્ટાચારને તાકીદે રોકી પ્રજાને સારી અને ઉત્તમ ગુણવતાવાળા ટકાઉ રોડ મળી રહે તેવા રોડ બનાવવા તેમજ રોડની બદતર હાલત તથા ભુવા પડવાની સમસ્યાઓમાંથી અમદાવાદની પ્રજાને કાયમી મુક્તિ મળે તે માટેની યોગ્ય કાર્યવાહી તાકીદે કરવા કોંગ્રેસની માગણી છે.

### અડધું રાજ્ય સાવ કોરૂધાકોર અડધામાં જળબંબાકાર

# ગુજરાતમાં વરસાદની પેટર્ન બદલાવા પાછળ ગ્લોબલ વોર્મિંગ જવાબદાર

અમદાવાદ,તા.૧૨

રાજ્યમાં આ વર્ષે વરસાદની વિશિષ્ટ આવનજાવન નોંધાઈ છે. એકબાજુએ અડધા ગુજરાતમાં સતત વરસાદ હતો અડધુ ગુજરાત સાવ કોરુંધાકોર હતું. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા સતત ધબધબાટી બોલાવી રહ્યાં છે. પરંતુ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદની ખેંચ વર્તાઈ રહી છે. ક્લાઈમેટ ચેન્જની ગુજરાતની વરસાદી પેટર્ન પર મોટી અસર થઈ છે.

ગુજરાતની જે વરસાદી પેટર્ન બદલાઈ છે, તે સૌથી વધુ ખેડૂતો માટે ચિંતાજનક છે. આપણા દેશમાં ચોમાસા સમયે ખરીફ પાકની વાવણી થતી હોય છે. ત્યારે નિષ્ણાતોનું કહેવું છે કે, આવુ જ રહેશેતો ગુજરાતમાં પૂરની સ્થિતિમાં પણ વધારો થશે અને સાથે જ ખેડૂતોને પણ મોટું નુકસાન જશે. ખેડૂતો માટે માપસરનો વરસાદ ફાયદાકારક છે, પરંતુ અતિભારે વરસાદ નુકસાની વેરી શકે છે. વરસાદને કારણે ખેતીના પાક પર પણ અસર થાય છે.

ક્લાયમેટ ચેન્જના કારણે ગુજરાતમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. હવે ગુજરાતમાં અતિથી અતિ ભારે વરસાદ એટલે કે સતત ૮ ઈંચથી વધુ વરસાદ પડવાની ઘટનાઓમાં ઘટાડો થયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે વરસાદ પડવાની પેટર્ન બદલાઈ છે. જ્યાં પડે ત્યાં ખૂબ જ વરસાદ પડે છે અને જ્યાં નથી પડતો ત્યાં જરાય નથી પડતો.

તાપમાન અને પવનની પેટર્નમાં થયેલા ફેરફારની અસર પડી છે. વરસાદની નબળી પેટર્ન માટે આ તમામ પરિબળો જવાબદાર છે. ક્લાઈમેટ ચેન્જના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું પ્રમાણ વધ્યું છે. જો આવી સ્થિતિ રહી તો આ વિસ્તારોમાં આગામી સમયમાં પૂર આવવાની શક્યતા વધી જશે. એકસાથે પડતો ભારે વરસાદ ખેતી પાકને નુકસાન પહોંચાડી રહ્યો છે.

આવું કેમ થયું તેનું મોટું કારણ ગ્લોબલ વોર્મિંગ છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ગુજરાતમાં વરસાદનું આખું ચિત્ર બદલાઈ ગયું છે. જ્યાં વરસાદ આવે છે, ત્યાં સતત અને એકધારો વરસાદ છે. પરંતુ જ્યાં નથી ત્યાં માંડ છાંટા પડીને બંધ થઈ જાય છે.

## AMC બે રાઈઝિંગ લાઈન નાખી ગંદા પાણીનો નિકાલ કરશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નરોડા, સરદારનગર, હાંસોલ, સૈજપુર કુબેરનગર સહિત આસપાસના વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ગટરો ઉભરાવવાની તેમજ વરસાદી પાણી ભરાવાની સમસ્યાના નિવારણ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૨.૭૨ કરોડના ખર્ચે કુબેરનગર ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનથી કોતરપુર STP સુધી ૯૦૦ ડાયા મીમીની રાઈઝિંગ મેઈન લાઈન તેમજ નોબલનગરથી ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન કોતરપુર STP સુધી ૮૦૦ ડાયા મીમીની રાઈઝિંગ લાઈન નાંખવામાં આવશે.

આ લાઈન નાખ્યા બાદ સાબરમતી નદીમાં ટ્રીટ કરેલું શુદ્ધ પાણી ઠલવાશે અને પ્રદૂષણની પણ સમસ્યા ઘટશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આ પમ્પિંગ સ્ટેશનનું પાણી નરોડા પાટિયા થઈને પીરાણા જતી મેઈન ગ્રેવિટી લાઈનમાં જોડાણ આપવામાં આવશે. કુબેરનગર તથા આસપાસના વોર્ડમાં ડ્રેનેજની સમસ્યા હળવી થશે અને પીરાણા મેઈન લાઈન પર પણ ભારણ ઘટશે એએમસી દ્વારા કોતરપુર ખાતે ૮૨ કરોડના ખર્ચે ૬૦ MLDનો STP તૈયાર કરવામાં આવ્યો છે.

## અમદાવાદમાં મચ્છર અને પાણીજન્ય રોગચાળો વકર્યો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં મચ્છર અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ચાલુ મહિને ડેન્ગ્યુના ૧૬૪ કેસ, ચિકનગુનિયાના ૧૯ કેસ, સાદા મેલેરિયાના ૫૮, ઝેરી મેલેરિયાના ૮ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં પાણીના ૨૨૧૩ સેમ્પલમાંથી ૧૦૨ ફેઈલ ગયા છે. ચાલુ માસમાં ઝાડા ઉલટીના ૩૮૨ કેસ, કમળાના ૧૭૮ કેસ, ટાઈફોઈડના ૩૦૪ કેસ, કોલેરાના ૧૬ કેસ નોંધાયા છે. વાતાવરણને કારણે પણ વાઈરલ ઈન્ફેક્શન સહિત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ખતરો વધી જાય છે તેવામાં બાળકોનું ખાસ ધ્યાન રાખવું ખૂબ જ આવશ્યક છે અને પાણીજન્ય રોગથી બચવા માટે ઓછામાં ઓછી ૨૦ મિનિટ જેટલું પાણી ઉકાળીને ઠંડું પાડીને ગાળીને પીવું જોઈએ.

### રાજ્યનો સૌથી મોટો નર્મદા ડેમ ૯૦ ટકાથી વધુ ભરાઈ ગયો

# રાજ્યમાં વરસાદ જારી રહેતા કુલ ૬૨ ડેમ છલકાતા હાઈએલર્ટ જાહેર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૦૦,૪૦૦

## અન્ય ૪૦ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ પર

એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૯.૯૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૬,૮૫૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૯૨ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ,જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

રાજયમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૯ ડેમ સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૩ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૪૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત ૨૦ ડેમ ૫૦થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૪૧ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૨,૬૭,૮૦૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૬૦,૫૩૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૫.૩૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૫૩.૧૭ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૧.૪૮ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૫૦.૪૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૬૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

# 'આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સ'ના ભાગરૂપે વિજ્ઞાન સાંકળનું આયોજન કરાયું

## ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતીની પણ ઉજવણી કરાઈ




અમદાવાદ,તા.૧૨

અંધશ્રદ્ધાથી મુક્તિ મેળવવા, વૈજ્ઞાનિક અભિગમની કેળવણી અને પર્યાવરણના રક્ષણ માટે વિશ્વભરના વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન સમુદાય ૨૦૧૭થી દર વર્ષે વિજ્ઞાન માટે આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સનું આયોજન કરવામાં આવે છે. આજે ૧૨ ઓગસ્ટ - ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી તથા 'આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સ' અને 'ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ'ના ભાગરૂપે અમદાવાદમાં વિજ્ઞાન સાંકળનું આયોજન કરવામાં આવ્યું હતું. વરસતા વરસાદમાં પણ આ વિજ્ઞાન સાંકળમાં ડૉ. રાઘવન રંગરાજન (જાણીતા વિજ્ઞાની અને પ્રોફેસર, અમદાવાદ યુનિવર્સિટી), રફિકભાઈ કોઠારિયા (આચાર્ય, રિપબ્લિક હાઈસ્કૂલ), પ્રો. મિતુલ મકવાણા (એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ), મનીષભાઈ સોનારા (નિવૃત વિજ્ઞાની, ઈસરો), કે. આર. ચૌધરી (જાણીતા વિજ્ઞાન કટાર લેખક), ડૉ. કનુભાઈ ખડદિયા (નિવૃત આચાર્ય, રાષ્ટ્રભાષા કૉલેજ), ડૉ. બી.એ. મકવાણા (પ્રોફેસર, ભવન્સ સાયન્સ કોલેજ),નિશ્ચયભાઈ (આઈ.ટી. એન્જિનિયર), દિલીપ સતાશિયા (સંપાદક, વિજ્ઞાન ચેતના), ગુજરાત યુનિવર્સિટી તથા વિવિધ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. ડૉ. વિક્રમ સારાભાઈની ૧૦૫મી જન્મજયંતી પણ હોવાથી યુનિવર્સ સાયન્સ ફોરમ દ્વારા સવારે ૧૦-૦૦ કલાકે ઉસ્માનપુરા, ખાતે આવેલ વિક્રમ સારાભાઈની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં ડો. મલ્લિકા સારાભાઈ સહિત અન્ય વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આસપાસથી પસાર થતા વિજ્ઞાનપ્રેમીઓ જોડાયા હતા.

### અમદાવાદમાં વિશ્વ યુવા દિવસે 'ઈમ્પેકટ વિથ યુથ' કોન્કલેવ યોજાયો

# દેશનું સંપૂર્ણ ધ્યાન તેના ભવિષ્ય એવા યુવાનોમાં સમય-શકિતના રોકાણ પર

## દેશની શાળાઓમાં બાળકોનો લિંગ સમાનતા દર ઘણો સારો : યુનિસેફ પ્રતિનિધિ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૨

વિશ્વ યુવા દિવસે અમદાવાદમાં 'IMPACT WITH YOUTH' કોન્કલેવ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ યુવાનોને વિકસિત ભારતના સંવાહક ગણાવતા કહ્યું કે, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યુવાનોની વિશેષ જવાબદારી છે. યુવાનોની સફળતાને દેશની સફળતા ગણાવતા તેમણે વધુમાં જણાવ્યું કે, આશરે ૬૦ કરોડનું યુવાધન ધરાવતો આપણો દેશ સૌથી યુવા દેશ છે. યુવાનો જ્યાં છે ત્યાંથી દેશની પ્રગતિમાં જોડાય, દેશની પ્રગતિમાં યોગદાન આપે. તેમણે યુવાનોને ખેલકુદ અને સાઈકલિંગને જીવનનો ભાગ બનાવવા માટે પ્રેર્યા હતા. આ ઉપરાંત કૌશલ્ય વિકાસને કારકિર્દી ઘડતરમાં અતિ અગત્યનું પાસું ગણાવી તેમણે ઉમેર્યું કે, યુવાનોના કૌશલ્ય વિકાસ માટે તાજેતરના કેન્દ્રીય બજેટમાં ઈન્ટર્નશિપ જેવી યોજનાઓની જોગવાઈ કરવામાં આવી છે. જેના દ્વારા એક કરોડ જેટલા યુવાનોને પ્રીમિયમ કંપનીઓમાં ઈન્ટર્નશિપ આપી કૌશલ્યવાન યુવાવર્ગ તૈયાર કરવાનું સરકારનું આયોજન છે. હાલમાં ભારત સરકારનું સંપૂર્ણ ધ્યાન દેશના ભવિષ્ય સમાન યુવાનોમાં સમય અને શક્તિના રોકાણ પર કેન્દ્રિત છે, યુનિસેફના ભારત ખાતેના પ્રતિનિધિ સિન્થિયા મેકકેફીએ જણાવ્યું હતું કે, ભારતની શાળાઓમાં બાળકોનો લિંગ સમાનતા દર ઘણો સારો છે. તમે એ દેશના નાગરિકો છો કે જયાં યુવાનોની સૌથી વધુ વસ્તી છે. ભારતના ભવિષ્ય સમાન યુવાનોમાં ભારત સરકાર અને યુનિસેફ સંયુકત રોકાણ કરી રહ્યા છે. આ પ્રસંગે યુનિસેફ ગુજરાતના ચીફ ઓફ ફિલ્ડ ઓફિસ પ્રશાંતા દાસ તેમજ રાજ્યના અનેક જિલ્લાઓમાંથી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોમતીપુરના આરોગ્ય કેન્દ્રમાં સોલાર પેનલ લગાવતા દર્દીઓને હાશકારો

## મ્યુ. કાઉન્સિલર દ્વારા મ્યુ. કમિશનરનો આભાર વ્યકત કરાયો



અમદાવાદ,તા.૧૨

શહેરમાં આવેલ કોર્પોરેશન સંચાલિત શહેરી આરોગ્ય કેન્દ્ર (UCHC/UHC)ખાતે સારવાર માટે આવતા દર્દીઓ માટે કરોડો રૂપિયાના ખર્ચે ઓકસીજન પ્લાન્ટ, ઓપરેશન થિયેટર અને અંદરના દર્દીઓ માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તેમ છતાં આ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં આકસ્મિક સંજોગોમાં વીજ પુરવઠો ખોરવાતા જનરેટર અથવા સોલાર પ્લાન્ટ કે અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાથી સારવાર માટે ઈમરજન્સી જેવી પરિસ્થિતિ દર્દીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો અને તા.૨-૧-૨૪ના રોજ ઓપરેશનો રદ કરવા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ સંદર્ભે ગોમતીપુર વોર્ડના સિનિયર કાઉન્સિલ ઈકબાલ શેખ અને ઝુલ્ફીખાન પઠાણ દ્વારા મ્યુ. કમિશનરને રજૂઆત કરાતા તેઓ દ્વારા આ અંગે હકારકાત્મક વલણ અપનાવી દર્દીઓના જાહેર આરોગ્યના હિતમાં ગોમતીપુર/અમરાઈવાડીમાં આવેલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર (UCHC/UHC)સેન્ટરમાં વીજ પુરવઠો ખોરવવાની સ્થિતિમાં તાત્કાલિક અસરથી પર.૩ર કે.ડબલ્યુ. સોલાર પેનલ વિકસાવી કાયમી ધોરણે વીજ પુરવઠાની સમસ્યાથી મુક્તિ અપાવી છે. ત્યારે આ અંગે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતા મ્યુ. કાઉન્સિલરોએ મ્યુ. કમિશનરનું આભાર વ્યકત કર્યો હતો.

### એડવાઈઝરી કરાઈ જાહેર

# સ્વતંત્રતા દિવસને પગલે અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષા વધારાઈ

## મુસાફરોએ શકય એટલું વહેલું એરપોર્ટ પર પહોંચવું હિતાવહ : એરપોર્ટ ઓથોરિટી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

આઝાદીનો પર્વ એટલે કે સ્વતંત્રતા દિવસ. ૧૫ ઑગસ્ટ રાષ્ટ્રીય તહેવાર હવે નજીક છે. ત્યારે ૧૫ ઓગસ્ટથી રક્ષાબંધન સુધી લાંબી રજાઓ આવી રહી છે. જેથી રજાઓને પગલે લોકો બહાર મુસાફરી કરશે. જેથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ ઑથોરિટી દ્વારા એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે આ અઠવાડિયે ૧૫ ઑગસ્ટના કારણે અમદાવાદ એરપોર્ટ પર સિક્યોરિટી વધારાઈ છે, જેથી દરેક મુસાફરે શક્ય એટલું વહેલું એરપોર્ટ પર પહોંચી જવું હિતાવહ છે. આ સપ્તાહે તહેવારોના લીધે લાંબી રજાઓ આવતી હોવાથી મુસાફરોનો ધસારો વધવાની સંભાવના છે. આ કારણસર સિક્યોરિટી પ્રોટોકોલ અને ચેક-ઈન સહિતની પ્રક્રિયામાં વધુ સમય જશે. આમ, ફ્લાઈટ ઑપરેશનમાં કોઈ મોડું ન થાય અને સિક્યોરિટી ચેકિંગ માટે ઑફિસર્સને અને મુસાફરોને પૂરતો સમય મળી રહે તે માટે આ એડવાઈઝરી જાહેર કરાઈ છે. મુસાફરો કોઈ મુશ્કેલીમાં ના મૂકાય તે માટે ઍરપૉર્ટ ઓથોરિટીએ તમામને વહેલા પહોંચવાની અપીલ કરી છે.

### બહાનું બનાવીને જ ભારત દર વખતે ગોલ્ડ મેડલ જીતશે.... : સનીનો ટોણો

# ગાવસ્કરે 'ગાર્ડનમાં ફરનારા' લક્ષ્ય સેન પર સવાલ ઉઠાવ્યા, પાદુકોણનું સમર્થન કર્યું

નવી દિલ્હી,તા.૧૨

ભારતીય ક્રિકેટના દિગ્ગજ સુનિલ ગાવસ્કર પ્રકાશ પાદુકોણના બચાવમાં સામે આવ્યા છે. જેમની ટિપ્પણી બાદ અમુક લોકોની ટીકાનો શિકાર બન્યા બ્રોન્ઝ મેડલ મેચમાં ભારતીય શટલરની હાર બાદ પાદુકોણ ગુસ્સામાં આવી ગયા અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક ભારતના અભિયાન વિશે વાત કરતા તેમણે કોઈ કસર છોડી નહી. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારત ટોકયો ઓલિમ્પિકની બરાબર મેડલ જીતવામાં નિષ્ફળ રહ્યું કારણ કે તેને ફકત ૬ મેડલ મળ્યા અને એક પણ ગોલ્ડ મેડલ મળ્યો નહીં ૨૦૦૮ના બેઈજીંગ ઓલિમ્પિક બાદ પહેલીવાર કોઈ ભારતીય શટલરે મેડલ જીત્યો નથી. સેન સેમીફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય પુરૂષ શટલર બની ગયો હતો. જો કે તે પ્રથમ સેટ જીતવા છતાં વિકટર એકસેલસન સામે હારી ગયો. ભારતીય ક્રિકેટના દિગ્ગજ સુનિલ ગાવસ્કર પાદુકોણના સમર્થનમાં સામે આવ્યા છે અને સવાલ ઉઠાવ્યો કે તેમણે શું ખોટું કહ્યું છે તેમણે કહ્યું હતુ કે આજે ખેલાડીઓને તેમના મહાસંઘો અને સરકાર તરફથી બધી સહાયતા અને સુવિધાઓ મળે છે. એટલા માટે તેમણે પોતાના પ્રદર્શનની જવાબદારી લેવી જોઈએ. આ એક સારી રીતે કહેલી વાત હતી અને કોઈના પર આંગળી ચીંધ્યા વગર સારી રીતે વ્યકત કરાયેલી વાત હતી. આપણે તેમની ટિપ્પણીઓની ટીકા કરવામાં ઉતાવળ કરી. જો કોઈ ખેલાડી પોતાના પ્રદર્શનની જવાબદારી નહીં લેશે તો કોણ લેશે ? ગાવસ્કરે ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન રોહિત શર્માના ગાર્ડનમાં ફરનારા નિવેદનનો હવાલો આપ્યો અને દાવો કર્યો કે સેન કઠીન પરિસ્થિતિઓમાં એકાગ્રતા ગુમાવી બેઠો અને તેનું મગજ ભટકી ગયું હતું.

## રામોલ ખાતે તિરંગા યાત્રા યોજાઈ




લઘુમતી શાળામાં તા.૧૨/૮/૨૦૨૪ના રોજ અમદાવાદ જિલ્લામાં આવેલ રામોલ ગામ ખાતે આદર્શ વિદ્યાલય પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો શિક્ષકો અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા. ગ્રામજનો પોતાના ઘર પર તિરંગો લહેરાવી આઝાદીના પર્વ વિશે માહિતગાર થાય અને દેશ પ્રત્યે ભાવના જાગે તે હેતુથી આ તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી.

## ભારતીય મજદૂર સંઘ દ્વારા પડતર પ્રશ્નોને લઈ કલેકટરને આવેદન




સોમવારના રોજ અમદાવાદ આંગણવાડી કર્મચારી સંઘ ભારતીય મજદૂર દ્વારા પડતર પ્રશ્નોને લઈ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. અંદાજે ૨૦૦ બહેનોએ કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત રહી પડતર પ્રશ્નોના નિરાકરણ લાવવા માંગ કરી હતી.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
હર ઘર
તિરંગા
લહેરાવીએ
તિરંગાથી શણગારીએ
ગુજરાત
દેશની શાન તિરંગાને આપીએ માન
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
તેમજ
શ્રી અમિતભાઈ શાહ
માનનીય કેન્દ્રીય મંત્રી,
ગૃહ અને સહકારિતા મંત્રાલય, ભારત સરકાર
અમદાવાદ ખાતે તિરંગા યાત્રામાં
ઉપસ્થિત રહેશે.
તારીખ: ૧૩ ઑગસ્ટ, ૨૦૨૪ સમય: સાંજે ૪:૦૦ વાગે
સ્થળ: કેસરી નંદન ચોક, વિરાટનગર રોડ, વિરાટનગર, અમદાવાદ
www.harghartiranga.com

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# હિન્ડનબર્ગના આક્ષેપોની તટસ્થ તપાસ સોંપી દેશવાસીઓની શંકાને દૂર કરો

અમેરિકાની શોર્ટ-સેલર રિસર્ચ કંપની હિન્ડનબર્ગે ફરી એકવાર અદાણી જૂથ સામે સેબીનાં ચેરપર્સન માધવી પુરી બુચ સાથે ભ્રષ્ટ સાંઠગાંઠના આક્ષેપો કરતા દેશના આર્થિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી જવા પામી છે. કેન્દ્રની વર્તમાન ભાજપ સરકાર સાથે ભારે ઘરોબો ધરાવતા અદાણી જૂથ સામે આમેય ઘણા સમયથી ઘણા રાજકીય પક્ષો ખુલ્લેઆમ આરોપો લગાવતા આવ્યા છે પરંતુ અમેરિકન રિસર્ચ કંપની હિન્ડનબર્ગ વ્હીસલબ્લોઅરની મદદથી જે આક્ષેપો કરી રહી છે તે ખૂબ જ ગંભીર છે. પ્રથમ દૃષ્ટિએ જ જણાઈ રહ્યું છે કે આટલા ગંભીર આક્ષેપો કોઈ વિદેશી રિસર્ચ કંપની શું કામ કરે ? અને તે તદ્દન વાહિયાત કે પાયાવિહોણા હોઈ શકે ખરા ?

જો કે આ મુદ્દે દેશભરમાં ભારે હોબાળો થયા બાદ અદાણી જૂથ તેમજ સેબીનાં ચેરપર્સન તરીકે માધવીએ સ્પષ્ટતા કરી છે પણ આ સ્પષ્ટતા કરવાથી તેમને કલીનચીટ મળી જતી નથી કેમ કે હજીયે ઘણા સવાલોના સંતોષકારક જવાબો મળી રહ્યા નથી. જેમ કે અદાણી જૂથ કહે છે કે માધવી બુચ સાથે તેનો વ્યવસાયિક વ્યવહાર નથી પરંતુ અત્રે એ યાદ રાખવું જોઈએ કે અદાણીની કંપનીઓના શેરોની કિંમતમાં કરોડોની કથિત વધઘટ માટે જે ઓફશોર ફંડમાંથી રૂપિયા આવ્યા હતા તે કંપનીને ગૌતમ અદાણીના વડીલબંધુ વિનોદ અદાણી ચલાવે છે અને આ ફંડમાં જ સેબીના ચેરપર્સન માધવી અને તેમના પતિ ધવલનું રોકાણ છે તો પછી આ રોકાણને અદાણી સાથેનો વ્યવસાયિક વ્યવહાર કહેવાય કે નહીં ?

બીજું અદાણી જૂથે કથિત ગેરરીતિઓ કરી છે કે નહીં એની તપાસ કરવાનું જેનું કાર્યક્ષેત્ર છે એ સેબીના ચેરપર્સન જ જો આ જૂથની કંપનીઓમાં રોકાણકાર હોય તો પછી તેમની તપાસ શંકાથી પર હોઈ શકે ખરી ? વળી અદાણી જૂથે પણ માધવી અને તેમના પતિ ધવલ બુચ એમની કંપનીમાં રોકાણકાર ન હોવાનું કહ્યું નથી અને ખુદ માધવી બુચે પણ કબૂલ્યું છે કે તેમણે અદાણી જૂથની કંપનીમાં રોકાણ કર્યું છે પરંતુ એ સેબીના ચેરપર્સન બન્યા પૂર્વે એક ખાનગી વ્યકિતએ તરીકે કર્યું છે. માત્ર આ વખતે જ નહીં પણ આ અગાઉ ગત ૨૦૨૩માં હિન્ડનબર્ગના પ્રથમ અહેવાલ બાદ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા કે જેઓ ઉકત અહેવાલ બાદ સુપ્રીમકોર્ટમાં થયેલી પીઆઈએલમાં એક પક્ષકાર પણ બન્યાં છે એમણે પણ અદાણી જૂથ વિરૂદ્ધ ફરી ગંભીર આક્ષેપો કર્યા છે. અગાઉ મોઈત્રાએ ૧૩ જેટલા સવાલો ઉઠાવ્યા હતા. ત્યાર બાદ માધવી અને ધવલ બુચે વિગતવાર વધુ એક ખુલાસો આપ્યો છે પરંતુ ત્યાર બાદ પણ ઘણા પ્રશ્નો અનુત્તરિત રહ્યાનું જણાવીને મોઈત્રાએ પેટા પ્રશ્નો કર્યા છે જે પૈકી કેટલાક તો ખૂબ જ મહત્વના છે અને ભ્રષ્ટાચારની શંકાને બળ આપી જાય છે. જેમ કે ખુદ માધવીએ કબૂલ્યું છે કે તેઓ સેબીના પૂર્ણ કક્ષાના સભ્ય બન્યા ત્યારબાદ તેમના પતિ ધવલ બુચની બલેકસ્ટોન કંપનીમાં સલાહકાર તરીકે નિમણૂંક થઈ અને ત્યાર બાદ તરત જ સેબીએ બ્લેકસ્ટોનના રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડને મંજૂરી આપી ત્યારે આને 'લાભ' આપ્યો કહેવાય કે નહીં ? બીજું બે કંપનીઓ સિંગાપુર અને ભારતમાં કાર્યરત અગોરા એડવાઈઝર સુષુપ્ત અવસ્થામાં હોવાનું માધવી જણાવે છે. જ્યારે તેઓ એમ પણ કહે છે કે તેનું સંચાલન તેમના પતિ ધવલ કરે છે તો આ કંપનીઓ અંગે સંપૂર્ણ વિગતો તમે કેમ આપી નથી ? આ કંપનીને બિઝનેસ કોણ આપી રહ્યું છે ? એવો પ્રશ્ન પણ મહુઆ મોઈત્રાએ કર્યો છે. ઉપરાંત માધવી એક સમયે જે ગ્લોબલફંડમાં રોકાણકાર હતાં એ જ ફંડની તપાસ કરવામાં આવી રહી છે તો આ તપાસને કેટલો ન્યાય મળી શકશે ? એટલું જ નહીં સેબીના ચેરપર્સન તરીકે માધવી બે વખત અદાણી જૂથના સુપ્રીમો ગૌતમ અદાણીને મળ્યાં છે ત્યારે આ બેઠકો અંગે પણ મોઈત્રાએ શંકા વ્યકત કરી છે. ઉપરાંત મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના નિકટવર્તી અધિકારીઓ પૈકીના એક એવા સુધીર માંકડ અંગે પણ અંગુલીનિર્દેશ કરતા તેમની ભલામણથી માધવીને સેબીનું ચેરમેનપદ મળ્યું હોવાનું જણાવ્યું છે અને સાથોસાથ સુપ્રીમકોર્ટના વડપણ હેઠળ એક સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસઆઈટી)ની માંગ કરી છે ત્યારે જો અદાણી જૂથ કે સેબીના ચેરપર્સન દૂધે જ ધોયેલાં હોય તો તેમણે સામે ચાલીને આવી તટસ્થ તપાસની માંગ કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેવું જોઈએ. બાકી કોંગ્રેસ સહિતના વિરોધપક્ષો આ કથિત ભ્રષ્ટાચાર સામે સંયુકત સંસદીય સમિતિ (જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી -જેપીસી) હસ્તક પણ તપાસની માંગ કરી રહ્યા છે તો એમાં પણ કંઈ ખોટું તો નથી જ ને ? જો અદાણી કે માધવી બુચ પોતપોતાના દાવા પ્રમાણે ભ્રષ્ટ નથી તો આવી તપાસ સામે ખચકાટ ન હોવો જોઈએ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કે પછી વરિષ્ઠ નેતા જયરામ રમેશ અને લોકસભામાં સમગ્ર વિપક્ષના નેતા એવા રાહુલ ગાંધીએ પણ આ મામલે સર્વસ્વીકાર્ય એવી તટસ્થ તપાસની માગણી કરી સેબી જેવી બંધારણીય સત્તાઓ તેમજ દેશના પ્રામાણિક એવા નાના-મોટા રોકાણકારોને નુકસાનથી બચાવવાની પણ માંગ કરી છે. આમ, સરવાળે જોઈએ તો માત્ર અદાણી જૂથ જ નહીં પરંતુ નાના-મોટા લાખો રોકાણકારોની રકમની સુરક્ષાની જવાબદારી સંભાળતી એજન્સી 'સેબી' પોતે જ જ્યારે આરોપીના કઠેડામાં આવી ગઈ હોય ત્યારે નામદાર સુપ્રીમકોર્ટ આ બાબતની સુઓમોટો નોંધ લઈ યોગ્ય તપાસનો આદેશ કરે એ અપેક્ષિત છે.

# વકફ બિલ, 'લવ, જમીન જેહાદ' વિરુદ્ધ કાયદો - શા માટે ભાજપ લોકસભામાં પરાજય પછી ધ્રુવીકરણની રાજનીતિ પર પાછો ફરે છે

## વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં, નિષ્ણાતો કહે છે કે, ભાજપ ડ્રોઈંગ બોર્ડ પર પાછો જઈ રહ્યો છે અને તેની રણનીતિમાં ફેરફાર કરી રહ્યો છે, વિપક્ષ પાર્ટીની કાર્યવાહીને 'મુસ્લિમ વિરોધી' ગણાવે છે

કરન્ટ ટોપિક

- નીલમ પાંડે

ભાગ-૨

**'લઘુમતી વિરોધી નથી, અમે તુષ્ટિકરણ વિરોધી છીએ'**

કેબિનેટે શુક્રવારે વકફ એક્ટમાં ૪૦ સુધારાને મંજૂરી આપી હતી. વક્ફ બોર્ડ લગભગ ૯,૪૦,૦૦૦ એકરમાં આવરી લેતી લગભગ ૮,૭૦,૦૦૦ મિલકતોનું સંચાલન કરે છે, જેમાં કબ્રસ્તાન અને મસ્જિદોથી લઈને બગીચાઓ અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. વક્ફ પ્રોપર્ટી એ ઈસ્લામિક કાયદા અનુસાર ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે દાનમાં આપવામાં આવેલી જમીન અથવા સંપત્તિ છે અને વધુ સારા કાર્યો માટે યોગ્ય ઉપયોગ અને આવકનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે બોર્ડ દ્વારા સંચાલિત થાય છે. નિષ્ણાતો નિર્દેશ કરે છે કે વિકાસને પક્ષની તાત્કાલિક અને લાંબા ગાળાની વ્યૂહરચનાના સંદર્ભમાં જોઈ શકાય છે. ''આ વિકાસને જોવાની બે રીત હોઈ શકે છે - એક તાત્કાલિક છે, જે આગામી વિધાનસભાની ચૂંટણી છે, તેથી લોકસભાની હાર પછી પાર્ટીએ ડ્રોઈંગ બોર્ડ પર પાછા જવાનું અને તેની વ્યૂહરચનામાં ચોક્કસ ફેરફારો કરવાનું નક્કી કર્યું છે,'' હિલાલ અહેમદે કહ્યું, CSDSના સહયોગી પ્રોફેસર જેઓ રાજકીય ઈસ્લામ અને મુસ્લિમ રાજકારણ પર કામ કરે છે. ''જો કે, હવે મોટો પ્રશ્ન એ છે કે આપણે ૨૦૨૪ના ભાજપના સ્વ-મૂલ્યાંકન અને ભવિષ્ય માટે તેની વ્યૂહરચના શું છે તે જોવું જોઈએ. અમૃત કાલનો વિચાર એ લાંબા ગાળાની કલ્પના છે જે આપણને ભાજપ દ્વારા આપવામાં આવ્યો છે. આપણે તેને પરિપ્રેક્ષ્યમાં મૂકવું પડશે અને સમજવું પડશે કે આ વસ્તુઓ મોટી સ્થિતિમાંથી આવી રહી છે,'' તેમણે કહ્યું. ''હિન્દુત્વ રાષ્ટ્રવાદ, જે ભાજપના મુખ્ય વર્ણન તરીકે વિકસિત થયો છે, તેને આ વખતે વિપક્ષ દ્વારા કોઈક રીતે પડકારવામાં આવ્યો હતો અને તેઓ વિરોધી વાર્તા રજૂ કરવામાં સક્ષમ હતા, જેને ન્યાયનું પ્રવચન (જાતિ, અનામત વગેરે) કહેવામાં આવે છે. ન્યાયનું વર્ણન ખૂબ જ શક્તિશાળી છે પરંતુ મુસ્લિમ સમુદાયના સંદર્ભમાં તેમાં કોઈ સૈદ્ધાંતિક સ્થાન નથી. બિન-ભાજપ પક્ષોએ હજી સુધી તે બનાવ્યું નથી અને તેથી જ બિન-ભાજપ પક્ષ તેનો સામનો કરી શકશે નહીં,'' તેમણે ઉમેર્યું. ''ભાજપના સમકાલીન રાજકારણની પ્રકૃતિ હંમેશા આક્રમક રહી છે અને રક્ષણાત્મક નથી. તે નિર્ણાયક નેતાની છબી સાથે પણ સારી રીતે જાય છે અને ભવિષ્યની કલ્પનામાં યોગદાન આપશે જે તેઓ પ્રસ્તાવિત કરી રહ્યા છે – જેમ કે અમૃત કાલ. તેથી, અમુક પ્રકારની આક્રમકતા જરૂરી છે જે ભાજપ ભારતને હિંદુ શબ્દોમાં વ્યાખ્યાયિત કરવા માટે કરી રહી છે,'' તેમણે કહ્યું. ''જ્યારે લોકસભા ચૂંટણીમાં ભાજપની સંખ્યા ઘટી હતી, ત્યારે વોટ શેરમાં ઘટાડો થયો ન હતો, જેનો અર્થ છે કે તેની નીતિને લઈને મતદારોમાં ચિંતા હતી પરંતુ તેઓ તેમના હિન્દુત્વની રાજનીતિથી ખરેખર અસરગ્રસ્ત થયા નથી. હકીકત એ છે કે વિપક્ષે પણ આ મુદ્દાઓ પર ભાજપનો વિરોધ કર્યો નથી તે ભાજપને પાયા પર પાછા જવા અને તેમના અમૃત કાલ વિઝન સાથે આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે,'' તેમણે કહ્યું. બીજેપીના અન્ય એક નેતાએ કહ્યું કે પાર્ટી લઘુમતી વિરોધી નથી પરંતુ વિપક્ષની 'તુષ્ટિકરણની રાજનીતિ'ની ટીકા કરે છે. ''તેઓ ચોક્કસ સમુદાયનો ઉપયોગ તેમની મત બેંક તરીકે કરી રહ્યા છે અને તેના કારણે તેઓએ તેમને ખુશ કરવા માટે ભૂતકાળમાં અમુક નિર્ણયો લીધા છે,'' અન્ય એક નેતાએ કહ્યું. ''આક્રમક હિંદુત્વ એ સમયની જરૂરિયાત છે કારણ કે ઘણા લોકો વકફ હેઠળ પૂજા સ્થળના રૂપમાં આટલી જમીન હોવા પર પ્રશ્નો ઉભા કરે છે જ્યારે બહુમતી સમુદાયના હિંદુઓ ભાગ્યે જ આવા લાભો ભોગવે છે. મોટાભાગની જમીન કે જેના પર હિંદુ મંદિરો બાંધવામાં આવ્યા છે તે હજુ પણ સરકારની છે,'' તેમણે કહ્યું. વકફ એક્ટમાં છેલ્લે ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો. The Print સાથે વાત કરતા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા, આર.પી. સિંહે એમ પણ કહ્યું કે પાર્ટી 'મુસ્લિમ વિરોધી' નથી અને હકીકતમાં, 'સબકા સાથ, સબકા વિશ્વાસ'ના મંત્રને અનુસરે છે. ''વક્ફ બોર્ડમાં સૂચિત સુધારાનો ઉદ્દેશ્ય વધુ પારદર્શિતા અને ગરીબો અને જરૂરિયાતમંદોને તેનો લાભ સુનિશ્ચિત કરવાનો છે. શા માટે વિપક્ષ આ બાબતે હોબાળો મચાવી રહ્યો છે? તેઓ તુષ્ટિકરણની રાજનીતિને અનુસરે છે અને તેમની વોટબેંક ગુમાવવાનો ડર છે. જ્યાં સુધી યુસીસીનો સંબંધ છે, તે હકીકતમાં મહિલાઓ તરફી છે તેથી મુસ્લિમ મહિલાઓને તેનો ફાયદો થશે. બીજી તરફ લવ જેહાદ એક વાસ્તવિકતા છે અને ઘણી સ્ત્રીઓ આવા લગ્નોનો ભોગ બને છે,'' તેમણે કહ્યું. ''એ હકીકતને નકારી શકાય નહીં કે અમે રાષ્ટ્રવાદી અને હિંદુ તરફી પક્ષ છીએ અને તેમના હિતોનું રક્ષણ કરવું સર્વોપરી છે. ફક્ત બાંગ્લાદેશમાં હિંદુઓની સ્થિતિ જુઓ અને ભારતમાં લઘુમતીઓ સાથે કેવું વર્તન કરવામાં આવે છે તેની સાથે સરખામણી કરો. **(સમાપ્ત)** **(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)**

# વકફ બિલ વિવાદ : સંયુક્ત સંસદીય સમિતિની સંદર્ભની શરતો અને પ્રાથમિકતાઓ સ્પષ્ટ નથી

## તે અસ્પષ્ટ છે કે શું સંયુક્ત સમિતિ માત્ર બિલની સામગ્રી પર જ વિચાર કરશે અથવા વકફ મિલકતો પર અતિક્રમણ અને તેના સંચાલન જેવા વ્યાપક મુદ્દાઓને પણ સંબોધશે

સંસદે વકફ (સુધારા) બિલની તપાસ કરવા માટે ૩૧ સભ્યોની સંયુક્ત સમિતિની જાહેરાત કરી છે, પરંતુ તેના સંદર્ભની શરતો અસ્પષ્ટ છે. લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સભ્યોની બનેલી આ સમિતિની સ્થાપના ૯ ઓગસ્ટના રોજ બજેટ સત્રના છેલ્લા દિવસે કરવામાં આવી હતી. આ સંયુક્ત સમિતિને સુધારા વિધેયકનો અભ્યાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે અને સંસદના શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહ દરમિયાન તેનો અહેવાલ સુપરત કરવાની અપેક્ષા છે. સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ સંયુક્ત સમિતિની રચના માટે બંને ગૃહોમાં પ્રસ્તાવ મૂક્યો હતો. બિલની રજૂઆતની વિરોધ પક્ષો તરફથી સખત ટીકા કરવામાં આવી હતી, જેમણે આ સૂચિત કાયદાને ગેરબંધારણીય, લઘુમતી વિરોધી અને વિભાજનકારી ગણાવ્યું હતું. અમુક નોંધપાત્ર ફેરફારો પૈકી, આ બિલ વકફ કાયદાના હાલના માળખામાં નોંધપાત્ર ફેરફાર કરવા માંગે છે. જો કે, તે હજુ અસ્પષ્ટ છે કે શું આ સમિતિ ફક્ત બિલની સામગ્રી પર જ વિચાર કરશે અથવા વકફ મિલકતો પર અતિક્રમણ અને તેના સંચાલન જેવા વ્યાપક મુદ્દાઓને પણ સંબોધશે. ધ હિન્દુ સાથેની એક મુલાકાતમાં, રાજ્યસભાના પૂર્વ ઉપાધ્યક્ષ અને વક્ફ બોર્ડ પર સંયુક્ત સંસદીય સમિતિના પૂર્વ અધ્યક્ષ, કે. રહેમાન ખાને તેમની અપેક્ષા વ્યક્ત કરી હતી કે કેન્દ્ર વહેલી તકે સમિતિની શરતોની જાહેરાત કરશે. તેમણે કહ્યું કે, તેઓએ બિલ સિવાય પેનલની પ્રાથમિકતાઓ શું હશે તેની કોઈ વિગતો આપી નથી. પ્રક્રિયાગત રીતે, બિલને સ્થાયી સમિતિને મોકલવું જોઈતું હતું. હજુ સુધી સમિતિઓની રચના કરવામાં આવી નથી, તેથી જ કદાચ કેન્દ્રએ સંયુક્ત પેનલ બનાવી છે. ૨૦૦૮માં, ખાને એક વિગતવાર અહેવાલ રજૂ કર્યો જેમાં વક્ફ મિલકતોના સંચાલનની તપાસ કરવામાં આવી હતી, પ્રણાલીગત



સમસ્યાઓ ઓળખવામાં આવી હતી અને સુધારાઓ સૂચવ્યા હતા. ખાન નોંધે છે કે ૧૯૯૫ના કાયદામાં સુધારો તેમના અહેવાલમાંના તારણો અને ભલામણોનું પરિણામ હતું. ધ ઈન્ડિયન એક્સપ્રેસ સાથેની એક વિગતવાર મુલાકાતમાં, ખાને સરકાર દ્વારા નવા બિલની રજૂઆતની ટીકા કરી હતી કારણ કે હિતધારકોની સલાહ લીધા વિના તે અચાનક રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, અચાનક, સરકારે આ નવું બિલ રજૂ કર્યું છે. હિતધારકો સાથે કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી ન તો AIMPLB (ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ) કે અન્ય કોઈ સંસ્થાઓની સલાહ લેવામાં આવી છે. ભૂતકાળમાં (૨૦૧૩ના સુધારા કાયદા પહેલા), મંત્રાલયે તમામ હિતધારકોની સલાહ લીધી હતી. પરંતુ આ સરકારે મુસ્લિમ સમુદાયની સલાહ લીધી નથી, જે વક્ફ બાબતોમાં સૌથી મોટો હિસ્સેદાર છે. લોકસભાના પૂર્વ મહાસચિવ પી.ડી.ટી. આચાર્યએ પણ ધ હિન્દુ સાથેની એક મુલાકાતમાં તેમના મંતવ્યો શેર કર્યા હતા, અને કહ્યું કે, આ બિલ માટે, સંયુક્ત પસંદગી સમિતિઓની રચના માટે નિયમપુસ્તકમાં ચોક્કસ જોગવાઈ છે, જ્યાં મંત્રીઓ પણ સભ્ય બની શકે છે. ભૂતકાળમાં આવી અનેક સમિતિઓ બની છે જેમાં મંત્રીઓ સભ્ય હતા. આવી સંયુક્ત પસંદગી સમિતિને બિલમાં સુધારો કરવાની સત્તા હશે કારણ કે તેમાં સરકારનું પ્રતિનિધિત્વ છે. એવું લાગે છે કે આ સરકાર JPC અને સંયુક્ત પસંદગી સમિતિ વચ્ચેનો તફાવત સમજી શકી નથી. વકફ બિલ માટે સંયુક્ત પસંદગી સમિતિ આદર્શ છે. સંદર્ભની સ્પષ્ટ શરતો વિના આ JPC તેનું કામ કેવી રીતે શરૂ કરશે તે અનિશ્ચિત છે. પૂર્વ સાંસદ અને શરદ પવારના નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP)ના જૂથના કાર્યકારી પ્રમુખ દલીલ કરે છે કે JPC બનાવવાનો કોઈ અર્થ નથી. ભૂતકાળમાં 2G કૌભાંડ પર જેપીસીની અધ્યક્ષતા કરનાર ચાકોએ ધ હિંદુને કહ્યું કે, જેપીસીમાં ભાગ્યે જ સંસદીય દેખરેખની સત્તા હોય છે. જેપીસીને મિની-પાર્લામેન્ટ ગણવામાં આવે છે, પરંતુ તેના રિપોર્ટમાં માત્ર સૂચનો અને ભલામણોનો સમાવેશ થાય છે જેને સરકાર સ્વીકારી શકે કે ન પણ સ્વીકારી શકે. **(સૌ. ધ વાયર.ઈન)**

# એવા વિરલ મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓ જેઓના બલિદાનને ઈતિહાસના પુસ્તકોમાં સ્થાન આપવામાં આવ્યું નથી



જો આપણને ભારતની આઝાદી માટે લડનારા મુસ્લિમો વિશે પૂછવામાં આવે તો, મૌલાના અબુલ કલામ આઝાદ એક એવું નામ છે જે કદાચ એકમાત્ર નામ આપણા મગજમાં આવે છે. આધુનિક ભારતના ઈતિહાસના પુસ્તકો/અભ્યાસક્રમમાં અન્ય ઘણા બહાદુર મુસ્લિમ યોદ્ધાઓને કોઈ સ્થાન આપવામાં આવ્યું નથી જેઓ આપણા દેશ, ભારતને બ્રિટિશ શાસનથી આઝાદી મેળવવા માટે લડ્યા હતા અને શહીદ થયા હતા. આ સ્વતંત્રતા માટે આપણે ભારત એટલે કે સ્વતંત્ર રાજ્યના આવા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવી એ આપણી ફરજ છે.

**મૌલાના હસરત મોહની**

''ઈન્કીલાબ ઝિંદાબાદ''નું સૂત્ર મૌલાના હસરત મોહાની દ્વારા આપવામાં આવ્યું હતું અને આ બે શબ્દો તેમની પોતાની ઓળખ કરતાં વધુ પ્રખ્યાત છે. મૌલાના હસરત મોહનીએ ભારતીય સ્વતંત્રતાની લડતમાં ભાગ લીધો હતો અને બ્રિટિશ સત્તાવાળાઓએ તેઓને ઘણા વર્ષો સુધી જેલમાં બંધ રાખ્યા હતા. તેઓ ભારતીય ઈતિહાસમાં પ્રથમ વ્યક્તિ હતા જેમણે ૧૯૨૧માં 'સંપૂર્ણ સ્વતંત્રતા'ની માંગણી કરી હતી.

**ફઝલ-એ-હક ખૈરાબાદી**

જો આપણને પૂછવામાં આવે કે આ સદીનો સૌથી વધુ ગેરસમજ ફેલાવતો શબ્દ કયો છે, તો તેનો જવાબ ચોક્કસપણે 'જેહાદ' શબ્દ હશે. આ શબ્દ માટે ફઝલ-એ-હકનું સ્ટેન્ડ તેને સમજવામાં વધુ મદદરૂપ થઈ શકે છે. ફઝલ-એ-હક ખૈરાબાદી (૧૭૯૭- ૨૦ ઓગસ્ટ ૧૮૬૧)એ ૧૮૫૭ના ભારતીય બળવાના મુખ્ય વ્યક્તિઓમાંના એક હતા. તેઓ ફિલસૂફ, લેખક, કવિ અને ધાર્મિક વિદ્વાન હતા, પરંતુ તેઓને ૧૮૫૭માં 'અંગ્રેજો' સામે જેહાદ કરવાની તરફેણમાં ફતવો બહાર પાડવા માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે. ફઝલ-એ-હક ખૈરબાદીનું ૧૨ ફેબ્રુઆરી ૧૮૬૧ના રોજ આંદામાન ટાપુ પર અવસાન થયું હતું.

**રેશમી પત્ર ચળવળ (રેશ્મી રૂમાલ તેહરીક)**

મૂળ રૂપે, રેશ્મી રૂમાલ તેહરીક એ ૧૯૧૩થી ૧૯૨૦ની વચ્ચે દેવબંદી નેતાઓ દ્વારા આયોજિત ચળવળનો ઉલ્લેખ કરે છે, જેનો ઉદ્દેશ્ય ઓટોમ તુર્કી, શાહી જર્મની અને અફઘાનિસ્તાન સાથે જોડાણ કરીને ભારતને બ્રિટિશ શાસનમાંથી મુક્ત કરવાનો હતો. આ કાવતરાનો પર્દાફાશ પંજાબ CID દ્વારા ઉબેદુલ્લા સિંધીના પત્રો દ્વારા કરવામાં આવ્યો હતો, જે તત્કાલીન અફઘાનિસ્તાનમાં દેવબંદી નેતાઓમાંના એક, મહમુદ અલ હસનને પર્શિયામાં અન્ય નેતાઓને મોકલવામાં આવ્યો હતો. આ પત્રો રેશમી કપડામાં લખવામાં આવતા હતા, તેથી તેને આ નામ આપવામાં આવ્યું હતું.

મુહમ્મદ મિયાં મન્સૂર અંસારી સિલ્ક લેટર્સ ચળવળના અન્ય અગ્રણી વ્યક્તિ હતા. તેઓ મુસ્લિમ ધર્મગુરુ દ્વારા સંચાલિત ભારતીય સ્વતંત્રતા ચળવળના જૂથના સૌથી સક્રિય અને અગ્રણી સભ્યોમાંના એક હતા જેઓ મુખ્યત્વે દેવબંદની ઈસ્લામિક શાળાના શિક્ષક હતા. ૧૯૪૬માં, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તેમને ભારત પાછા ફરવા વિનંતી કરી તેથી બ્રિટિશ રાજે તેમને મંજૂરી આપી હતી.

**મૌલવી અહમદુલ્લા શાહ ફૈઝાબાદી**

મૌલવી અહમદુલ્લા શાહ ફૈઝાબાદી એ ૧૮૫૭ ના વિદ્રોહ, અવધ અને લખનૌના કબજામાં તેમની ભૂમિકા માટે જાણીતા હતા. બ્રિટિશ ઈતિહાસકાર જી.બી. મેલેસન ફૈઝાબાદના મૌલવી અહમદુલ્લાહ શાહને સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધ (૧૮૫૭)ના મહાન નાયકોમાંના એક તરીકે વર્ણવે છે. અંગ્રેજો તેમને દુશ્મન અને મહાન યોદ્ધા એટલા માટે માનતા હતા કે ઘણા બ્રિટિશ અધિકારીઓએ પોતાના શબ્દોમાં તેમની પ્રશંસા કરી છે. તેઓને મહાન ક્ષમતાઓ ધરાવતા, નિર્ભય અને હિંમતવાન, નિશ્ચયી અને અત્યાર સુધીના બળવાખોરોમાં શ્રેષ્ઠ સૈનિક તરીકે ગણવામાં આવતા હતા.

જગન્નાથસિંહે અહેમદુલ્લાનું માથું બ્રિટિશ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યું અને ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામનો દાવો કર્યો હતો. બ્રિટિશ લેખક મેલેસને મૌલવીના મૃત્યુનું વર્ણન કર્યું છે. આ રીતે ફૈઝાબાદના મૌલવી અહેમદ ઉલાહ શાહનું અવસાન થયું હતું. તેઓ એક સાચા દેશભક્ત વ્યક્તિ હતા.

**યુસુફ મહેરઅલી**

યુસુફ મહેરઅલીએ ભારત છોડો આંદોલન અને સાયમન ગો બેક જેવા સૂત્રો આપ્યા હતા. યુસુફ મહેરઅલી ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સમાજવાદી નેતા હતા. તેઓ યરવડા સેન્ટ્રલ જેલમાં કેદ હતા અને તેઓ ૧૯૪૨માં બોમ્બેના મેયર તરીકે ચૂંટાયા હતા.

**અબ્દુલ હાફિઝ મોહમ્મદ બરકતુલ્લાહ**

અબ્દુલ હાફિઝ મોહમ્મદ બરકતુલ્લાહ, જેઓ મૌલાના બરકતુલ્લાહ તરીકે ઓળખાય છે, તે ભારતીય ક્રાંતિકારી હતા. બરકતુલ્લા ભારતની આઝાદી માટે અગ્રણી અખબારોમાં જ્વલંત ભાષણો અને ક્રાંતિકારી લખાણો સાથે ભારતની બહારથી લડ્યા હતા. તેઓ ભારત આઝાદ થયો ત્યાં સુધી જીવિત રહ્યા ન હતા. બરકતુલ્લા ભારત સ્વતંત્રતા પક્ષના પ્રથમ પ્રમુખ હતા. ૧૯૮૮માં તેમના સન્માનમાં ભોપાલ યુનિવર્સિટીનું નામ બદલીને બરકતુલ્લા યુનિવર્સિટી રાખવામાં આવ્યું હતું.

**ખાન અબ્દુલ ગફાર ખાન**

'ફ્રન્ટિયર ગાંધી' અથવા સરહદના ગાંધી તરીકે પ્રખ્યાત, ખાન અબ્દુલ ગફાર ખાન અંગ્રેજોના ભારત છોડવા પાછળનું એક મુખ્ય કારણ હતું. તેમણે ૧૯૨૯માં પ્રખ્યાત ખુદાઈ ખિદમતગાર (''ઈશ્વરના સેવકો'') ચળવળની શરૂઆત કરી અને તેને સફળતાપૂર્વક આઝાદી મેળવી હતી. તેમણે ભારતના ભાગલાનો વિરોધ કર્યો હતો પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા.

**મોહમ્મદ અલી અને શૌકત અલી (અલી બ્રધર્સ)**


અલી બંધુઓએ ૧૯૨૧માં એક પ્રખ્યાત ખિલાફત ચળવળ શરૂ કરી હતી, જેમાં મહાત્મા ગાંધી મુખ્ય હતા, જેણે ભારતના બહુવચન સમાજ અને સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ બનાવ્યું હતું.

અલી બ્રધર્સે ઉર્દૂ સાપ્તાહિક હમદર્દ અને સાપ્તાહિક કોમરેડ પ્રકાશિત કર્યું. ૧૯૧૯માં, જ્યારે અંગ્રેજોએ રાજદ્રોહ સામગ્રી તરીકે આરોપ મૂક્યો તે પ્રકાશિત કરવા અને વિરોધનું આયોજન કરવા બદલ જેલવાસ ભોગવ્યો. અસહકાર ચળવળ (૧૯૧૯-૧૯૨૨) દરમિયાન મહાત્મા ગાંધી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને સમર્થન આપવા બદલ શૌકત અલીને ૧૯૨૧થી ૧૯૨૩ દરમિયાન પુનઃ ધરપકડ કરવામાં આવી હતી અને જેલમાં રાખવામાં આવ્યા હતા. તેમના ચાહકોએ તેમને અને તેમના ભાઈને મૌલાનાનું બિરુદ આપ્યું હતું.

આઝાદીની લડાઈ લડનારા મુસ્લિમોની કુલ સંખ્યા વિશે પૂછવામાં આવે તો, ઉપરોક્ત બહાદુર હૃદયો તેનો અંશ જ ગણશે. અત્યંત શરમજનક છે કે તેઓનો ઉલ્લેખ પણ નથી થતો, જેમના કારણે આપણે આજે ૧૫મી ઓગસ્ટ, ભારતનો સ્વતંત્રતા દિવસ જેવો દિવસ ઉજવીએ છીએ.

**જય હિંદ.**

આઝાદીના જંગમાં મુસ્લિમોનું યોગદાન



# ડૉક્ટર પર બળાત્કાર અને તેની હત્યા કેસમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શા માટે વિચલિત થયાં છે

**પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ અધિકારીઓને આ કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ચલાવવાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો હતો. આ હત્યા કરાયેલા ડૉક્ટરના ગુસ્સે થયેલા સાથીઓએ માત્ર તેના માટે ન્યાયની માંગણી કરી નથી પરંતુ તે હૉસ્પિટલમાં સુરક્ષા અને સલામતીની કથળેલી સ્થિતિ તરફ પણ ધ્યાન દોર્યું છે**

(એજન્સી) તા.૧૨



પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકારે હોસ્પિટલોમાં સલામતી અંગેના વિરોધને વેગ મળે તે પહેલાં, રાજ્ય સંચાલિત આરજી કાર હોસ્પિટલમાં એક યુવાન ડૉક્ટરના ભયાનક બળાત્કાર અને હત્યા માટે કથિત ગુનેગારને ઝડપથી પકડીને સખત સજા આપવા માંગ કરી છે. તેણે સહજતાથી જઘન્ય અપરાધની કબૂલાત કરી છે અને મુખ્યપ્રધાને ન્યાયતંત્રની ભૂમિકાને પણ યોગ્ય ઠેરવી છે અને ફાસ્ટ ટ્રેક કોર્ટના દોષિત ચુકાદા અને ફાંસીનું પણ વચન આપ્યું છે !

તેમના ભત્રીજાએ પણ અવિશ્વસનીય દરખાસ્ત કરી કે આવા બળાત્કારીઓને એન્કાઉન્ટરમાં જ મારવા જોઈએ. પરંતુ આ બાબતો એટલી સરળ નથી જેટલી સરકાર પોઝીટીવ કરવા માંગે છે. આ આરોપી સંજય રોય કર્મચારી પણ ન હતો, તો તેણે ફરજ પરના ડૉક્ટરો જ્યાં નિદ્રા લેતા હતા ત્યાં સુધી તે કેવી રીતે પહોંચી ગયો? કોલકાતા પોલીસ આ સમજી શકતી નથી.

શા માટે તે મહિલા ડૉક્ટરને યોગ્ય ડ્યુટી રૂમને બદલે સેમિનાર હોલમાં કામચલાઉ પલંગ પર સૂવું પડ્યું? શું હૉસ્પિટલોમાં ડોકટરોને આરામ કરવા માટે, ખાસ કરીને સ્ત્રીઓ માટે રૂમ પૂરો પાડવાની પ્રમાણભૂત પ્રક્રિયા નથી? આ ગુના પછી તેના સાથી ડોકટરોનો વિરોધ સૂચવે છે કે અહી આવા કોઈ રૂમ નથી, અને જુનિયર ડોકટરો આવી સુવિધાઓ મેળવી શકતા નથી. પરંતુ દલાલો અને રોય જેવા કહેવાતા 'સ્વયંસેવક' ગમે ત્યાં જઈ શકે છે. આવા અનેક પ્રશ્નો છે. આવા ગુનેગારો સાધનો, દવાઓ, દર્દીઓની સંપત્તિ અથવા તો નવજાત શિશુઓની ચોરી કરવાનો પ્રયાસ કરતા ગુનેગારો છૂપાઈ ન જાય તેની ખાતરી કરવા માટે જો સ્ટાફ વિઝ્યુઅલ ફીડ પર સતત દેખરેખ ન રાખતો હોય તો વિશાળ હોસ્પિટલમાં સીસીટીવી કેમેરા લગાવવાનો શું અર્થ છે? શું કેમેરા અને સ્ક્રીન માત્ર કોસ્મેટિક મૂલ્ય માટે જ છે? શું અન્ય હોસ્પિટલોમાં પણ આવું જ છે?

આરોપી રોય હૉસ્પિટલમાં નિયમિત જતો હતો અને તે કદાચ આ યુવાન ડૉક્ટરને ઓળખતો હતો; કદાચ તેણે તેણીનો પીછો પણ કર્યો હતો અને/અથવા તેની સાથે કોઈ રીતે વાતચીત કરી હતી. પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સૂચિબદ્ધ તેણીના શરીર પરની ઈજાઓની ગંભીર પ્રકૃતિ, એવું દર્શાવે છે કે બળાત્કાર-હત્યા કરનારનું હિંસક કૃત્ય વ્યક્તિગત હતું. રોયને તેના વિસ્તારમાં ગુંડો ગણવામાં આવતો હતો તો શા માટે તેને આટલા લાંબા સમય સુધી પોલીસ દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો અને શા માટે તેના પડોશીઓના ડરને અવગણવામાં આવ્યો હતો. તેણે કથિત રીતે તેના મોબાઈલ ફોન પર પોર્નોગ્રાફી જોઈ હતી. રોય જે આત્મવિશ્વાસ સાથે સવારે ૩ વાગ્યે હોસ્પિટલમાં દાખલ થયો અને સેમિનાર રૂમ તરફ પ્રયાણ કર્યું તે બતાવે છે કે તેને પકડવામાં નહીં આવે એવો તેને વિશ્વાસ હતો. ૧૯૭૩માં મુંબઈની કિંગ એડવર્ડ્સ મેમોરિયલ હોસ્પિટલમાં, અરુણા શાનબાગનો કિસ્સો યાદ હશે, જેની પર બળાત્કાર થયો હતો, અને વોર્ડ બોય દ્વારા તેને મરવા માટે છોડી દેવામાં આવી હતી. અરુણા બચી ગઈ હતી, તેણી ૪૩ વર્ષ સુધી કોમામાં રહી, એક પત્રકારે ઈચ્છામૃત્યુ માટે ઝુંબેશ ચલાવી હોવા છતાં પણ તેણીના સાથીદારોએ તેને પ્રેમથી સંભાળી હતી. આખરે તેણી ગુજરી ગઈ. તેનો બળાત્કારી માત્ર સાત વર્ષની જેલની સજા ભોગવીને ભાગી ગયો હતો.

વર્તમાન કેસમાં પણ આવું જ બને તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. હત્યા કરાયેલા ડોક્ટરના ગુસ્સે થયેલા સાથીઓએ માત્ર તેના માટે ન્યાયની માંગણી કરી નથી પરંતુ તે હોસ્પિટલમાં સુરક્ષા અને સલામતીની કથળેલી સ્થિતિ તરફ પણ ધ્યાન દોર્યું છે. અને તે સંભવ છે કે શહેરની તમામ સરકારી હોસ્પિટલોમાં સમાન પરિસ્થિતિ છે.

પશ્ચિમ બંગાળમાં વિપક્ષી પક્ષોએ: પોલીસ વડા, તપાસકર્તાઓ, આરજી કાર હોસ્પિટલના સીએમઓ (મુખ્ય તબીબી અધિકારી) અને મુખ્યમંત્રીના રાજીનામાની હાકલ કરી છે. પરંતુ તેઓ તબીબી કર્મચારીઓની સલામતી અને સુરક્ષાના મુદ્દાથી વિચલિત થાય છે. ખરેખર, રાજ્ય સરકારના આ કથિત પ્રયાસો એ રાજ્ય સરકારની શિથિલતાને ઢાંકી શકશે નહીં.

# મધ્યપ્રદેશના ગ્વાલિયર- ચંબલ ક્ષેત્રમાં મહિલાઓ દ્વારા બંદૂકો સાફ કરવાની તસવીરો પોલીસ માટે મુશ્કેલીનું કારણ

(એજન્સી) તા.૧૨

મધ્યપ્રદેશના બે જુદા-જુદા જિલ્લાઓમાં બે મહિલાઓ દ્વારા કપડાં ધોવા અને બંદૂકો લહેરાવવાના વાયરલ વીડિયો અને તસવીરોએ રાજ્યમાં ઉછરી રહેલી બંદૂક સંસ્કૃતિની ચોંકાવનારી વાર્તાઓ સામે લાવી રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોના આધારે પોલીસે મુરૈના જિલ્લામાં એક ગેરકાયદેસર હથિયાર એકમનો પર્દાફાશ થયો. જ્યારે બીજા વીડિયોના આધારે પાડોશી દતિયા જિલ્લામાં પોલીસે વીડિયોમાં દેખાતી મહિલાઓને શોધવા માટે તપાસ અભિયાન શરૂ કર્યું, જેને કેટલાક લોકો 'કટ્ટા ક્વિન' કહી રહ્યા છે. મુરૈના જિલ્લાનો જે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે તેમાં એક મહિલા નવા બનેલા કટ્ટાને ધોતી દેખાઈ રહી છે, જ્યારે પાછળ એક વ્યક્તિ તેને પિસ્તોલ



સાફ કરવાનો નિર્દેશ આપી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા પછી મહુઆ પોલીસ કાર્યરત થઈ. મહુઆ સ્ટેશન ઈન્ચાર્જ પવનસિંહ મુજબ વીડિયોની ચકાસણી પછી પોલીસ ટીમે શુક્રવારે રાત્રે ગણેશપુરા વિસ્તારમાં એક ઘર પર દરોડા પાડ્યા, જે પાછલા છ મહિનાથી ગેરકાયદેસર હથિયાર બનાવવાનો ધંધો ચાલી રહ્યો હતો. ઘરમાંથી ત્રણ દેશી પિસ્તોલ અને કેટલીક અર્ધ બનેલી બંદૂકો સાથે જ ગેરકાયદેસર રીતે બંદૂકો બનાવવામાં ઉપયોગ થતા ઉપકરણ અને કાચોમાલ જપ્ત કરવામાં આવ્યો. પોલીસે મહિલાના પતિ શક્તિ સખવાર અને તેના પિતા બિહારીલાલ સખવારની પણ ધરપકડ કરી લીધી અને શસ્ત્ર કાયદા હેઠળ કેસ દાખલ કરી લીધો. પોલીસ હવે પકડાયેલા હથિયાર અને સમૂહના અન્ય સંબંધોની પણ તપાસ કરી રહી છે. ખાસ કરીને એટલા માટે કારણ કે મુરૈના જિલ્લો એક તરફ રાજસ્થાનથી તેમજ બીજી તરફ ઉત્તર પ્રદેશથી અડેલો છે.

# 'હલાલા કી ઔલાદ હો તુમ લોગ' : વીડિયોમાં ઉબેરનો ડ્રાઈવર દિલ્હીમાં મુસાફરો સાથે નફરતી અપશબ્દો સાથે વાત કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

એક વાયરલ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં એક ઉબેર ડ્રાઈવરે તેના મુસાફરો, એક મહિલા અને તેના પુરૂષ મિત્રને વાહનમાંથી અચાનક નીચે ઉતારવાની ફરજ પાડી હતી અને તેમની વચ્ચે દલીલ થઈ હતી. આ વીડિયોમાં ડ્રાઈવર મુસાફરો પર નફરત સાથે ગાળો બોલતો પણ જોવા મળ્યો હતો. કથિત રીતે આ ઘટના શુક્રવાર ૯ ઓગસ્ટની રાત્રે બની હતી. આ વીડિયો રેકોર્ડ કરતી મહિલાને વીડિયોમાં કહેતી સાંભળી શકાય છે, આ માણસ રાત્રે ૧૨.૩૦ વાગ્યે અમને રસ્તા પર છોડી ગયો છે. આ મોદીજીનું ભારત છે. ડ્રાઈવર મહિલા અને પુરુષ પેસેન્જર પર ચીસો પાડે છે કે, "હલાલા કી ઔલાદ હો તુમ લોગ (તમે બધા હલાલાના સંતાનો છો). મહિલાના જણાવ્યા પ્રમાણે ડ્રાઈવર તેના મિત્ર સાથે મહિલાની વાતચીત સાંભળી રહ્યો હતો. જ્યારે મહિલાની મિત્ર જે દિલ્હીના લોકો અને પાકિસ્તાનમાં તેના સંબંધીઓ વિશે તેના અવલોકન વિશે વાત કરી રહી હતી, તેણે કંઈક એવું કહ્યું જે ડ્રાઈવરને ગમ્યું નહીં.



**આ ડ્રાઈવર મુસાફરો તરફ જોઈને ચીસો પાડે છે કે, "હા તમે પાકિસ્તાની છો અને તમે હલાલાના સંતાન છો. આ મહિલાના જણાવ્યા અનુસાર ડ્રાઈવર તેના મિત્ર સાથે મહિલાની વાતચીત સાંભળી રહ્યો હતો. જ્યારે મહિલાની મિત્ર જે દિલ્હીના લોકો અને પાકિસ્તાનમાં તેના સંબંધીઓ વિશે તેના અવલોકન વિશે વાત કરી રહી હતી, તેણે કંઈક એવું કહ્યું જે ડ્રાઈવરને ગમ્યું નહીં**

આ વાયરલ વીડિયોમાં ડ્રાઈવર ભડક્યો તે પહેલા કેબની અંદર થયેલી દલીલને પણ કેદ કરવામાં આવી છે. પાછળની સીટ પર બેઠેલી મહિલા દ્વારા શૂટ કરવામાં આવેલ વીડિયોમાં ડ્રાઈવર મહિલાની સાથે રહેલા પુરુષ મુસાફર દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી સામે વાંધો ઉઠાવે છે. આ વીડિયોમાં ડ્રાઈવર પેસેન્જરને તેના શબ્દો પર કાબૂ રાખવા ચેતવણી આપી રહ્યો છે. ત્યારબાદ મહિલાએ સ્પષ્ટતા કરી હતી કે પુરુષ મુસાફરે દિલ્હીના લોકો વિશે સામાન્ય ટિપ્પણી કરી હતી અને તેને પાકિસ્તાન સાથે કોઈ લેવાદેવા નથી. આ સમયે, પુરુષ પેસેન્જર ડ્રાઈવરને કહે છે કે તેણે ખોટા સંદર્ભમાં ટિપ્પણી કરી છે. જો કે, ડ્રાઈવર ગુસ્સે થઈ ગયો અને મુસાફરોને મધ્યરાત્રિ થઈ ગઈ હોવા છતાં તેમના ગંતવ્ય સ્થાન પહેલા અધવચ્ચેથી નીચે ઉતરવાનું કહ્યું હતું. આ મહિલાએ કથિત રીતે સોશ્યિલ મીડિયા પર આ મુશ્કેલીભર્યો અનુભવ શેર કર્યો અને કહ્યું કે તે આ ઘટનાથી સ્તબ્ધ છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને મોટી સંખ્યામાં કોમેન્ટ્સ અને રિએક્શન્સ આવ્યા હતા.

# બિહારની શિક્ષિકા ખુશ્બુ કુમારી જેમણે પોતાની અનોખી શિક્ષણ શૈલીથી ઈન્ટરનેટ પર હોબાળો સર્જી દીધો

(એજન્સી) તા.૧૨

બિહારના બાંકાની શિક્ષિકા ખુશ્બુ કુમારીની અનોખી શિક્ષણ શૈલી દર્શાવતો વીડિયો દેશભરના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ધૂમ મચાવી રહ્યો છે. ખુશ્બૂ વિદ્યાર્થીઓને ગણિત અને અન્ય વિષયો મજેદાર રીતે શીખવવા સાથે જોડાય છે. આઈએએસ અધિકારીઓ સહિત ઘણા વપરાશકર્તાઓ ખુશ્બુની અનોખી શિક્ષણ પદ્ધતિઓની ક્લિપ્સ શેર કરી રહ્યા છે, જેનાથી તેણી ઈન્ટરનેટ સેન્સેશન બની ગઈ છે. તેમણે સરકારના ચિહકાર કાર્યક્રમ હેઠળ તેમની તાલીમનો ઉપયોગ ઉચ્ચ શાળાના બાળકોને જટિલ ભૂમિતિની સમસ્યાઓ શીખવવા માટે અને લોકપ્રિય બોલિવૂડ ગીતો શીખવવા માટે કર્યો છે જેથી ભારત સરકાર દ્વારા આયોજિત ચિહકા કાર્યક્રમનો ઉદ્દેશ્ય બાળકોને શિક્ષિત કરવાનો છે હાલમાં શાળા પ્રણાલીમાં નથી અને તેમને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં પાછા લાવો. ખુશ્બુની સફળતાના સમાચાર ટીચર્સ ઓફ બિહાર ફેસબુક ગ્રુપમાં શેર થયા બાદ દેશભરમાં ફેલાઈ ગયા હતા. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના OSD સંજય કુમારે તેમના



પ્રયાસોની પ્રશંસા કરી હતી. પ્રોથોમોટ સેકન્ડરી સ્કૂલ કાથૌનમાં, ચાહક એફએલએન (ફાઉન્ડેશનલ લિટરેસી એન્ડ ન્યુમરસી) પ્રોગ્રામ વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેની રૂચિને પ્રજવલિત કરવા, અભ્યાસક્રમની તેમની સમજને સુધારવા અને શાળામાં તેમની સતત હાજરી સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે. ખુશ્બુ કુમારીએ જણાવ્યું કે તેના સ્વર્ગસ્થ પિતા તેની ખુશખુશાલ જોઈને હંમેશા ખુશ રહેતા હતા અને તેને ડાન્સ શીખવા માટે પ્રોત્સાહિત કરતા હતા. તેના પતિ પણ તેના પ્રયત્નોને સાથ આપે છે. ચાહક કાર્યક્રમ દ્વારા તે દરેક બાળકને પોતાના ગણે છે જેના કારણે વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર વધારો થયો છે. આચાર્ય તુલસી દાસે ખાતરી કરી છે કે શાળાનું સંચાલન અને સરકાર દ્વારા નિર્દેશિત કાર્યક્રમો અત્યંત ગંભીરતા અને સમર્પણ સાથે અમલમાં આવે છે.

# પૃથ્વી હવે 'ટિપિંગ પોઈન્ટ'ની નજીક છે, અવૈજ્ઞાનિક માહિતીનો ફેલાવો (સ્યુડોસાયન્સ) 'ખતરનાક' છે : દિલ્હીમાં ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સના કાર્યક્રમમાં નિષ્ણાતોનો અભિપ્રાય

**આ વર્ષે વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા, વૈજ્ઞાનિક સંશોધનના મહત્ત્વની હિમાયત કરવા, આબોહવા પરિવર્તન વિશે જાગૃતિ ફેલાવવા માટે ધ્યાન આપવામાં આવ્યું છે**

(એજન્સી) તા.૧૨

નવી દિલ્હીમાં, દિલ્હી યુનિવર્સિટી, નોર્થ કેમ્પસ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ ખાતે શનિવારે યોજાયેલ ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ (IMFS)ના દિલ્હી ચેપ્ટરમાં પ્રોફેસરો, શિક્ષકો, કાર્યકરો અને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ આબોહવા પરિવર્તન, પર્યાવરણીય અધોગતિ વિશે તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી અને સ્યુડોસાયન્સના જોખમો અને ભારે વરસાદ અંગેના દાવાઓ માટે સહભાગીઓએ વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા અને શંકાસ્પદ દાવાઓને રદ કરવા અંગે જાગૃતિ ફેલાવી હતી.

૨૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ પૃથ્વી દિવસ નિમિત્તે માર્ચ ફોર સાયન્સ, વૈશ્વિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા અવૈજ્ઞાનિક દાવાઓ અને તેમના ક્લાયમેટ ચેન્જના ઈન્કારના વિરોધમાં આ ઈવેન્ટ શરૂ કરવામાં આવી હતી. ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ બેંગલુરુ, કોલકાતા, ચેન્નાઈ અને અમદાવાદ સહિત અનેક શહેરોમાં યોજાય છે. આ વર્ષની ઈવેન્ટનું ધ્યાન સામાન્ય લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા પર હતું; જેમાં વૈજ્ઞાનિક સંશોધનના મહત્વની હિમાયત કરવી; સ્યુડોસાયન્ટિફિક માહિતીના પ્રચારને અટકાવવું; અને આબોહવા પરિવર્તન વિશે જાગૃતિ ફેલાવવી.

કોલકાતાની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્ટિફિક એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER)ના પ્રોફેસર અને બ્રેકથ્રુ સાયન્સ સોસાયટીના જનરલ સેક્રેટરી ડૉ. સૌમિત્રો બેનર્જીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, અવૈજ્ઞાનિક માન્યતાઓનો પ્રચાર અને પર્યાવરણનું અધ:પતન એ એવા મુદ્દા છે જેના વિશે વૈજ્ઞાનિક સમુદાય ચિંતિત છે, અને અમે આ મુદ્દાઓને ઉઠાવી રહ્યા છીએ અને સરકારને આના પર ધ્યાન આપવાની માંગ કરી છે. સહભાગીઓનો પ્રતિસાદ સારો રહ્યો છે.

સ્યુડોસાયન્સ સમાજ માટે હાનિકારક અને જોખમી છે. વ્યક્તિએ પુરાવા આધારિત વિજ્ઞાનમાં વિશ્વાસ કરવો જોઈએ. વૈજ્ઞાનિક પુરાવા દર્શાવે છે કે આબોહવા પરિવર્તન ચાલુ છે. અમે 'ટિપિંગ પોઈન્ટ'ની નજીક આવી રહ્યા છીએ, અને આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ જેમ કે હીટવેવ્સ, અકાળ વરસાદ અને અચાનક પૂર એ સંકેતો છે કે આપણે ટિપીંગ પોઈન્ટની નજીક આવી રહ્યા છીએ. જો તમે 'ટિપિંગ પોઈન્ટ' પર પહોંચો છો, તો તમે પાછા





ફરી શકતા નથી. આયોજકોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે પૂરતું કામ કરી રહી નથી. ધ ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ એ એક સપ્તાહ લાંબી ઈવેન્ટ છે. દિલ્હી-એનસીઆરમાં ઉનાળામાં અતિશય ગરમી અને શિયાળામાં ગંભીર વાયુ પ્રદૂષણ એ આબોહવા પરિવર્તનને આભારી છે. આને રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો કોઈ નોંધપાત્ર પગલાં લઈ રહી નથી. વૈજ્ઞાનિક સમુદાય નીતિ ઘડનારાઓને ઘણા મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક મુદ્દાઓથી વાકેફ કરે છે. વિજ્ઞાનપ્રસાર, એક સ્વાયત્ત સંસ્થા છે જે વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે અને વિજ્ઞાન સંદેશાવ્યવહાર માટે નોડલ એજન્સી તરીકે સેવા આપે છે તેને બંધ કરવું અયોગ્ય છે.

**જળવાયુ પરિવર્તનને કારણે લાખો લોકોનાં મોત**

ભારત તેના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ૦.૮ ટકાથી ઓછો વિજ્ઞાન અને ટેક્નોલોજી પર ખર્ચ કરે છે, મોટાભાગના વિકસિત અને વિકાસશીલ દેશો તેમના જીડીપીના ૨.૮થી ૩.૫ ટકા ખર્ચ કરે છે. સ્વયંસેવકોએ વિજ્ઞાન અને તકનીકી પ્રવૃત્તિઓ પર ખર્ચ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ના માત્ર ૨.૫૯ ટકા શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે તે હકીકત ગંભીર પરિસ્થિતિ છે.

આબોહવા પરિવર્તનને નકારતા લોકો વિશેના તેમના અભિપ્રાય વિશે પૂછવામાં આવતા, કુમારે કહ્યું કે, હું તેમને કેન્દ્રીય એર-કન્ડિશન્ડ ઘરોમાં રહેવાનું બંધ કરવા અને લક્ઝરી કારમાં મુસાફરી ન કરવા કહીશ. ત્યારે તેમને ખ્યાલ આવશે કે પર્યાવરણની સ્થિતિ શું છે. આબોહવા પરિવર્તનને કારણે વિશ્વભરમાં લાખો લોકો મરી રહ્યા છે. તેમણે લદ્દાખ, કેદારનાથ અને વાયનાડના ઉદાહરણો ટાંક્યા, જ્યાં માનવ પ્રવૃત્તિથી પ્રેરિત આબોહવા પરિવર્તનની અસરો દેખાય છે. હું ૨૦ વર્ષથી દિલ્હી યુનિવર્સિટીના નોર્થ કેમ્પસમાં રહું છું. અગાઉ કેટલાય યાયાવર પક્ષીઓ આવતા હતા. હવે એક પણ પક્ષી જોવા મળતું નથી. આબોહવા પરિવર્તનને કારણે, તેઓએ સ્થળાંતર કરવાનું બંધ કરી દીધું છે.

નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ના ભાગ રૂપે, ધોરણ ૧૧ ના NCERT વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાંથી સામયિક કોષ્ટક અને ડાર્વિનની થિયરી દૂર કરવામાં આવી છે, આ વિષયો ફક્ત ૧૧ અને ૧૨ના ધોરણના એવા વિદ્યાર્થીઓ માટે રજૂ કરવામાં આવ્યા છે જેઓ વિજ્ઞાન પસંદ કરે છે. ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સના દિલ્હી પ્રકરણમાં પ્રોફેસરો અને કાર્યકરોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિજ્ઞાન કાર્યકર્તા અને ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ (દિલ્હી)ના આયોજકોમાંના એક દિનેશ મોહંતાએ ધ પ્રિન્ટને જણાવ્યું કે અવૈજ્ઞાનિક વસ્તુઓના પ્રચાર જેટલું "ખતરનાક" કંઈ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે શાળાના પુસ્તકોમાંથી અભિન્ન વિજ્ઞાન વિષયોને દૂર કરવા એ ચિંતાજનક છે, અને લાંબા ગાળે તેના ગંભીર પરિણામો આવશે.

ભૌતિકશાસ્ત્રમાં ન્યુટોનિયન મિકેનિક્સ કેવી રીતે ક્વોન્ટમ મિકેનિક્સમાં વિકસિત થયું તેનું ઉદાહરણ આપતા, મોહંતાએ જણાવ્યું હતું કે ચોક્કસ પેઢીના સંશોધકો દ્વારા અનુમાનિત વૈજ્ઞાનિક શોધો અને સિદ્ધાંતો નવી શોધોને કારણે આપણે આગળ વધીએ છીએ તેથી નવા વૈજ્ઞાનિક તથ્યોને સ્વીકારવા તૈયાર રહેવું મહત્વપૂર્ણ છે. વિજ્ઞાન એ માત્ર પૈસા કમાવવાનું સાધન નથી. વિજ્ઞાન એ 'સત્ય' છે. લોકો તેમના વૈજ્ઞાનિક જ્ઞાન ફેલાવવા માટે શહીદ થયા છે. જો આપણે વિજ્ઞાનને સ્વભાવ તરીકે ફેલાવીએ અને તેને મનોરંજક બનાવીએ, તો લોકો તેને ક્યારેય ભૂલી શકશે નહીં.

# યુપીના છોકરાએ 'થપ્પડ માર્યા બાદ દૃષ્ટિ ગુમાવી', પ્રિન્સિપાલ, શિક્ષક સામે FIR

(એજન્સી) મેરઠ, તા.૧૨

ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પગલે, મેરઠમાં પોલીસે મેરઠ કેન્ટોનમેન્ટમાં સરકારી સંચાલિત આર્મી પબ્લિક સ્કૂલના આચાર્ય અને યોગ પ્રશિક્ષક સામે "ધોરણ ૭ના વિદ્યાર્થીને થપ્પડ મારવા બદલ, જે પાછળથી અંધ બની ગયો હતો" એફઆઈઆર દાખલ કરી.

વિદ્યાર્થીની માતા, ઈન્દુ દેવીએ આક્ષેપ કર્યો હતો કે તેનો પુત્ર રેટિનાની સમસ્યાથી પીડાતો હતો અને તેની દૃષ્ટિ ખૂબ જ ઓછી હતી અને શાળાના યોગ પ્રશિક્ષક, દક્ષ (પ્રથમ નામ ઉપલબ્ધ) દ્વારા તેને જોરથી



થપ્પડ માર્યા પછી, તેના રેટિનાને વધુ નુકસાન થયું હતું.

મેરઠમાં પોલીસે આર્મી પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ અને યોગ પ્રશિક્ષક સામે ૭મા ધોરણના વિદ્યાર્થીને થપ્પડ મારવા બદલ એફઆઈઆર દાખલ કરી છે, જેણે કથિત રીતે તેની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી રેટિનાની સમસ્યાને વધુ ખરાબ કરી હતી અને અંધત્વ તરફ દોરી ગયો હતો. માતાની વિનંતીઓ છતાં, આચાર્યને કાર્યવાહી કરવામાં મહિનાઓ લાગ્યા. ત્યારથી વિદ્યાર્થીએ આંખની પાંચ શસ્ત્રક્રિયાઓ સફળતા વગર કરાવી છે.

જાણ હોવા છતાં આચાર્યએ શરૂઆતમાં કોઈ પગલાં લીધા ન હતા. શિક્ષકને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો.

### ૧૫,૦૦૦થી વધુ ગુજરાતીઓ સહભાગી બન્યા હતા

# USAમાં ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શનને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું વર્ચ્યુઅલી સંબોધન

## નાણામંત્રી કનુભાઈ દેસાઈ તથા પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વગેરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ફેડરેશન ઓફ ગુજરાતી એસો સીએશન દ્વારા USA ખાતે "વન ગુજરાત, વન ગુજરાતી, વન વોઈઝ"ની ટેગલાઈન સાથે "ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪" યોજાઈ હતી. જેમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫,૦૦૦થી વધુ ગુજરાતીઓ સહભાગી બન્યા હતા. USA ખાતે "ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪" યોજાવામાં આવ્યું હતું. તા.૨થી ૪ ઑગસ્ટ દરમિયાન યોજાયેલ આ કાર્યક્રમમાં ડલ્લાસ ખાતે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ પૂર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ ડલ્લાસ ખાતે સહભાગી થયા હતા. યુ.એસ.એ. સ્થિત લગભગ ૧૦૦ જેટલી ગુજરાતી સમુદાયની સંસ્થાઓએ સંયુક્તપણે ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન ફોગા નામની સંસ્થાની સ્થાપના કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમની સફળતા માટે પોતાનો સંદેશ પાઠવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અમેરિકામાં વસતા ગુજરાતી સમુદાયને માર્ગદર્શીત કર્યા હતાં. આ ત્રણ દિવસના કાર્યક્રમ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતાં. એસોસીએશન ઓફ યુ.એસ.એ.દ્વારા United Gujarati Summit 2024નું પહેલી વખત આયોજન કરવામાં આવ્યું હતું.

નરેન્દ્ર મોદીના "વોકલ ફોર લોકલ" ના મંત્રને ચરિતાર્થ કરતાં, ગુજરાત સરકાર તરફથી કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ તથા અન્ય મહાનુભાવોનું કચ્છના હાથ વણાટના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાલ અને અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ આપી સન્માન કરાયુ હતું.

કનુભાઈ દેસાઈએ પોતાના સંબોધનમાં ગુજરાતની વિકાસગાથા રજૂ કરી હતી. વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના, રીવરફ્રન્ટ, ગિફ્ટસિટી, ધોલેરાસર જેવા મેગા પ્રોજેક્ટ સહિતના ગુજરાતના સર્વાંગી વિકાસની વાતો ગુજરાતી સમુદાયના લોકોને વર્ણવી હતી. ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીઝ માટે બીઝનેશ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ છે. સાથે સાથે પ્રોએક્ટીવ પોલીસી મેકીંગ, મીનીમમ બેરીયર્સ ટુ સેટઅપ બીઝનેસ, ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજેસ્ટીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી ઈકોસીસ્ટમ, ડીઝીટલ ગર્વનન્સ અને ઈઝ ઓફ લીવીંગ દ્વારા ગુજરાત સરકાર ઉદ્યોગકારોને ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા આવકારી રહી છે. આ કાર્યક્રમમાં U.S.A. કોંગ્રેસના લીડર, સેનેટ મેમ્બર અને ડલ્લાસના મેયર ઉપસ્થિત રહ્યા હતા આવનારા દિવસોમાં U.S.A.ના ગુજરાતીઓનું ડેલિગેશન ગુજરાત આવે તે માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### નર્મદા ડેમમાં પાણીનો આવરો વધતાં મુખ્યમંત્રીએ કરી જાહેરાત

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોને નર્મદાનું પાણી પહોંચાડવા લેવાયો નિર્ણય

## ઉ.ગુજરાતના ૯૫૨ તળાવો અને સૌરાષ્ટ્રના ૪૦ જળાશયોમાં પાણી પહોંચાડાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો અને નાગરિકોને નર્મદાનું પાણી પહોંચાડવા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો છે, તેમાંથી આ પાણી ઉત્તર ગુજરાતના ૯૫૨ તળાવોમાં તથા સૌરાષ્ટ્રના જળાશયો તથા અન્ય તળાવોમાં પાણી પહોંચાડવાનું આયોજન કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,



સરદાર સરોવર નર્મદા બંધ એની મહત્તમ સપાટીએ પહોંચવાની તૈયારીમાં છે. ડેમની સપાટી ૧૩૫.૭૪ પર પહોંચી ગઈ છે. ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના ૧૩ દરવાજા ખોલતાં હજુ ૨ લાખ ૨૮ હજાર ૫૯ ક્યુસેક પાણીની આવક આવી રહી છે. ત્યારે ઉત્તર ગુજરાતના ચાર જિલ્લામાં પૂરના પાણીને પહોંચાડશે અને ભરાશે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૬૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓના કુલ ૯૫૨ તળાવોને જુદી-જુદી ૧૩ પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે મુખ્યમંત્રીના દિશાદર્શનમાં આગોતરૂં આયોજન કર્યું છે. હાલ આ પાઈપલાઈનો દ્વારા ૧ હજાર ક્યુસેક પાણીનું ઉદવહન કરીને આ તળાવોમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે, તે ક્રમશઃ વધારીને ૨૪૦૦ ક્યુસેક પાણીનું ઉદવહન કરીને ઉત્તર ગુજરાતના આ તળાવોમાં આગામી દિવસોમાં પહોંચાડવામાં આવશે તેવો નિર્ણય કરાયો છે.

મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતો અને નાગરિકોને પણ નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે. નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો હોવાથી આ પાણી સૌરાષ્ટ્રના જળાશયોમાં પહોંચાડવામાં આવશે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, બોટાદ, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લાઓના કુલ ૪૦ જળાશયોને જુદી-જુદી સૌની યોજનાની ૪ પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે આગોતરૂં આયોજન કર્યું છે. હાલ આ પાઈપલાઈનો દ્વારા ૧ હજાર ૩૦૦ ક્યુસેક પાણીનું ઉદવહન કરીને આ જળાશયમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે. ક્રમશઃ તેમાં વધારો કરીને ૨૦૦૦ ક્યુસેક ઉપરાંત પાણીનું ઉદવહન કરીને સૌરાષ્ટ્રના આ જળાશયો આગામી દિવસોમાં પહોંચાડવામાં આવશે. વરસાદ ખેંચાશે તો આ જિલ્લાઓના આશરે ૬૦૦ ચેકડેમ/તળાવો પણ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ પીવાના પાણીના જથ્થા માટે અનામત હોય તેવા જળાશયોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા બંધ એની મહત્તમ સપાટીએ પહોંચવામાં ૩.૨ મીટર બાકી છે. હાલ રૂલ લેવલ મેઈન્ટેન કરવા માટે ૨૩ દરવાજામાંથી ૯ ગેટ ખોલી ૧.૫૧ લાખ ક્યુસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. છેલ્લા બે દિવસમાં પાણીની સપાટીમાં ૨.૩૫ મીટરનો વધારો થયો છે. આ સાથે રાજ્યના ૬૨ ડેમ હાઈ એલર્ટ પર છે. ઉપરવાસમાં સતત પડતા વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી ૯ દરવાજા ૨.૧૦ મીટર ખોલવામાં આવ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહનું આયોજન

# રાજ્યકક્ષાના ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નડિયાદ ખાતે યોજાશે

## રાજ્યના અન્ય મંત્રીઓ-કલેક્ટર વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

ભારતના સ્વાતંત્ર્ય પર્વ-૧૫મી ઓગસ્ટ-૨૦૨૪ની રાજયકક્ષાની ઉજવણી ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે કરવામાં આવનાર છે. ૧૫મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને નડિયાદ ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠા ખાતે તથા રાજ્ય મંત્રીમંડળના સભ્યો-કલેક્ટરો વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવશે.

રાજયમાં દરવર્ષે મંત્રીમંડળના સભ્યો વગેરે જિલ્લા મથકે ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત રહે છે તે પ્રમાણે આ વખત પણ રાજયના વિવિધ જિલ્લા મથકોએ મહાનુભાવ ધ્વજવંદન કરાવશે જેમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ સુરત જિલ્લા મથકે તથા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણા ખાતે, કૃષિમંત્રી રાઘવજી પટેલ જૂનાગઢમાં, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત કચ્છમાં, કુંવરજી બાવળીયા અમરેલીમાં તેમજ ભાનુબેન બાબરીયા ગીર સોમનાથ ખાતે ધ્વજવંદન કરાવશે અન્ય મંત્રીઓ તથા કલેક્ટર વગેરે રાજયના બાકીના જિલ્લાઓમાં જઈને ધ્વજવંદન કરાવશે. જેમાં આણંદ પોરબંદર, છોટાઉદેપુર, અરવલ્લી, પાટણ, રાજકોટ, જામનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, મહીસાગર, ગાંધીનગર, નર્મદા અને ભરૂચ ખાતે સંબંધિત જિલ્લામાં કલેક્ટર દ્વારા ધ્વજવંદન કરાવાશે.

# છોટાઉદેપુર જિલ્લામાં સાત ગુલ્લીબાજ શિક્ષકો કેટલાક શિક્ષકો સતત ૧૦ વર્ષથી ગેરહાજર

## તમામ શિક્ષકોને આખરી નોટીસ : બે મહિલા શિક્ષકોનો વિદેશમાં અને અન્ય પાંચનો દેશમાં જ વસવાટ

બોડેલી તા.૧૨

છોટાઉદેપુર જિલ્લામાં સાત-સાત ગુલ્લીબાજ શિક્ષકો સામે આવ્યા છે, જેઓને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આખરી નોટિસ આપવામાં આવી હોવાનું જિલ્લા શિક્ષણાધિકારી જણાવી રહ્યા છે. સમગ્ર રાજયમાં શિક્ષણ વિભાગમાં લાલીયાવાડી ચાલી રહી છે અને તેના પુરાવા પણ સામે આવ્યા છે. આવા ગુલ્લીબાજ શિક્ષકો સામે કાર્યવાહી કરવાની રાજયના શિક્ષણમંત્રીએ ત્રણ દિવસ પહેલા છોટાઉદેપુર ખાતે વાત કરી હતી. ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં જ એક નહિ પણ સાત-સાત ગુલ્લીબાજ શિક્ષકો હોવાનું સામે આવ્યું છે કે, જેઓ દસ-દસ વર્ષથી ગેરહાજર રહ્યા છે. છતાં તેઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. છોટાઉદેપુર જિલ્લાના સાત ગુલ્લીબાજ શિક્ષકોમાં બે મહિલા શિક્ષકો વિદેશમાં વસવાટ કરે છે. ઉપરાંત બાકીના પાંચ જણા ભારત દેશમાં જ વસવાટ કરતા હોવા છતાં ગેરહાજર રહે છે. આ તમામ શિક્ષકોને અત્યાર સુધી જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી ફકત નોટીસો આપીને જ સંતોષ માન્યો છે પરંતુ કોઈ નક્કર કામગીરી કરી ન હતી. જેના ઉપરથી જિલ્લા શિક્ષણ વિભાગની કામગીરી ઉપર શંકા સેવાઈ રહી છે. આમાં એક શિક્ષક વર્ષ ૨૦૧૪ થી સતત ગેરહાજર રહે છે. મહત્ત્વની વાત એ છે કે દસ વર્ષથી તો કેટલાક શિક્ષકો છ વર્ષ જેટલા સમયથી સતત ગેર હાજર છે, આવા ગુલ્લીબાજ શિક્ષકોને શિક્ષણ વિભાગના કયા અધિકારી છાવરી રહ્યા છે? તેવા સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે.

**છોટાઉદેપુર જિલ્લામાં સતત ગેરહાજર રહેતા શિક્ષકોની યાદી**

૧) વાઘેલા કોકિલાબેન પવનસંગભાઈ, ભરકુંડા વર્ગ પ્રાથમિક શાળા, ૩-૩-૨૦૧૭ થી ગેરહાજર
૨) પરમાર મહેશભાઈ શંકરભાઈ, ડોલરિયા પ્રાથમિક શાળા, ૧૭-૪-૨૦૧૭ થી ગેરહાજર
૩) પટેલ આકાશકુમાર મહેન્દ્રભાઈ, બરોલી પ્રાથમિક શાળા, ૧૧-૬-૨૦૧૯ થી ગેરહાજર
૪) પટેલ કિર્તીકુમારી નારણભાઈ, નાખલ ૩ પ્રાથમિક શાળા, ૯-૬-૨૦૧૪ થી ગેરહાજર
૫) પટેલ હેતલબેન મહેન્દ્રભાઈ, લવેડ પ્રાથમિક શાળા, ૨-૧-૨૦૧૮ થી ગેરહાજર
૬) શાહ જાગૃતિબેન ગોપાલદાસ, કુંડી ન.વ. પ્રાથમિક શાળા, ૨૯-૬-૨૦૧૮ થી ગેરહાજર
૭) પંચાલ સ્વાતિબેન અનિલકુમાર, કલેડિયા પ્રાથમિક શાળા, ૧-૧-૨૦૨૨ થી ગેરહાજર

**પાંચ શિક્ષકોને અઠવાડિયામાં ખુલાસો કરવા નોટિસ આપી છે : DEO**

છોટાઉદેપુર જિલ્લાની છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી સાત શિક્ષકો સતત ગેરહાજર અને લાંબી રજા પર છે. તેઓને અમે ૧૫ જુલાઈના રોજ નોટિસ ઈસ્યુ કરી અને ખુલાસો રજૂ કરવા અમે જણાવેલ છે. એ પૈકી બે શિક્ષકોએ રાજીનામા આપી દીધા છે. એનો નોટિસ પે એક શિક્ષક દ્વારા ચલણથી ભરપાઈ કરી દીધેલ છે. બાકીના જે પાંચ શિક્ષકો છે. એ પાંચ શિક્ષકોને અમે વર્તમાનપત્રોમાં આ બાબતે જાહેર નિવિદા આપીને તેમની સામે ફરજમાંથી કાયમી ધોરણે મુક્ત કરવા માટેની કાર્યવાહી કરવા માટે અમે બંધાયેલા છે. જે શિક્ષકો લાંબા સમયથી જે ગેરહાજર છે. એવા શિક્ષકો સામે સમયાંતરે એમને નોટિસ આપી ખુલાસા એમના માંગેલા છે. ૧૫ જુલાઈના રોજ અમે છેલ્લી નોટિસ ઈસ્યુ કરીને એમાં સ્પષ્ટ લખી દીધેલું છે. કે આ તમને છેલ્લી તક આપવામાં આવે છે. અને દિન ૭માં આ બાબતે જે કોઈ આપનો ખુલાસો હોય એ રજૂ કરી શકો છો. અન્યથા આપની સામે એકતરફી નિર્ણય લઈ તમારી ફરજ સમાપ્તિ માટેની કાર્યવાહી કરવા માટે અમે ચાલુ કરી દઈશું એમ છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારી, જશવંત પરમારે જણાવ્યું હતુ.

### વી.એસ.હોસ્પિ. કર્મચારીઓએ આવેદનપત્ર પાઠવી કરી રજૂઆત

# વી.એસ.હોસ્પિટલમાં પગારબિલ સાથે ચેડાં : બે અધિકારીઓએ સહી ચેકી નાખી

## વહીવટી કર્મીઓએ બે અધિકારીને વિવાદાસ્પદ ગણાવી કાર્યવાહીની કરી માગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૨

મ્યુનિ. સંચાલિત વી.એસ.હોસ્પિટલમાં વહિવટી કર્મચારીઓનાં પગારબિલમાં ચેડા કરવાનો વિવાદ વકર્યો છે, પરંતુ વી.એસ. બોર્ડ કે ઉચ્ચ અધિકારીઓએ હજુ સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરી હોય તેવુ જાણવા મળ્યુ નથી.

વી.એસ.હોસ્પિટલનાં સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, વી.એસ.માં મુકાયેલાં મ્યુનિ.ના બે અધિકારી છેલ્લા કેટલાક સમયથી કર્મચારીઓ ઉપર માનસિક ત્રાસ ગુજારી રહ્યાં છે અને મનમાની કરી રહ્યાં છે. સૂત્રોએ કહ્યું કે, વી.એસ.નાં વહિવટી કર્મચારીઓનુ દર મહિને પગારબિલ બને તેમાં બિલ કલાર્ક, સિનિયર કલાર્ક, હેડકલાર્ક, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તથા ડે. ડાયરેક્ટર, ડે.સુપ્રિટેન્ડન્ટ અને સુપ્રિટેન્ડન્ટની સહી કરાવવામાં આવે છે. તાજેતરમાં કર્મચારીઓનાં પગારબિલમાં બે અધિકારીઓએ સહિ કરી અને પછી સુપ્રિટેન્ડન્ટ નહિ હોવાથી ડે.સુપ્રિટેન્ડન્ટની સહિ કરાવવામાં આવી હતી. ડે.સુપ્રિટેન્ડન્ટની સહિ થઇ પાછા આવેલાં પગારબિલમાંથી બે અધિકારીઓની સહિ ચેકી નાખવામાં આવેલી જણાઇ હતી. આ બાબત ધ્યાને આવતાં કર્મચારીઓમાં ચર્ચા વ્યાપક બની હતી અને બે અધિકારીઓએ તેમની સહિ કેમ ચેકી નાખી તેવા સવાલો શરૂ થયાં હતા. આ બાબતને પગારબિલ સાથે ચેડા ગણાવી કર્મચારીઓએ ડે.સુપ્રિટેન્ડન્ટ સમક્ષ પગારબિલ રજૂ કર્યું હતું. સહિ ચેકી નાખેલ પગારબિલ જોઇ ડે.સુપ્રિટેન્ડન્ટે પણ ચોંકી ઉઠયા હતા આ સાથે કર્મચારીઓએ આવેદનપત્ર પણ આપ્યું હતું. આવેદનપત્રમાં પગારબિલમાં સહિ ચેકી નાખનારા બે અધિકારી સામે કડક પગલા લેવાનુ લખી આપ્યું હતું. વી.એસ.નાં કર્મચારીઓએ એવો આક્ષેપ કર્યો હતો કે, પગારબિલમાં સહિ ચેકી નાખી ચેડા કરનારા અધિકારીઓએ તેમનો વિશ્વાસ ગુમાવ્યો છે અને આ અધિકારીઓએ અન્ય ફાઈલોમાં પણ આ પ્રકારે ચેડા કર્યા હોવાની આશંકા છે તેથી તેમના તાબા હેઠળની તમામ ફાઈલોની વિજીલન્સ તપાસ કરાવવી જોઈએ તેવી માંગણી કરી છે. કર્મચારીઓએ વી.એસ.નાં સંચાલન માટે મેયરનાં અધ્યક્ષપદ હેઠળનાં વી.એસ. બોર્ડ સામે પણ નારાજગી વ્યકત કરતાં કહ્યું કે, શાસક ભાજપને પણ હવે વી.એસ.હોસ્પિટલની કોઇ પડી નથી અને અધિકારી રાજ પ્રવર્તી રહ્યું છે. તેના કારણે વી.એસ.ની પ્રતિષ્ઠા ખરડાઇ છે અને દર્દીઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી રહી છે. જોકે સામે પક્ષે બે અધિકારીઓનુ કહેવુ છે કે, વી.એસ.માં કેટલાક ખાઇબદેલા કર્મચારીઓ કોઇને ગાંઠતા નથી. વી.એસ.માં દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે કામ કરવાનુ કહેવાય છે, જે આવા કર્મચારીઓને ગમતુ નથી એટલે વાહિયાત આક્ષેપ કરી રહ્યાં છે.

### ઉમેદવારો તા.૧૬ ઓગસ્ટથી અરજી કરી શકશે

# રાજ્યના ગૌણ સેવા મંડળ દ્વારા વધુ એકવાર ભરતીની જાહેરાત કરાઈ

## ફાયરમેન-કમ-ડ્રાઈવરની કુલ ૧૧૭ જગ્યાઓ પર ભરતી કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૨

સરકારી નોકરી કરવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૧૭ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળે આપેલી માહિતી પ્રમાણે ફાયરમેન-કમ-ડ્રાઈવરની કુલ ૧૧૭ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. પરંતુ આ ભરતી કરાર આધારિત છે. આ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી છે. ગૌણ સેવાએ આપેલી માહિતી પ્રમાણે કુલ ૧૧૭ જગ્યા ભરવામાં આવશે. જેમાં નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓમાં ૯ જગ્યા અને ગાંધીનગર મહાનગર પાલિકામાં ૧૦૮ જગ્યાઓ ભરવામાં આવશે. આ તમામ જગ્યાઓ કરાર આધારિત છે. જે પોસ્ટ પર ભરતી થનાર છે. તેમાં ફાયરમેન-કમ-ડ્રાઈવરને રૂ.૨૬ હજાર ફિકસ પગાર અપાશે. ફોર્મ ભરવાની શરૂઆત ૧૬ ઓગસ્ટથી થશે અને ઉમેદવારો ૩૧ ઓગસ્ટ સુધી ફોર્મ ભરી શકશે. આ પરીક્ષા માટેની પરીક્ષા ફી બિન અનામત વર્ગ માટે ૫૦૦ રૂપિયા તથા અનામત વર્ગ માટે ૪૦૦ રૂપિયા નિર્ધારીત કરાઈ હોવાનું મંડળની યાદી દ્વારા જણાવાયું છે.

# 'યૂનાની' સારવાર પદ્ધતિને સમાન હક આપવા દરખાસ્ત

## કેન્દ્રીય આયુષ મંત્રીને કરાઈ અપીલ

અમદાવાદ,તા.૧૨

મહેકર મહારાષ્ટ્ર ખાતે તા.૧૧ ઓગસ્ટના રોજ આયુષ ઈન્ટરનેશનલ મેડિકલ એસોસિએશન તરફથી એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભારતભરના નામાંકિત આયુષ પદ્ધતિના ડોકટરોએ હાજરી આપી હતી. આ સમારંભમાં કેન્દ્રીય આયુષ મંત્રી પ્રકાશરાવ જાધવ પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આયુષ ઈન્ટરનેશનલ મેડિકલ એસોસિએશનના યૂનાની પ્રેસિડેન્ટ ડો. હકીમ તમીમએ કુરેશીએ કેન્દ્રીય આયુષ મંત્રી પ્રકાશરાવ જાધવની મુલાકાત કરીને રાજયમાં યૂનાની સારવાર પદ્ધતિની પરિસ્થિતિથી માહિતગાર કૃયા હતા, અને ગુજરાત અને આખા ભારતમાં યૂનાની પદ્ધતિની સારવારથી જનકલ્યાણ માટે યૂનાની પદ્ધતિનું વિશાળ પ્રચાર અને પ્રસાર થાય એવા અગત્યના મુદ્દાઓ ઉપર ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ ડો. હકીમ તમીમએ કુરેશીએ ગુજરાતમાં યૂનાનીનું સંશોધન કેન્દ્ર સ્થાપવાની પણ દરખાસ્ત કરી હતી જે ભારત સરકારના આયુષ ડિપાર્ટમેન્ટના સીસીઆરયુએમના હેઠળ ચાલે છે. આયુષ ઈન્ટરનેશનલ મેડિકલ એસોસિએશનના વાઈસ ચેરમેન ડો. નીતિન રાજે પાટિલે કેન્દ્ર આયુષમંત્રીને યૂનાનીના મુદ્દાઓ લઈને ખાસ દરખાસ્ત કરી હતી. કેન્દ્રીય આયુષમંત્રી એ ડો. હકીમ તમીમએ કુરેશીને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે યૂનાની સારવાર પદ્ધતિ પણ આપણા ભારતની પરંપરાગત અને પ્રાચીન પદ્ધતિ છે અને ભારત સરકારનું આયુષ મંત્રાલય એ યૂનાની પદ્ધતિની પૂરેપુરૂ સહકાર આપવા માટે તૈયાર છે.

# અમદાવાદમાં પોલીસકર્મીઓ માટે ફ્રી મેગા મેડીકલ કેમ્પ યોજાયો



અમદાવાદ, તા.૧૨

રવિવારે એપીએમસી જમાલપુર હોલ હાથીખાના સામે ઝોન-૩ના તમામ પોલીસ સ્ટાફ માટે એબીસી ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી ફ્રી મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં કાર્ડિયોલોજીસ્ટ, નેફ્રોલોજી, નીરોલોજીસ્ટ, પ્લમોલોજીસ્ટ, ગેસ્ટો, સાયકયટ્રીસ, વગેરે ડોકટરો દ્વારા તમામ લોકોને મફત ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. આ કેમ્પમાં લોહીની તપાસ ફેફસાની તપાસ કેલ્સિયમની તપાસ આંખોની તપાસ તદ્દન ફ્રી કરવામાં આવી હતી. આ કેમ્પમાં આશરે ૩૦૦થી ૪૦૦ પોલીસ સ્ટાફના માણસોએ લાભ લીધો હતો આ કેમ્પમાં પીઆઈ એચ.વી. ભાટી સિનિયર પોલીસ ઈન્સપેકટર અને પીઆઈ એચ.વી. ધંધુકીયા સેકન્ડ પોલીસ ઈન્સપેકટર હાજર રહ્યા હતા અને તેઓએ એબીસી ટ્રસ્ટના પ્રેસિડન્ટ જી.એ. શેખ (મુન્નાભાઈનો) આભાર વ્યકત કર્યો હતો. પ્રેસિડન્ટ મુન્નાભાઈ શેખના જણાવ્યા પ્રમાણે આ કેમ્પ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન દ્વારા ઝોન-૩ તમામ પોલીસ સ્ટાફ માટે તદ્દન ફ્રી રાખવામાં આવ્યો હતો.

## પ્રથમ ક્રાંતિકારી આરોગ્ય વીમા પ્રોડકટ એલિવેટ લોન્ચ

અમદાવાદ,તા.૧૨

ભારતની અગ્રણી પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ કંપની ICICIલોમ્બાર્ડે તેની ક્રાંતિકારી હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોડકટ 'એલિવેટ' રજુ કરી છે. AIથી સંચાલિત પોતાની રીતે આગવી હેલ્થ પ્રોડકટ અત્યાધુનિક વિશેષતાઓ અને એડ-ઓન્સથી સુસજ્જ છે, જે ગ્રાહકોને તેમની વિવિધતાપૂર્ણ જીવનશૈલી, મેડિકલ ઈમર્જન્સી અને તબીબી ક્ષેત્રમાં સારવારના વધી રહેલા ખર્ચને પહોંચી વળવા માટે સક્ષમ બનાવે છે.

### વિક્રમ સારાભાઈની જન્મજયંતી નિમિત્તે

# એફ.ડી. શાળાના વિદ્યાર્થીઓએ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની મુલાકાત લીધી



અમદાવાદ,તા.૧૨

વિક્રમ સારાભાઈ જન્મ જયંતી નિમિત્તે સ્પેસ ડેની ઉજવણી એફ.ડી. હાઈસ્કૂલ મકતમપુરા દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૫૦ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ)ની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ પીઆરએલના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. પહેલા, તેઓ કોસ્મોસ પેલેવ્યુમમાં ગયા, જયાં વૈજ્ઞાનિકોએ ગ્રહો અને તારાઓ વિશે વિસ્તૃત માહિતી આપી. અહીં, તેઓને વૈજ્ઞાનિક ઉપકરણો અને પ્રયોગો દેખાડવામાં આવ્યા વિદ્યાર્થીઓએ ટેલિસ્કોપ દ્વારા નિરીક્ષણ, ભૌતિકશાસ્ત્રની લેબોરેટરી, પૃથ્વી વિજ્ઞાન વિભાગ જેવા વિભાગોની મુલાકાત લીધી હતી. આ પ્રકારના શૈક્ષણીક પ્રવાસો વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણીક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણોને વિસ્તૃત કરવામાં સહાયરૂપ બનશે. પીઆરએલની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને મળેલા અનુભવ અને જ્ઞાનને તેઓ જીવનભર યાદ રાખશે. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે શાળાનાં શિક્ષક વાય.એ. ખટુંબરા, એમ.એમ. તીરમીઝી, સૈયદ ફલકનાઝ પણ જોડાયા હતા. એમ અખબારી યાદીમાં આચાર્ય એમ.આઈ. પટેલે જણાવ્યું છે.

## શહેરમાં દેવાંગ મહેતા આઈટી એવોર્ડસ-૨૦૨૪ યોજાયો

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં દેવાંગ મહેતા આઈટી એવોર્ડસ ૨૦૨૪ તથા મેવરીક ઈફેકટ એઆઈ ચેલેન્જ ૨૦૨૪નું આયોજન કરાયું હતું. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ દેવાંગ મહેતાના વારસાને માન આપવા માટે આયોજિત કરવામાં આવે છે. દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને નાસ્કોમ દ્વારા સંયુકત રીતે દેવાંગ મહેતા આઈટી એવોર્ડ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય ગુજરાતમાં ઈજનેરો માટે ટેલેન્ટ પુલ બનાવવાનો અને ભાવિ મેરીટોરીયસ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સમક્ષ પ્રદર્શિત કરવાનો, કૌશલ્યના અંતરનું મુલ્યાંકન કરવાનો અને પ્રદેશના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ટેકો આપવાનો છે.

# સુપ્રીમ કોર્ટે અદાણીની તપાસ CBI અથવા SITને ટ્રાન્સફર કરવી જ જોઈએ, સેબી સમજૂતી કરે તેવી સંભાવના : કોંગ્રેસ

(એજન્સી) તા.૧૨

અમેરિકા સ્થિત શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરપર્સન માધાબી બુચ સામે કરાયેલા આક્ષેપોને પગલે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોમવારે આ મામલે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) તપાસની તેમની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. અદાણી ગ્રૂપના કેટલાક નાણાકીય વ્યવહારોની ચાલી રહેલી તપાસ અંગે સેબીના નિવેદનના જવાબમાં રમેશે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'કાર્યવાહી મહત્ત્વની છે, ગતિવિધિઓ નહીં.' હિંડનબર્ગ રિસર્ચ દ્વારા સેબીના ચેરપર્સન માધાબી બુચ અને તેમના પતિએ કથિત અદાણી મની સિફનિંગ કૌભાંડ સાથે જોડાયેલા ગુપ્ત ઓફશોર ફંડમાં હિસ્સો ધરાવતા હોવાના આક્ષેપો પછી તેમનું નિવેદન આવ્યું છે. અદાણી ગ્રૂપના અમુક નાણાકીય વ્યવહારોની ચાલી રહેલી તપાસ પર ૧૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજના નિવેદનમાં સેબીએ અતિસંવેદનશીલતાની છબી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. રમેશે ટ્વિટર પર પોસ્ટ કરેલા પત્રમાં જણાવ્યું હતું કે તેણે ૧૦૦ સમન્સ મોકલ્યા છે ૧,૧૦૦ પત્રો અને ૩૦૦ પાનાના દસ્તાવેજો તપાસ્યા, પરંતુ તે મુખ્ય મુદ્દાઓથી ધ્યાન હટાવે છે. તેમણે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સેબીના ચેરમેનને લખેલા એક પત્રને પણ ટાંક્યો હતો, જેમાં એજન્સીને



ભારતના નાણાકીય બજારોના મેનેજર તરીકેની ભૂમિકાને આગળ વધારવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે તેમને ક્યારેય કોઈ જવાબ મળ્યો નથી. 'ફેબ્રુઆરી ૧૪, ૨૦૨૩ના રોજ, મેં સેબીના ચેરમેનને પત્ર લખીને સેબીને વિનંતી કરી કે 'આ બજારોની ઉચિતતા પર આધાર રાખનારા લાખો ભારતીયો વતી ભારતના નાણાકીય બજારોના કારભારી તરીકેની ભૂમિકા નિભાવે.' મને ક્યારેય કોઈ જવાબ મળ્યો નથી.

# હિન્ડબર્ગ-અદાણી વિવાદ : વિવાદની ક્રોનોલોજી સમજો

(એજન્સી) તા.૧૨

અમેરિકાની શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ રિસર્ચે ફરી અદાણી ગ્રુપને લઈને મોટો દાવો કર્યો છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સેબીના ચેરપર્સન માધ્વી પુરી બુચ પણ અદાણી ગ્રુપ સાથે મળેલા હતા. આ જ કારણ છે કે અદાણી પર થયેલ ગંભીર ખુલાસાના ૧૮ મહિના બાદ પણ સેબી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. હિંડનબર્ગ રિસર્ચે ગુપ્ત દસ્તાવેજો જાહેર કરીને દાવો કર્યો છે કે અદાણી જૂથની કથિત નાણાકીય ગેરરીતિમાં ઉપયોગમાં લીધેલી વિદેશી ફંડ અને કંપનીઓમાં SEBI ચેરપર્સન માધ્વી પુરી બુચ અને તેમના પતિનો પણ હિસ્સો છે. હિંડનબર્ગનો દાવો છે કે ઑફશોર મોરિશસ ફંડની સ્થાપના ઈન્ડિયા ઈન્ફોલાઈનના માધ્યમથી અદાણીના એક ડિરેક્ટર દ્વારા કરવામાં આવી હતી. રિપોર્ટમાં દસ્તાવેજો સાથે દાવો કર્યો છે કે સેબીના વર્તમાન ચેરમેન માધ્વી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચ પાસે અસ્પષ્ટ ઑફશોર બરમૂડા અને મોરિશસ ફંડમાં ગુપ્ત ભાગીદારી હતી. જેનો ઉપયોગ ગૌતમ અદાણીના ભાઈ વિનોદ અદાણીએ કર્યો હતો. આટલું જ નહીં માધ્વી બુચ અને તેમના પતિએ ૫ જૂન, ૨૦૧૫ના રોજ સિંગાપોરમાં IPE પ્લસ ફંડમાં પોતાનું ખાતું ખોલાવ્યું હતું. હિંડનબર્ગનું માનવું છે કે અદાણીને જાણ હતી કે સેબી ચેરપર્સનનો ઑફશોર કંપનીમાં ભાગ છે. SEBI દ્વારા હસ્તક્ષેપના જોખમ છતાં તેમ છતાં અદાણીએ પોતાનું કામ ચાલુ રાખ્યું. તેનાથી સમજી શકાય છે કે માધ્વી પુરી બુચ અને અદાણી ગ્રુપ વચ્ચે કોઈ સંબંધ છે. તો ચાલો જાણીએ આ બંનેના વિવાદની આખી ટાઈમ લાઈન.

૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ : હિંડનબર્ગે 'અદાણી ગ્રુપ : હાઉ ધ વર્લ્ડસ ૩જી રિચેસ્ટ મેન ઈઝ પુલિંગ ધ લાર્જેસ્ટ કોન ઈન કોર્પોરેટ હિસ્ટ્રી' નામ હેઠળ તેનો રિપોર્ટ બહાર પાડ્યો અને શેરની કિંમતમા હેરાફેરીના આક્ષેપો કર્યા. ત્યારે અદાણીના શેરના ભાવમાં જોરદાર કડાકો બોલાઈ ગયો હતો.

૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ : અદાણી FPF સંપૂર્ણપણે સબ્સ્ક્રાઈબ કર્યું.

ફેબ્રુઆરી ૨૦૨૩ : ભારતની સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલી PILમાં હિંડનબર્ગના દાવાઓની તપાસ માટે એક સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી.

૨ માર્ચ, ૨૦૨૩ : SCએ SEBIને આરોપોની તપાસ બે મહિનામાં પૂર્ણ કરવા કહ્યું. વધુમાં, તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા



નિષ્ણાતોની છ સભ્યોની પેનલની રચના કરવામાં આવી.

૮ માર્ચ, ૨૦૨૩ : નિષ્ણાત પેનલ સીલબંધ કવરમાં SCને રિપોર્ટ સબમિટ કરાયું. અહેવાલમાં જણાવાયું છે કે અદાણીના મુદ્દામાં કોઈ નિયમનકારી નિષ્ફળતા નથી અને અદાણી કંપનીઓમાં 'હેરાફેરીની કોઈ સ્પષ્ટ પેટર્ન' નથી.

૧૭ મે, ૨૦૨૩ : કોર્ટ દ્વારા સેબીને તેનો તપાસ અહેવાલ સબમિટ કરવા માટે વધુ સમય આપવામાં આવ્યો હતો. તેની નવી તારીખ ૧૪ ઓગસ્ટ હતી. સેબીએ ૨૫ ઓગસ્ટે એફિડેવિટ ફાઈલ કરી.

જાન્યુઆરી ૨૦૨૪ : સુપ્રીમ કોર્ટએ આ મુદ્દાની CBI તપાસની માંગ કરતી અરજીને ફગાવી દીધી.

૩ જાન્યુઆરી, ૨૦૨૪ : ગૌતમ અદાણીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદાએ સાબિત કર્યું છે કે સત્ય હંમેશા જીતે છે.

જૂન ૨૦૨૪ : અદાણીના શેર્સે તેમનું પ્રી-હિંડનબર્ગ સ્તર પાછું મેળવ્યું.

જુલાઈ ૨, ૨૦૨૪ : હિંડનબર્ગ કહે છે કે SEBIએ તેને નોટિસ પાઠવી છે કે તેણે ભારતીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. હિન્ડેનબર્ગ આરોપને નકારે છે.

ઑગસ્ટ ૧૦, ૨૦૨૪ : Hindenburg X પર એક રહસ્યમય પોસ્ટ કરીને દાવો કરે છે કે ભારતમાં કંઈક મોટું થવાનું છે અને એ જ દિવસે હિન્ડેનબર્ગ સેબીના વડા માધબી પુરી-બુચ સામે તેના આરોપો પ્રકાશિત કરે છે.

ઑગસ્ટ ૧૧, ૨૦૨૪ : માધવી પુરી-બુચ અને તેમના પતિએ આરોપોને નકારતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું.

# હિન્ડનબર્ગ : SEBIના ચેરપર્સન માધબી પુરી બુચ તેમની કન્સલ્ટિંગ ફર્મ્સ દ્વારા ડીલ કરાયેલા ક્લાયન્ટ્સ અંગે સ્પષ્ટતા કરે

## બુચ અને તેના પતિએ હિન્ડનબર્ગના તાજેતરના આરોપોને SEBIની વિશ્વસનીયતા પર હુમલો ગણાવતા નિવેદન બહાર પાડ્યાના કલાકો બાદ અને 'ચારિત્ર્ય હનન'નો પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યા બાદ હિન્ડનબર્ગે સોશિયલ મીડિયા પોસ્ટ્સની શ્રેણીમાં જણાવ્યું હતું કે, તેમના પ્રતિભાવમાં ઘણા મહત્ત્વપૂર્ણ મુદ્દા સામેલ છે અને અસંખ્ય નવા જટિલ પ્રશ્નો ઊભા થયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

સેબીના ચેરપર્સન માધબી પુરી બુચે હવે અસ્પષ્ટ બર્મુડા/મોરેશિયસ ફંડ માળખામાં તેમના રોકાણની જાહેરમાં પુષ્ટિ કરી છે. યુએસ શોર્ટ-સેલર હિન્ડનબર્ગ રિસર્ચે જણાવ્યું હતું કે, તેઓ તેમના ઓફશોર સિંગાપોર તેમજ ભારતીય કન્સલ્ટિંગ ફર્મ્સ સાથેના તમામ કન્સલ્ટિંગ ક્લાયન્ટ્સ અંગે સ્પષ્ટતા કરે.

બુચ અને તેના પતિએ હિન્ડનબર્ગના તાજેતરના આરોપોને સેબીની વિશ્વસનીયતા પર હુમલો ગણાવતા નિવેદન બહાર પાડ્યાના કલાકો બાદ અને 'ચારિત્ર્ય હનન'નો પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યા બાદ હિન્ડનબર્ગે સોશિયલ મીડિયા પોસ્ટ્સની શ્રેણીમાં જણાવ્યું હતું કે, તેમના પ્રતિભાવમાં ઘણા મહત્ત્વપૂર્ણ મુદ્દા સામેલ છે અને અસંખ્ય નવા જટિલ પ્રશ્નો ઊભા થયા છે. તેણે જણાવ્યું હતું કે, બુચનો પ્રતિભાવ હવે જાહેરમાં વિનોદ અદાણી દ્વારા કથિત રૂપે ઉપાડવામાં આવેલા નાણાંની સાથે અસ્પષ્ટ બર્મુડા/મોરેશિયસ ફંડ માળખામાં તેના રોકાણની પુષ્ટિ કરે છે. તેણે એ પણ પુષ્ટિ કરી કે આ ફંડ તેના પતિના બાળપણના મિત્ર દ્વારા ચલાવવામાં આવ્યું હતું, જે તે સમયે અદાણીના ડિરેક્ટર હતા.

હિન્ડનબર્ગે શનિવારે આરોપ મૂક્યો હતો કે, સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ અને તેમના પતિએ બર્મુડા અને મોરેશિયસમાં અસ્પષ્ટ ઓફશોર ફંડ્સમાં અઘોષિત રોકાણ કર્યું હતું, તે જ કંપનીઓનો કથિત રીતે ઉપયોગ રાઉન્ડ-ટ્રીપ ફંડ્સ અને શેરના ભાવમાં વધારો કરવા જૂથના ચેરમેન ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણી દ્વારા કરવામાં આવ્યો હતો.

તેના જવાબમાં બુચ અને તેના પતિ ધવલ બુચે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, ૨૦૧૭માં સેબીના પૂર્ણ-સમયના સભ્ય તરીકે તેમની નિમણૂક અને માર્ચ ૨૦૨૨માં ચેરપર્સન તરીકે ત્યારપછીની પદવી અને સત્તા મેળવ્યા પહેલાં જ સિંગાપોરમાં રહેતા ખાનગી નાગરિકો તરીકે ૨૦૧૫માં રોકાણ કરવામાં આવ્યું હતું. સેબીમાં તેમની નિમણૂક પર આ ભંડોળ નિષ્ક્રિય બની ગયું હતું.

હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, સેબીને અદાણી મામલાને લગતા રોકાણ ભંડોળની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જેમાં બુચ દ્વારા વ્યક્તિગત રીતે રોકાણ કરવામાં આવ્યું હતું અને તે જ પ્રાયોજક દ્વારા ભંડોળનો સમાવેશ થશે જે ખાસ કરીને અમારા મૂળ અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ દેખીતી રીતે હિતોનો મોટો સંઘર્ષ છે.

બુચના નિવેદન અનુસાર ધવલના બાળપણના મિત્ર અનિલ આહુજાની સલાહ પર બે ફંડમાં રોકાણ કરવામાં આવ્યું હતું, જે વ્યક્તિ હિન્ડનબર્ગે શનિવારે મોરેશિયસ સ્થિત IPE પ્લસ ફંડના સ્થાપક અને ચીફ



ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર (CIO) તરીકે ઓળખાવી હતી અને જે અદાણી જૂથે પણ રવિવારે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, અદાણી પાવર (૨૦૦૭-૨૦૦૮)માં 3i ઈન્વેસ્ટમેન્ટ ફંડના નોમિની હતા અને જૂન ૨૦૧૭માં પૂરા થતાં નવ વર્ષ સુધી ત્રણ ટર્મ માટે અદાણી એન્ટરપ્રાઈઝના ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.

હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, બુચના નિવેદનમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, તેમણે સ્થાપેલી બે કન્સલ્ટિંગ કંપનીઓ, જેમાં ભારતીય એન્ટિટી અને અપારદર્શક સિંગાપોરિયન એન્ટિટીનો સમાવેશ થાય છે. ૨૦૧૭માં સેબી સાથેની તેમની નિમણૂક પર તરત જ નિષ્ક્રિય થઈ ગઈ હતી અને તેના પતિએ ૨૦૧૯માં કાર્યભાર સંભાળ્યો હતો. તેની નવીનતમ શેરહોલ્ડિંગ સૂચિ મુજબ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં અગોરા એડવાઈઝરી લિમિટેડ (ભારત)માં હજુ પણ ૯૯ ટકા માલિકી માધબી બુચની છે, આ એન્ટિટી હાલમાં સક્રિય છે અને કન્સલ્ટિંગ રેવન્યુ જનરેટ કરી રહી છે.

તેણે આરપો મૂક્યો કે, ઉપરાંત સિંગાપોરના રેકોર્ડ મુજબ તે ૧૬ માર્ચ, ૨૦૨૨ સુધી અગોરા પાર્ટનર્સ સિંગાપોરની ૧૦૦ ટકા શેરહોલ્ડર રહી, સેબીના હોલ ટાઈમ સભ્ય તરીકે તેના સમગ્ર સમય દરમિયાન તેની માલિકી રહી. સેબીના ચેરપર્સન તરીકેની નિમણૂકના બે અઠવાડિયા પછી જ તેમણે તેના શેર તેના પતિના નામે ટ્રાન્સફર કર્યા. માધબી પુરી બુચ અને તેના પતિ ધવલ બુચે એક સંયુક્ત નિવેદનમાં અહેવાલમાં કરવામાં આવેલા આરોપો અને પ્રહારો પાયાવિહોણા હોવાનું જણાવી તેને ભારપૂર્વક નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે, આરોપો કોઈપણ સત્યથી વંચિત છે. સેબીએ પણ તેના અધ્યક્ષનો બચાવ કર્યો હતો. બે પાનાના નિવેદનમાં તેણે જણાવ્યું હતું કે, બુચે સમયાંતરે સંબંધિત ખુલાસો કર્યા હતા અને તેમણે હિતોના સંભવિત ટકરાવ સાથે સંકળાયેલી બાબતોમાં પણ પોતાને અલગ કરી દીધા હતા. અદાણી જૂથે પણ સેબીના વડા સાથેના કોઈપણ વ્યાપારી વ્યવહારનો ઈન્કાર કર્યો હતો, જ્યારે સંપત્તિ વ્યવસ્થાપન એન્ટિટી 360ONE - અગાઉ IIFL વેલ્થ મેનેજમેન્ટ તરીકે ઓળખાતું હતું તેણે અલગથી જણાવ્યું હતું કે, બુચ અને તેના પતિ ધવલ બુચનું IPE-પ્લસ ફંડ ૧માં રોકાણ કુલ નાણાપ્રવાહના ૧.૫ ટકા કરતાં ઓછું હતું અને કે તેણે અદાણી ગ્રુપના શેરમાં કોઈ રોકાણ કર્યું નથી.

હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, તેમણે જે સિંગાપોરની કન્સલ્ટિંગ એન્ટિટી સ્થાપી છે તે તેની આવક અથવા નફા જેવી નાણાકીય બાબતોની જાહેરમાં જાણ કરતી નથી અને તેથી સેબીમાં તેના સમય દરમિયાન આ એન્ટિટીએ કેટલી કમાણી કરી છે તે જોવું અશક્ય છે. ભારતીય એન્ટિટી હજુ પણ ૯૯ ટકા સેબી ચેરપર્સનની માલિકીની છે, તેણે નાણાકીય વર્ષો ('૨૨, '૨૩ અને '૨૪) દરમિયાન આવકમાં ૨,૩૯,૮૫,૦૦૦ (U ~$3,12,000) જનરેટ કર્યા છે. તેના નાણાકીય નિવેદનો અનુસાર તેઓ ત્યારે અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા હતા. હિન્ડનબર્ગે વ્હિસલબ્લોઅર દસ્તાવેજોને ટાંકીને જણાવ્યું હતું કે, સેબીના હોલ ટાઈમ મેમ્બર તરીકે સેવા આપતી વખતે બુચે તેના પતિના નામનો ઉપયોગ કરીને બિઝનેસ કરવા માટે તેના અંગત ઈમેલનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૭માં અઠવાડિયા આગળ SEBI હોલ ટાઈમ મેમ્બર તરીકેની તેમની નિમણૂક બાદ તેમણે અદાણી સાથેના સંબંધો સાથેના ખાતાઓ 'માત્ર તેમના પતિ ધવલ બુચના નામે નોંધાયેલા હોવા જોઈએ', વ્હીસલબ્લોઅર દસ્તાવેજો મુજબ સુનિશ્ચિત કર્યું. અસ્વીકાર્ય નિયંત્રણ હોવા છતાં તેમણે સેબીની મુદતમાં એક વર્ષ માટે મોકલેલ ખાનગી ઈમેઈલ દર્શાવે છે કે, તેમણે વ્હિસલબ્લોઅર દસ્તાવેજો મુજબ તેમના પતિના નામ દ્વારા ફંડમાં હિસ્સો રિડીમ કર્યો હતો. આનાથી પ્રશ્ન ઊભો થાય છેઃ સેબીના અધ્યક્ષે સત્તાવાર પદ પર સેવા આપતાં તેમના પતિના નામ દ્વારા અન્ય કયા રોકાણો અથવા વ્યવસાયમાં રોકાયેલા છે? તે પૂછવામાં આવ્યું હતું. હિન્ડનબર્ગના જણાવ્યા મુજબ બુચે જણાવ્યું હતું કે, તેમના પતિએ ૨૦૧૯થી શરૂ થયેલી કન્સલ્ટિંગ એન્ટિટીનો ઉપયોગ અનામી ભારતીય ઉદ્યોગના અગ્રણી ગ્રાહકો સાથે વ્યવહાર કરવા માટે કર્યો હતો.

તેણે પૂછ્યું, શું આમાં એવા ગ્રાહકોનો સમાવેશ થાય છે જે સેબીને નિયમન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે?

હિન્ડનબર્ગે પૂછ્યું, બુચના નિવેદનમાં સંપૂર્ણ પારદર્શિતા માટેની પ્રતિબદ્ધતાનું વચન આપવામાં આવ્યું હતું. આ જોતાં શું તે ઓફશોર સિંગાપોર કન્સલ્ટિંગ ફર્મ, ભારતીય કન્સલ્ટિંગ ફર્મ અને તેમની અથવા તેમના પતિને રસ હોઈ શકે તેવી અન્ય કોઈપણ એન્ટિટી દ્વારા કન્સલ્ટિંગ ક્લાયન્ટ્સની સંપૂર્ણ સૂચિ અને જોડાણોની વિગતો જાહેરમાં જાહેર કરશે?

તેણે આગળ પૂછ્યું કે, આખરે શું સેબીના અધ્યક્ષ આ મુદ્દાઓની સંપૂર્ણ, પારદર્શક અને જાહેર તપાસ માટે પ્રતિબદ્ધ થશે?

### ટંકારીઆની એમ.એ.એમ. હાઈસ્કૂલના હોલમાં

# અઝીઝ ટંકારવી-રાહી દ્વારા સંપાદિત 'ગઝલ ગુલઝાર'નું લોકાર્પણ કરાયું

## ગુજરાતી ગઝલ ક્ષેત્રે મુસ્લિમ શાયરોના યોગદાનને ઉજાગર કરતું 'ગઝલ ગુલઝાર'નું સીમાચિહ્નરૂપી સંપાદન : નાસીરહુસેન લોટીયા

ટંકારીઆ, તા.૧૨

આજ રોજ ટંકારીઆ એમ.એ.એમ. હાઈસ્કૂલના હોલમાં 'ગઝલ ગુલઝાર' પુસ્તકના લોકાર્પણ પ્રસંગે નાસિર લોટિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ટંકારીઆ ગામ શૈક્ષણિક અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે બેનમૂન સાબિત થયું છે. આદમ ટંકારવી, અઝીઝ ટંકારવી, મહેંક ટંકારવી, કદમ ટંકારવી જેવા સાહિત્યકારોના પ્રકાશિત થયેલા પુસ્તકો ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે.

એમાં ચાર ચાંદ લગાવે એવું 'ગઝલ ગુલઝાર'નું સંપાદન અઝીઝ ટંકારવી, ડો. એસ.એસ. રાહીએ કર્યું છે. બંને સંપાદકોએ પોતપોતાની રીતે પણ આવા અનેક પુસ્તકોના સંપાદન કરી ગુજરાતી સાહિત્યમાં અનોખું સ્થાન જમાવ્યું છે. આ સંગ્રહમાં ભારત સહિત વિશ્વભરના દેશો જેવાકે પાકિસ્તાન, યુ.કે., અમેરિકા, આફ્રિકા વગેરે દેશોમાં સ્થાયી થયેલા મુસ્લિમ ગઝલકારોની ગઝલ - ટૂંકો પરિચય 'ગઝલ ગુલઝાર'માં ગ્રંથસ્થ કર્યો છે. પુસ્તકની વિશેષ માહિતી ટંકારીઆ ગામના સામાજિક કાર્યકર એવા નાસીરહુસેન લોટીયાએ પોતાના પ્રવચનમાં આપી હતી. આ પુસ્તકના બંને સંપાદકો પૈકી અઝીઝ ટંકારવીના ૧૭ જેટલા પુસ્તકો આ અગાઉ પ્રકાશિત થયા છે. તથા ડો. એસ.એસ.રાહીના પણ કેટલાક પુસ્તકોનું પ્રકાશન થયું છે. આ બંને સંપાદકો આ પુસ્તક માટે છેલ્લા ત્રણ વર્ષથી પ્રયત્નશીલ હતા. તેમના અથાગ પ્રયત્નોના ફળ સ્વરૂપે ૩૪૨ પેજનું આ દળદાર પુસ્તક



(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

જેમાં કુલ ૩૧૧ ગુજરાતી મુસ્લિમ શાયરોની એક-એક કૃતિ અને તેમનો ટૂંકો પરિચય આવરી લેવામાં આવ્યો છે તેમણે ગુજરાતી સાહિત્યમાં અનેરૂં યોગદાન આપનાર અઝીઝ ટંકારવીની પ્રશંસા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતી ગઝલ સાહિત્યના ઈતિહાસમાં આ સંપાદન શિરમોરસમું બનશે.

વિદેશમાં વસતા ગુજરાતી ગઝલની જેમને ઘેલું છે એવા ગઝલકારોની સાહિત્યિક સંસ્થાઓ 'ગુજરાતી રાઈટર્સ ગીલ્ડ, બોલ્ટન, યુ.કે. અને ગુજરાતી રાઈટર્સ ફોરમ બાટલી, યુ.કે.એ ભાવપૂર્વક આવકાર્યું છે.

'ગઝલ ગુલઝાર'ના સંપાદકો એવા અઝીઝ ટંકારવી, ડો. રાહીને તેમના પુસ્તકો માટે પ્રતિષ્ઠિત સાહિત્યિક સંસ્થાઓએ તેમના ઉમદા કામ માટે એવોર્ડ - પુરસ્કાર આપી સન્માનિત કર્યા છે. આ બંને ગઝલકારોએ દેશ-વિદેશમાં થતા મુશાયરાઓમાં પણ ભાગ લીધો છે.

આ પ્રસંગે પધારેલા મહેમાનોમાં જનશિક્ષણ સંસ્થા, ભરૂચના ડાયરેક્ટર સૈયદ જૈનુલ આબેદીન, અઝીઝ ટંકારવી, સામાજિક કાર્યકર અબ્દુલ કામઠી, તાલુકા પંચાયત સદસ્ય અબ્દુલ્લાહ ટેલર, માજી જિલ્લા સભ્ય મકબુલ અભલી, કુરચન ગામના સરપંચ ઈમરાન દીવાન, માજી તલાટી છોટેસાહેબ સૈયદ, મુબારકભાઈ ભાણીયા, નાસીરહુસેન લોટીયા, નબીપુરના મહેબૂબ પટેલ, ટંકારીઆ પી.એચ.સી. સેન્ટરના ડો. ફરહાન ઉપરાંત રતિલાલભાઈ પરમાર, કવિ યકીન ટંકારવી, ઈબ્રાહીમ પીર તેમજ શાળાની મેનેજમેન્ટ કમિટીના સભ્યો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# નહેરૂની માન્યતા : આરએસએસ શાંતિપૂર્ણ પદ્ધતિઓ કે, સત્યાગ્રહમાં વિશ્વાસ ધરાવતું નથી

## મહાત્મા ગાંધીની હત્યા પછી આરએસએસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તરત જ પ્રતિબંધ હટાવવાની માગણીઓ સામે આવી હતી

(એજન્સી) તા.૧૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પરનો પ્રતિબંધ જે લગભગ છ દાયકાથી અમલમાં હતો અને ભાજપના શાસનમાં તેના પરના પ્રતિબંધને અચાનક પાછો ખેંચી લેવાથી એવી અટકળો શરૂ થઈ છે કે આ ભાજપ દ્વારા આરએસએસને શાંત કરવાનો આ પ્રયાસ છે. મહાત્મા ગાંધીની હત્યા બાદ ૪ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ આરએસએસ પર સૌપ્રથમ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ આરએસએસના વડા એમ.એસ. ગોલવલકર અને ૨૫,૦૦૦થી વધુ સંઘ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. તે પછી તરત જ પ્રતિબંધ પાછો ખેંચવાની માંગણીઓ આવી અને સરકારમાં ચર્ચા થઈ. આ ચર્ચામાં વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ મુખ્ય સહભાગી હતા. તેમના પત્રો અને નોંધોના અવતરણો આ મુદ્દા પર તેમની સ્થિતિ દર્શાવે છે.



મારા વ્હાલા વલ્લભભાઈ પટેલ,

હું અહીં તમારા ૧૫મીના પત્રમાં ઉલ્લેખિત કેટલીક બાબતો અંગે વાત કરી રહ્યો છું... જો, આ સમયે, અમે આરએસએસ પરનો પ્રતિબંધ હટાવી દઈએ અને તેને અન્ય જૂથો પર ચાલુ રાખીએ, તો આને ભારતમાં અમારા કેટલાક ફાસીવાદી તત્વોને પ્રોત્સાહિત કરવા તરીકે વ્યાપકપણે અર્થઘટન કરવામાં આવશે. આરએસએસની એક નિશ્ચિત વિચારધારા છે જે સરકાર અને કોંગ્રેસનો સંપૂર્ણ વિરોધ કરે છે. તેઓ ધર્મનિરપેક્ષ રાજ્યના વિચારનો ચોક્કસપણે વિરોધ કરે છે. વાસ્તવમાં, તેમની વિચારધારા આપણા બંધારણ, વર્તમાન અને ભવિષ્યના મૂળ પર પ્રહાર કરે છે. જો તેઓ એ વિચારધારાને પકડી રાખશે તો તેમની પ્રવૃત્તિઓ ચોક્કસપણે ગેરબંધારણીય છે. મને યાદ છે કે બાપુએ એમ.એસ. ગોલવલકર સાથેની તેમની પ્રથમ મુલાકાત પછી મને કહ્યું હતું કે તેઓ તેમનાથી આંશિક રીતે પ્રભાવિત થયા હતા, પરંતુ તે જ સમયે તેમને તેમના પર વિશ્વાસ ન હતો. તેમની બીજી કે ત્રીજી બેઠક પછી, તેમણે ગોલવલકર અને આરએસએસ વિરુદ્ધ ખૂબ જ મજબૂત અભિપ્રાય વ્યક્ત કર્યો અને કહ્યું કે તેમની વાત પર વિશ્વાસ કરવો અશક્ય છે. જ્યારે તેમની સાથે વાત કરવામાં આવે ત્યારે તેઓ ખૂબ જ વાજબી વાત કરે છે, પરંતુ તેઓ જે કહે છે તેનાથી ચોક્કસ વિરોધાભાસમાં કામ કરે છે. મારો પોતાનો અનુભવ પણ એવો જ રહ્યો છે. હું માનું છું કે અમને દેશના વિવિધ ભાગોમાંથી RSS દ્વારા અનિચ્છનીય પ્રવૃત્તિઓ વિશે જણાવવામાં આવતા અહેવાલો મળી રહ્યા છે. તેથી, હું સૂચન કરું છું કે વર્તમાન સમયે આરએસએસ વિશે કોઈ નવું પગલું ભરવામાં આપણે ખૂબ કાળજી રાખવી જોઈએ.

**(વલ્લભભાઈ પટેલને પત્ર, ૨૭ ઓક્ટોબર ૧૯૪૮)**

પ્રિય શ્રી ગોલવલકર,

પાછલા વર્ષ દરમિયાન, કેન્દ્ર સરકાર અને પ્રાંતીય સરકારો બંનેને RSSના ઉદ્દેશ્યો અને પ્રવૃત્તિઓના સંદર્ભમાં મોટી સંખ્યામાં માહિતી પ્રાપ્ત થઈ છે. તમારા દ્વારા આ વતી જે કહેવામાં આવ્યું છે તેની સાથે આ માહિતી બંધબેસતી નથી. ખરેખર, એવું જણાય છે કે જાહેર કરાયેલા ઉદ્દેશ્યોને અને વાસ્તવિક ઉદ્દેશ્યો સાથે અને આરએસએસ સાથે સંકળાયેલા લોકો દ્વારા વિવિધ સ્વરૂપોમાં આ રીતે કરવામાં આવતી પ્રવૃત્તિઓ સાથે કોઈ લેવાદેવા નથી. આ વાસ્તવિક ઉદ્દેશ્યો ભારતીય સંસદના નિર્ણયો અને ભારતના પ્રસ્તાવિત બંધારણ માટેની જોગવાઈઓનો સંપૂર્ણ વિરોધ કરતા જણાય છે. અમારી માહિતી મુજબ, આ પ્રવૃત્તિઓ રાષ્ટ્ર વિરોધી અને ઘણી વખત વિધ્વંસક અને હિંસક હોય છે. છેલ્લા કેટલાક સમયથી, ગુપ્તચર અહેવાલો જણાવે છે કે આરએસએસ દ્વારા સત્યાગ્રહ અને અન્ય માધ્યમો દ્વારા સરકારની સત્તાને પડકારવા માટે મોટા પાયે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોઈપણ વ્યાપક ચળવળ માટે, આંદોલનના નેતાઓ અને અગ્રણી કાર્યકરોની યોગ્ય સમયે ધરપકડ કરવી જરૂરી છે. એ યાદ રાખવું જોઈએ કે સત્યાગ્રહ એ માત્ર એક શબ્દ છે જેનો આરએસએસ ઉપયોગ કરે છે. તેમને સત્યાગ્રહનો અર્થ શું છે તેની કોઈ કલ્પના નથી અને મહાત્મા ગાંધી અથવા કોંગ્રેસ દ્વારા કલ્પના કરાયેલ સત્યાગ્રહની ભાવનાને અનુસરવાનો તેઓનો કોઈ ઈરાદો નથી. આરએસએસ અનિવાર્યપણે એક સંસ્થા છે જે ગુપ્ત રીતે કાર્ય કરે છે. તે જાહેરમાં શું કરે છે અથવા કહે છે અને તે ગુપ્ત રીતે શું કરે છે તેની સાથે કોઈ સંબંધ નથી. તેથી, સત્યાગ્રહ ચળવળ અન્ય પ્રવૃત્તિઓ માટે માત્ર એક પગલું હશે જે ખૂબ જોખમી હોઈ શકે છે. સંભવતઃ, અને ખરેખર એવું કહેવાય છે કે આરએસએસના અસંખ્ય અગ્રણી નેતાઓ સત્યાગ્રહ શરૂ થાય તેના ઘણા સમય પહેલા ભૂગર્ભમાં જશે. એ સત્યાગ્રહનો માર્ગ નથી. તેનો અર્થ એ છે કે ભૂગર્ભના લોકો અન્ય રીતે કામ કરશે જ્યારે સત્યાગ્રહ દ્વારા લોકોનું ધ્યાન બીજે વાળવામાં આવશે.

પ્રાંતીય સરકારોએ તૈયારીમાં રહેવું જોઈએ, કોની સાથે વ્યવહાર કરવો અને કોની ધરપકડ કરવી તે બરાબર જાણવું જોઈએ. દિલ્હીની પરિસ્થિતિને ખાસ કાળજીની જરૂર છે, માત્ર એટલા માટે નહીં કે દિલ્હી રાજધાની છે પણ તે આવી પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. હું સૂચન કરું છું કે ગૃહ મંત્રાલય દિલ્હીના ચીફ કમિશનર સાથે ચર્ચા કરે અને શક્ય તેટલી વહેલી તકે પ્રાંતીય સરકારોને સૂચનાઓ આપે.

**(ગૃહ મંત્રાલયની નોંધ, ૫ ડિસેમ્બર ૧૯૪૮)**

આરએસએસની પ્રવૃત્તિઓ અને નજીકના ભવિષ્યમાં સત્યાગ્રહ શરૂ કરવાના તેમના ઈરાદા વિશે અમને અનેક ચેતવણીઓ પ્રાપ્ત થઈ છે. આરએસએસ માટે સત્યાગ્રહની વાત કરવી એ મારી દ્રષ્ટિએ વિરોધાભાસ છે. આરએસએસ અનિવાર્યપણે એક ગુપ્ત સંગઠન છે. સાર્વજનિક રીતે તેમાં સભ્યપદના કોઈ નિયમો નથી, કોઈ રજિસ્ટર નથી, કોઈ હિસાબ નથી, તેમ છતાં મોટી રકમ એકત્ર કરવામાં આવે છે. તેઓ શાંતિપૂર્ણ પદ્ધતિઓ કે સત્યાગ્રહમાં માનતા નથી. તેઓ જાહેરમાં જે કહે છે અને તેઓ ખાનગીમાં જે કરે છે તે બંને સંપૂર્ણ વિરોધાભાસી છે.

# ટાગોરને ટાંકીને, મદ્રાસ હાઈકોર્ટે ટીકાત્મક સોશિયલ મીડિયા પોસ્ટ્સને સેન્સર કરવા માટે નિવારક અટકાયત કાયદાના દુરૂપયોગ પ્રત્યે ધ્યાન દોર્યું

## બે ન્યાયાધીશોની બેન્ચે યુટ્યુબર સાવુક્કુ શંકરની અટકાયતના હુકમને રદ કરી દીધો હતો જેની પર ગુંડાસ એક્ટ હેઠળ કેસ કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે સરકાર વિરૂદ્ધના ભાષણોને જાહેર વ્યવસ્થા માટે જોખમી ગણી શકાય નહીં

(એજન્સી) તા.૧૨

**પરિચય**

જસ્ટિસ એસએમ સુબ્રમણ્યમ અને વી શિવગનમની મદ્રાસ હાઈકોર્ટની બેન્ચ ૯ ઓગસ્ટે ચેન્નાઈ પોલીસના વર્તન સામે સખત ગુસ્સે થઈ હતી જેમાં કિલમ્બક્કમ ખાતે નવા બસ ટર્મિનસના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા અંગે સરકાર વિરુદ્ધ સોશિયલ મીડિયા મુદ્દે બાદમાં યુટ્યુબર સાવુક્કુ શંકરને કડક તમિલનાડુ ગુંડાસ એક્ટ, ૧૯૮૨ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને તેના પર ખોટા દસ્તાવેજો ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો..

કોર્ટે અવલોકન કર્યું કે શંકરની ૧૦ મે, ૨૦૨૪ના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અટકાયતના આદેશમાં જોડાયેલ વિડિયો માત્ર ૧૧ મેના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો અને તે જ આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મુસાફરોએ ૧૦ મેના રોજ કિલમ્બક્કમમાં નવા બસ ટર્મિનસ પર બસની ઉપલબ્ધતા સામે વિરોધ કર્યો હતો. બેન્ચે નોંધ્યું હતું કે,તેથી, જો વિરોધ પ્રદર્શન થયાના એક દિવસ પછી વિવાદાસ્પદ સામગ્રી પ્રકાશિત કરવામાં આવી હોય, તો તે સ્પષ્ટ વિરોધાભાસ છે અને “જાહેર વ્યવસ્થાના ભંગનું તત્વ સ્થાપિત કરવામાં આવ્યું નથી. તેણે વધુમાં જણાવ્યું હતું કે આ કૃત્ય જાહેર અવ્યવસ્થાનું કારણ બને છે તે દર્શાવવા માટેના કોઈ સંતોષકારક આધારની ગેરહાજરીમાં, માત્ર ખોટી માહિતીનું પ્રકાશન ગુંડા અધિનિયમ, ૧૯૮૨ની કલમ ૩(૧) હેઠળ ગુનો બની શકે નહીં.

અટકાયતની માતા એ. કમલા દ્વારા હેબિયસ કોર્પસની રિટ દાખલ કરવામાં આવી હતી, જેમાં અરજીમાં ૪ પ્રતિવાદીઓના નામ આપવામાં આવ્યા હતા, એટલે કે, રાજ્યના પોલીસ કમિશનર, ગ્રેટર ચેન્નાઈના પોલીસ ઈન્સ્પેક્ટર, ચેન્નાઈ શહેર CCD-I. અને સેન્ટ્રલ જેલ, કોઈમ્બતુરના સુપરિન્ટેન્ડેન્ટ

**સંક્ષિપ્ત પૃષ્ઠભૂમિ**

સાવુક્કુ મીડિયા ચેનલ ચલાવતા યુટ્યુબર સાવુક્કુ શંકરની ૪ મે, ૨૦૨૪ના રોજ કોઈમ્બતુર સિટી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ૨૦૨૪ના ક્રાઈમ નંબર ૧૨૩માં સૌપ્રથમ ધરપકડ કરવામાં આવી હતી, જેમાં તેના પર ભારતીય પીનલ કોડ (આઈપીસી)ની કલમ ૫૦૯ (મહિલા પ્રત્યે અપમાનજનક નમ્રતા) તમિલનાડુ પ્રોહિબિશન ઓફ હેરેસમેન્ટ ઓફ વિમેન એક્ટ, ૧૯૯૮ની કલમ ૪, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૭ (અશ્લીલ સામગ્રી પ્રકાશિત કરવી)હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. તેની ધરપકડ બાદથી તેને કોઈમ્બતુરની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા અટકાયતનો આદેશ આપવા માટે વધુ બે કેસ ૭ મેના રોજ દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં ગુના નંબર ૧૫૪ અને ૧૫૫ હતા. નોંધનીય છે કે, ગુના નંબર ૧૫૪માં એફઆઈઆર તારીખથી લગભગ ૬ વર્ષ વીતી ગયા પછી નોંધવામાં આવી હતી. મૂળ ફરિયાદ જેમાં શંકર વિરૂદ્ધ મહિલા પત્રકાર વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ સામેલ હતો. ક્રાઈમ નંબર ૧૫૫માં એફઆઈઆરમાં, ફરિયાદ તેના યુટ્યુબ વીડિયોમાં મહિલા પોલીસ અધિકારીઓ વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા સંબંધિત છે. બાદમાં, ચેન્નાઈ પોલીસે ૮ મેના રોજ તેના પર ૨૦૨૪ના એફઆઈઆર ક્રાઈમ નંબર ૧૫૮ સાથે ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૪૬૫ (બનાવટ), ૪૬૬, ૪૭૧, ૪૭૪, ૪૨૦ (છેતરપિંડી) હેઠળ અન્ય કેસ દાખલ કર્યો હતો. કન્સ્ટ્રક્શન વિંગ, ચેન્નાઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટી (CMDA)માં સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર તરફથી ફરિયાદ મળી. રસપ્રદ વાત એ છે કે, કિલમ્બક્કમમાં ન્યૂ બસ ટર્મિનસ પર જાહેર પરિવહન બસોની અનુપલબ્ધતા સામે મુસાફરોએ વિરોધ કર્યાના ૩ મહિના પછી ફરિયાદ થઈ અને તેણે શંકર પર સરકારી ડેટાની ચોરી કરવાનો અને તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ દ્વારા ખોટી માહિતી ફેલાવવાનો આરોપ મૂક્યો, જેમાં તેણે કહ્યું કે જનતાને ઉશ્કેરવામાં આવી.

પોલીસ કમિશનર, ગ્રેટર ચેન્નાઈ દ્વારા ૧૨ મેના રોજ અટકાયતનો આદેશ જારી કરવામાં આવ્યો હતો અને રાજ્ય સરકારે ૨૨ મેના રોજ તેને પ્રકાશિત કરીને આ આદેશને મંજૂરી આપી હતી. પોલીસે ગુના નંબર ૧૫૮ના આધારે અટકાયતનો આદેશ જારી કરવાને યોગ્ય ઠેરવ્યો હતો અને વધુ આધાર રાખ્યો હતો. ગુના નંબર ૧૫૪ અને ૧૫૫ પર દલીલ કરવા માટે કે અગાઉના પ્રસંગોએ આરોપીએ તેના રિમાન્ડ સામે રાહત મેળવી હતી અને તેથી તેણે આ વખતે અટકાયતનો આદેશ જારી કરીને સાવચેતીભર્યું પગલું લીધું હતું.

**જજમેન્ટ**

હાઈકોર્ટની બેન્ચે સત્તાવાળાઓ દ્વારા કડક ગુંડા કાયદા હેઠળ શંકરની ધરપકડ કરવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ જાહેર અવ્યવસ્થા તરફ દોરી જતી નથી અને વધુમાં સમજાવ્યું હતું કે જાહેર અવ્યવસ્થામાં કાયદો અને વ્યવસ્થાની તમામ પરિસ્થિતિઓ શામેલ હોઈ શકે નહીં. ચુકાદો નોંધે છે કે “સરકાર અને તેના અધિકારીઓ સામે કરવામાં આવેલી ટીકાએ તેમને સરકાર અથવા તેના અધિકારીઓ વિશે આવી કોઈપણ ટીકા, મંતવ્યો પ્રકાશિત કરતા અટકાયતને રોકવા માટે નિવારક અટકાયતની વિનંતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા.” કોર્ટે જાહેર વિરોધને જાહેર અવ્યવસ્થાના જોખમ તરીકે પણ લીધો ન હતો અને કહ્યું હતું કે અટકાયતના આદેશમાં કોઈ અપ્રિય ઘટના અથવા જાહેર વ્યવસ્થાના ભંગનું તત્વ સ્થાપિત કરવામાં આવ્યું નથી. મહત્વની વાત એ છે કે, હાઈકોર્ટે ઝડપી નોંધ્યું હતું કે ગુના નંબર ૧૫૪ અને ૧૫૫ દ્વારા આરોપીઓ સામે નોંધાયેલા છેલ્લા બે પ્રતિકૂળ કેસો ગુંડા અધિનિયમ, ૧૯૮૨ હેઠળ નિવારક અટકાયતના કેસમાં પરિણમવા માટે પૂરતું આધાર બનાવતા નથી. “પ્રતિકૂળ કેસો અને ગ્રાઉન્ડ કેસમાં જાહેર કરાયેલા ગુનાઓ 'પબ્લિક ઓર્ડર' માટે કોઈ ગંભીર ખતરો જાહેર કરતા નથી અને તે થ્રેશોલ્ડને પૂર્ણ કરતા નથી.” વધુમાં, ન્યાયાધીશોએ ફાઈલમાં વિલંબની નોંધ લીધી અને ટિપ્પણી કરી કે “અણસમજિત વિલંબ શંકા પેદા કરે છે.” વધુમાં, ચુકાદાએ ફોજદારી કાયદાના મૂળભૂત સિદ્ધાંતને પુનરાવર્તિત કર્યો અને કહ્યું કે “નિવારક અટકાયતના કિસ્સામાં જો કોઈ શંકા હોય તો, નિયમોનું કડકપણે પાલન કરવામાં આવ્યું છે કે કેમ, તે શંકાનું નિરાકરણ અટકાયતની તરફેણમાં કરવું આવશ્યક છે.” ખંડપીઠે જણાવ્યું હતું કે બંને કેસ (ગુના નંબર ૧૫૪ અને ૧૫૫)ને કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુંડાસ અધિનિયમ, ૧૯૮૨ લાગુ કર્યા વિના સામાન્ય કાનૂની કાર્યવાહી દ્વારા સંબોધિત કરી શકાય છે. વધુમાં ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે આરોપી પોતાનો પક્ષ રજૂ કરવાથી અસરકારક રીતે વંચિત હતો કારણ કે તેમની રજૂઆત ૨૨ મે, ૨૦૨૪ના રોજ પ્રાપ્ત થઈ હતી, તે જ દિવસે રાજ્ય સરકારે તેમની અટકાયતના આદેશને મંજૂરી આપી હતી.

**વાણી સ્વાતંત્ર્ય પર ભાર**

કોર્ટે રામ મનોહર લોહિયા વિ. બિહાર રાજ્ય (૧૯૬૬ (૧) SCR ૭૦૯), અનુરાધા ભસીન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અધર્સ (AIR ૨૦૨૦ SC ૧૩૦૮), પ્રમોદ સિંગલા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૩ SCC ઓનલાઈન ૩૭૪), અમીના બેગમ વિરૂદ્ધ રાજ્ય તેલંગાણા અને અન્ય ચ(૨૦૨૩) ૯ SCC ૫૮૭)], રેખા વિરૂદ્ધ રાજ્ય T.N [(૨૦૧૧) ૫ SCC ૨૪૪] અને A. K. રોય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૮૨ SCC (Cri) ૧૫૨) સહિત વ્યક્તિગત સ્વતંત્રતા અને મુક્ત વાણી ન્યાયશાસ્ત્રને લગતા સંખ્યાબંધ ન્યાયિક દાખલાઓ પર આધાર રાખ્યો હતો.

પસંદગીયુક્ત અટકાયત અને ખોટી માહિતી બંને લોકશાહી માટે સમાન ખતરો છે તે નોંધીને બેન્ચે કહ્યું કે “જો આપણે તમામ નાગરિકો તરફથી સમાન બુદ્ધિગમ્ય અભિપ્રાયો પ્રાપ્ત કરીએ તો આપણે લોકશાહી ન હોઈ શકીએ. ત્યાં અસંતોષ હશે, જે સ્વીકાર્ય અને અસ્વીકાર્ય હોઈ શકે, પરંતુ આવા અસ્વીકાર્ય અભિપ્રાયોને રોકવા માટે કાનૂની લડાઈમાં ભાગ લેવા કરતાં રાજ્યની ફરજ ઘણી મોટી છે.” તેણે વધુમાં નોંધ્યું હતું કે સોશિયલ મીડિયા પર માહિતીનો ઉપયોગ કરતા લોકો પોતાના માટે શ્રેષ્ઠ ન્યાયાધીશ છે અને બંધારણીય સંસ્થાઓ લોકોના મંતવ્યોને પ્રભાવિત કરવાની પ્રક્રિયામાં સામેલ થઈ શકતી નથી, અને ઉમેર્યું હતું કે “સંસ્થાની ક્રિયાઓ પોતાને માટે બોલે છે અને મંતવ્યો આવી શકે છે અને જાય છે.”

દર્શકોના અધિકારો પર, બેન્ચે અવલોકન કર્યું હતું કે સાથી નાગરિકોને સરકારની નીતિઓ અથવા ક્રિયાઓ પર સાથી નાગરિકના મંતવ્યો જાણવાનો અધિકાર છે અને આવા મંતવ્યો સામે સેન્સરશિપ સુશાસન માટે અનિચ્છનીય છે. તેણે એમ પણ જણાવ્યું હતું કે “જોઈને અભિપ્રાય બાંધવો વ્યક્તિલક્ષી છે અને તેમની સમજ માહિતીની પોતાની ધારણા પર આધારિત છે. કોઈ બીજાના મંતવ્યો કે અભિપ્રાયો બદલી શકતું નથી.” સાથી નાગરિકોના અભિપ્રાયને પ્રભાવિત કરવા માટે શું ગણી શકાય તે સમજવા માટે અદાલતે શૈક્ષણિક તપાસ પણ કરી. તે નીચેનું ઉદાહરણ પૂરૂં પાડે છે : “વધુ સમજાવવા માટે; 'Y' સરકારની નીતિની અયોગ્ય રીતે ટીકા કરતી સામગ્રી પોસ્ટ કરી શકે છે જે સારી નીતિ હોવા છતાં અને અમલમાં રહેલા કાયદાઓ અનુસાર છે. પણ 'Y'ને લાગે છે કે તે ખોટી નીતિ છે અને જવું પડશે. 'A', 'B' અને 'C' દર્શકો કન્ટેન્ટ જોતા હોય છે. 'A' 'Y' સાથે સંમત છે, 'B' આંશિક રીતે સંમત છે અને 'C' 'Y' સાથે સંમત નથી. 'A', 'B', 'C' આ નીતિ વિશે તેમના પોતાના મંતવ્યો હોવાનું માનવામાં આવે છે. શું એમ કહી શકાય કે 'Y' તેમને સરકાર વિરૂદ્ધ પ્રભાવિત કરી રહ્યો છે અને તેના મંતવ્યો સાથે જાહેરમાં અવ્યવસ્થા ઊભી કરી રહી છે.

ચુકાદો નોંધે છે કે ઓનલાઈન સામગ્રીનું કડક નિર્માણ કરીને, રાજ્ય ક્યારેય સમાપ્ત ન થનારી બિનઉત્પાદક યાત્રા શરૂ કરી રહ્યું છે જે આખરે કલમ ૧૯(૧)(a)ના રૂપરેખાને સંકુચિત કરવામાં પરિણમી શકે છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે “વ્યક્તિગત સ્વતંત્રતાને રાજ્યની ધૂન અને ઈચ્છાઓ પર રોકી શકાતી નથી” અને “ભાષણની સ્વતંત્રતાના અધિકારને પ્રતિબંધિત કરવા માટે આવા કાયદાઓનો વધુ પડતો ઉપયોગ અન્ય નાગરિકોને તેમના રાજ્ય વિરૂદ્ધ ટીકા અથવા અભિપ્રાયોનો અધિકાર લાગુ કરવાથી અટકાવશે. સરકાર આમ કરીને લોકશાહીની કરોડરજ્જુને ફ્રેક્ચર કરી રહી છે.

બેન્ચે સૂચન કર્યું હતું કે રાજ્યએ તેના લોકોની ફરિયાદોને દબાવવાને બદલે તેને સમજવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો જોઈએ. તે અવલોકન કરે છે કે વાજબી પ્રતિબંધો એ “સંકુચિત શબ્દ” છે અને તેનો ઉપયોગ શક્ય તેટલી સાવચેતીથી થવો જોઈએ.

તમિલનાડુ ગુંડાસ અધિનિયમ, ૧૯૮૨ની જોગવાઈઓ સાથે અસંગત હોવાના કારણે કોર્ટે શંકર વિરૂદ્ધ અટકાયતના આદેશને રદ કર્યો અને તેને મુક્ત કર્યો, તેણે કહ્યું કે “૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણીના આ મહિનામાં નાગરિકોના અવાજને ફરીથી દબાવી શકાય છે. ? આ કોર્ટ કલમ ૧૯(૧)(a)ને સીમિત બનાવી ન શકે. સ્વસ્થ લોકશાહીનો આત્મા વાણીની સ્વતંત્રતામાં રહેલો છે.

નોંધઃ “ધ ગુંડા એક્ટ, ૧૯૮૨”નો ઉપયોગ આ લેખમાં સરળ વાંચનક્ષમતા સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યો છે, આ કાયદાનું ઔપચારિક નામ છે “તમિલનાડુ બુટલેગરોની ખતરનાક પ્રવૃત્તિઓનું નિવારણ, સાયબર કાયદાના અપરાધીઓ, ડ્રગ અપરાધીઓ, વન-ગુનેગારો, ગુંડાઓ, અનૈતિક ટ્રાફિક અપરાધીઓ, રેતીના અપરાધીઓ, જાતીય-ગુનેગારો, ઝૂંપડપટ્ટી પકડનારાઓ અને વીડિયો પાઈરેટ્સ એક્ટ, ૧૯૮૨.

# કેજરીવાલે દારૂ નીતિ કેસમાં CBI દ્વારા તેમની ધરપકડને સુપ્રીમ કોર્ટમાં પડકારી

## સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશનમાં દિલ્હી હાઈકોર્ટના પાંચ ઓગસ્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કથિત દારૂ નીતિ કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના કેસમાં CBI દ્વારા તેમની ધરપકડને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશનમાં સીબીઆઈની ધરપકડ અને ત્યારપછીના રિમાન્ડ સામે સીએમ કેજરીવાલની અરજી ફગાવવાના દિલ્હી હાઈકોર્ટના પાંચ ઓગસ્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ તાત્કાલિક યાદી માટે સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. આના પર CJI ચંદ્રચૂડે વરિષ્ઠ વકીલને રજિસ્ટ્રીને ઈમેલ મોકલવા કહ્યું. સીજેઆઈએ કહ્યું, 'ઈમેલ મોકલો, હું તેની તપાસ કરીશ.' દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની બેન્ચે તેના અસ્પષ્ટ નિર્ણયમાં કહ્યું હતું કે, એવું કહી શકાય નહીં કે ધરપકડ કોઈપણ વાજબી કારણો વિના કરવામાં આવી હતી અથવા ગેરકાયદેસર હતી. CBI કેસના સંબંધમાં AAP સુપ્રીમો દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી પર દિલ્હી હાઈકોર્ટે હજુ સુધી તેનો નિર્ણય સંભળાવવાનો બાકી છે અને તાજેતરમાં જ ૨૯ જુલાઈના રોજ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. તે દિવસે અગાઉ CBIએ AAP સુપ્રીમો અને અન્ય આરોપીઓ સામે અહીંની વિશેષ અદાલત સમક્ષ તેની ચાર્જશીટ દાખલ કરી હતી. EDએ પહેલાથી જ મની લોન્ડ્રિંગ કેસમાં તેની પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરી હતી, જેમાં AAP અને તેના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને આરોપી તરીકે નામ આપવામાં આવ્યા હતા. ૧૨ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરાયેલા મની લોન્ડ્રિંગ કેસના સંબંધમાં સીએમ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જો કે, સીબીઆઈ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હોવાથી તે જેલમાંથી બહાર આવી શક્યા ન હતા. દરમિયાન અહીંની એક કોર્ટે એક્સાઈઝ પોલિસી કેસમાં સીએમ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૦ ઓગસ્ટ સુધી લંબાવી છે.

# તેલંગાણા પોલીસે આંતરરાજ્ય ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો; રૂા.૧૪ કરોડની કિંમતનું ૧૩.૫ કિલો હેશ ઓઈલ જપ્ત, બેની ધરપકડ

## પોલીસે આરોપીઓના કબજામાંથી અંદાજે રૂા.૧૪ કરોડની કિંમતનું ૧૩.૫ કિલોગ્રામ હશીશ ઓઈલ, રૂા.૨૦૦૦ રોકડા, બે મોબાઈલ ફોન આશરે ૧ કિલોગ્રામ વજનનું પેકેજિંગ સામગ્રી અને અન્ય ગુનાહિત વસ્તુઓ જપ્ત કરી હતી

(એજન્સી) તા.૧૨

એક સંકલિત કામગીરીમાં એલબી નગરની સ્પેશિયલ ઓપરેશન્સ ટીમ (એસઓટી)એ હયાથ નગર પોલીસ સાથે મળીને બે આંતરરાજ્ય ડ્રગ વેપારીઓની સફળતાપૂર્વક ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ ૩૦ વર્ષીય વંચુરભા કોંડા બાબુ અને ૨૦ વર્ષીય વંચુરભા બાલકૃષ્ણ તરીકે થઈ છે. પોલીસે આરોપીઓની કબજામાંથી અંદાજે રૂા.૧૪ કરોડની કિંમતનું ૧૩.૫ કિલોગ્રામ હેશીશ ઓઈલ, રૂા.૨૦૦૦ રોકડા, બે મોબાઈલ ફોન આશરે ૧ કિલોગ્રામ વજનનું પેકેજિંગ સામગ્રી અને અન્ય ગુનાહિત વસ્તુઓ જપ્ત કરી હતી.

**ઘટના અંગે પોલીસ :** પોલીસે જણાવ્યું કે, આરોપીઓ વંચુરભા કોંડા બાબુ અને વંચુરભા બાલકૃષ્ણ બંને પિતરાઈ ભાઈઓ અને આંધ્રપ્રદેશના વતની છે. તેઓ ખેતીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. જો કે, તેઓ આસાનીથી પૈસા કમાવવા માટે આ ગેરકાયદે ડ્રગના વેપારમાં સામેલ થયા હતા. આરોપીઓ આંધ્રપ્રદેશમાંથી હેશીશ ઓઈલ મંગાવતા હતા અને ઓડિશાથી તેનું પરિવહન કરીને બેંગ્લુરૂના બજારમાં તેનું વેચાણ કરતા હતા, તેઓ હૈદરાબાદને પરિવહન માર્ગ તરીકે ઉપયોગ કરતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર અન્નાવરમ, અલ્લુરી સીથારામા રાજુ જિલ્લામાં નજીકના પશુ બજારની નિયમિત મુલાકાત દરમિયાન વંચુરભા કોંડા બાબુએ એક વ્યક્તિ સાથે મિત્રતા કરી હતી જેણે તેને નોંધપાત્ર નફોનું વચન આપીને ગેરકાયદે ડ્રગના વેપાર સાથે પરિચય કરાવ્યો હતો. કોંડા બાબુ, તેના પિતરાઈ ભાઈ બાલકૃષ્ણ સાથે, જેની અગાઉ વિઝાગ પોલીસ દ્વારા NDPS એક્ટ સંબંધિત કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, તે પણ ગેરકાયદે વેપારમાં ભાગ લેવા માટે સંમત થયો હતો. પોલીસે માહિતી આપી કે આ બંનેએ ઓછી કિંમતે હેશ ઓઈલ મેળવ્યું અને તેને બેંગ્લુરૂમાં એક રિસીવરને ખરીદ કિંમત કરતાં ૧૦ ગણા કરતાં વધુ ભાવે વેચી, નોંધપાત્ર નફો મેળવ્યો હતો. ૧૦ ઓગસ્ટના રોજ કોંડા બાબુ અને બાલકૃષ્ણે તેમના ગામથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલા ચદુરૂ મામિડી કોંડાલુ ખાતેથી હેશ ઓઈલ મેળવ્યું હતું અને બેંગ્લુરૂ સ્થિત ખરીદદાર પાસેથી ૧૪ કિલોગ્રામ હેશ ઓઈલનો ઓર્ડર મેળવ્યા બાદ હૈદરાબાદના બહારના વિસ્તારમાં ગયા હતા. ૧૧ ઓગસ્ટની સાંજે જ્યારે તેઓ પેડા અંબરપેટ ગામમાં તાઝા ફૂડ્સ હોટેલમાં ખરીદનારની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એલબી નગર ઝોનની ટીમે હયાથ નગર પોલીસ સાથે મળીને બંનેની ધરપકડ કરી હતી. ઓર્ડર આપનાર શખ્સ હાલ ફરાર છે. તેને પકડવાના પ્રયાસો ચાલુ છે. તાજેતરના દિવસોમાં રાચકોંડા પોલીસે પિતા, પુત્ર અને ભાઈ-બહેન સહિત અનેક ડ્રગ પેડલર્સની ધરપકડ કરી છે. પોલીસે નોંધ્યું છે કે, આરોપીઓ તેમના પરિવારના સભ્યો અને નજીકના સંબંધીઓને સરળતાથી પૈસા કમાવવા માટે ગેરકાયદેસર ડ્રગના વેપારમાં સામેલ કરે છે. નોંધનીય રીતે અંદાજે ૩૫થી ૪૦ કિલોગ્રામ ગાંજાનો ઉપયોગ ૧ કિલોગ્રામ હશીશ તેલના ઉત્પાદન માટે થાય છે, એટલે કે કુલ ૧૩.૫ કિલોગ્રામ હશીશ તેલ જપ્ત કરવા માટે આશરે ૫૬૦ કિલોગ્રામ ગાંજાની જરૂર પડે છે.

# મુંબઈ : લૂંટના પ્રયાસ દરમિયાન બેલેન્સ ગુમાવ્યા બાદ વિક્રોલી બિલ્ડિંગના ૧૪મા માળેથી ચોર નીચે પડીને મૃત્યુ પામ્યો

(એજન્સી) મુંબઈ, તા.૧૨

મુંબઈના વિક્રોલીમાં ૧૪મા માળના એપાર્ટમેન્ટમાંથી ચોરી કરવાનો પ્રયાસ કરનાર અક્ષય અર્જુન બૈત નામનો ૨૨ વર્ષીય યુવક રવિવારની વહેલી સવારે તેની પકડ છૂટી જતાં પડી જવાથી મૃત્યુ પામ્યો હતો. પાર્ક સાઈટનો રહેવાસી બાઈટ ચોરી અને હત્યા સહિત અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં તેની સંડોવણી માટે જાણીતો હતો. હિંદુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ તાજેતરમાં જ તેને હત્યાના પ્રયાસના કેસમાં ફસાવવામાં આવ્યો હતો જ્યાં તેણે અને તેના સાથીઓએ એક વ્યક્તિ પર હુમલો કર્યો હતો અને તેને લૂંટી લીધો હતો, જે તેમને પૈસા ચૂકવવામાં નિષ્ફળ ગયો હતો. પાર્ક સાઈટ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ નિરીક્ષક સંતોષ ઘાટેકરના જણાવ્યા મુજબ કસારામાં તાજેતરના એક હત્યા કેસના સંબંધમાં બૈત વોન્ટેડ હતો. તેના ગુનાહિત રેકોર્ડે તેને આ વિસ્તારમાં એક કુખ્યાત વ્યક્તિ બનાવ્યો હતો અને તે વિવિધ ગુનાઓ માટે તપાસ હેઠળ હતો. આ ઘટના સવારે ૬ વાગ્યાની આસપાસ પ્રકાશમાં આવી હતી જ્યારે વિક્રોલી પૂર્વના કન્નમવર નગરમાં આવેલી મધુકુંજ સોસાયટીમાં એક સુરક્ષા ગાર્ડે બેટનો મૃતદેહ જમીન પર લોહીના ખાબોચિયામાં પડેલો જોયો હતો. પોલીસને તરત જ જાણ કરવામાં આવી હતી અને તપાસ કરતાં તેઓએ મૃતકની ઓળખ અક્ષય અર્જુન બેટ તરીકે કરી હતી. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર બૈત ચોરી કરવાના ઈરાદે સવારે ૧:૩૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગમાં ઘૂસ્યો હતો. તેણે પોતાની ઓળખ છૂપાવવા રૂમાલ વડે મોઢું ઢાંકી દીધું હતું. જો કે, ૧૪મા માળે પહોંચ્યા બાદ તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું હતું અને તેનું કરૂણ મોત નિપજ્યું હતું. વિક્રોલી પોલીસ સ્ટેશનના વરિષ્ઠ નિરીક્ષક સુધીર હિરડેકરે વિગતોને સમર્થન આપ્યું હતું અને નોંધ્યું હતું કે, અકસ્માત મૃત્યુનો અહેવાલ નોંધવામાં આવ્યો હતો. બૈતના પરિવારને ઘટનાની જાણ કરવામાં આવી હતી અને પોલીસે તેના પિતાનું નિવેદન નોંધ્યું હતું. તપાસ ચાલુ છે, સત્તાવાળાઓ આ વિસ્તારના CCTV ફૂટેજની સમીક્ષા કરી રહ્યા છે જેથી બૈતના મૃત્યુ સુધીની ઘટનાઓ વિશે વધુ માહિતી એકઠી કરી શકાય.

# VIDEO : સમાજવાદી પાર્ટીના નેતા અને ડિમ્પલ યાદવના નજીકના સહયોગી નવાબ સિંહ યાદવ ઉત્તરપ્રદેશના કન્નૌજમાં કોલેજમાં સગીર છોકરી સાથે વાંધાજનક સ્થિતિમાં પકડાયા; ધરપકડ

## અહેવાલો અનુસાર નવાબ સિંહ પર આરોપ છે કે તેણે સગીર છોકરીને તેની કોલેજમાં નોકરી અપાવવાના બહાને લલચાવી હતી અને રવિવારે રાત્રે તેને તેની કાકી સાથે કન્નૌજની ચૌધરી ચંદન સિંહ કોલેજમાં બોલાવી હતી

(એજન્સી) કન્નૌજ, તા.૧૨

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે, તેના નેતા નવાબ સિંહ યાદવને યુપી પોલીસે કન્નૌજમાં ૧૫ વર્ષની સગીર છોકરી પર બળાત્કાર કરવાનો પ્રયાસ કરવાના આરોપમાં ધરપકડ કરી છે. નવાબ સિંહ મૈનપુરીના સાંસદ અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના નજીકના સાથી છે. અહેવાલો અનુસાર નવાબ સિંહ પર આરોપ છે કે તેણે સગીર છોકરીને તેની કોલેજમાં નોકરી અપાવવાના બહાને લલચાવી હતી અને રવિવારે (૧૧ ઓગસ્ટ) રાત્રે તેને તેની કાકી સાથે કન્નૌજની ચૌધરી ચંદન સિંહ કોલેજમાં બોલાવી હતી.

અહેવાલો સૂચવે છે કે યુવતીએ ઘટના વિશે પોલીસને જાણ કરવા માટે કોલેજમાંથી યુપી ૧૧૨ પર ફોન કર્યો હતો. પોલીસ સ્થળ પર પહોંચી અને નવાબ સિંહને રંગે હાથે પકડાયો હતો. નવાબ સિંહની ધરપકડ કરીને સદર કોતવાલી લઈ જવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશન પર સમર્થકોની ભીડ એકઠી થઈ અને ધરપકડના વિરોધમાં દેખાવો કર્યા પછી અશાંતિના અહેવાલો છે.

નવાબ સિંહ યાદવે પોતે નિર્દોષ હોવાનો દાવો કર્યો છે અને એવો પણ આરોપ લગાવ્યો છે કે આ સમગ્ર મામલો તેમની સામે એક રાજકીય કાવતરૂં છે. તેણે વધુમાં દાવો કર્યો હતો કે પીડિતાની કાકી અગાઉ સમાજવાદી પાર્ટીના સભ્ય હતા અને તાજેતરમાં જ ભાજપમાં જોડાયા છે, જેનું કારણ તે માને છે કે તે તેને ખોટા કેસમાં ફસાવવાનો પ્રયાસ કરી રહી છે.

ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ તેમના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે અને સવાલ કર્યો છે કે, આ વીડિયો પછી પણ અખિલેશ યાદવ પોતાના ખાસ નવાબ સિંહ યાદવનો બચાવ કરશે ? તેમણે અન્ય પોસ્ટમાં એમ પણ કહ્યું કે, “અયોધ્યા બાદ હવે કન્નૌજમાં પણ સગીર પર બળાત્કારનો પ્રયાસ કરવા બદલ સપાના નેતાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નવાબ સિંહ યાદવને સપા સરકાર દરમિયાન મીની મુખ્યમંત્રી કહેવામાં આવતું હતું. નવાબ સિંહ યાદવને ડિમ્પલ યાદવના જમણા હાથ અને સાંસદ તરીકે ઓળખવામાં આવે છે. કન્નૌજમાં પ્રતિનિધિ શું અખિલેશ યાદવ હજુ પણ ડીએનએ ટેસ્ટની માંગ કરશે ?

કન્નૌજના એસપી અમિત કુમાર આનંદે જણાવ્યું હતું કે, “યુવતીની માહિતીના આધારે, પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બાળકીને બહાર કાઢવામાં આવી હતી, અને નવાબ સિંહ યાદવ વાંધાજનક હાલતમાં મળી આવ્યા હતા. FIR નોંધવામાં આવી છે.” કન્નૌજ પોલીસે એમ પણ જણાવ્યું, “કનૌજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.”

# SEBI વિવાદ મુદ્દે JPC દ્વારા તપાસ નહીં કરવામાં આવે તો કોંગ્રેસે દેશવ્યાપી આંદોલનની ધમકી આપી

(એજન્સી) તા.૧૨

સેબી (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા)ના ચેરપર્સન માધબી પુરી બુચ વિરૂદ્ધ હિન્ડનબર્ગ રિસર્ચના આરોપોને લઈને નરેન્દ્ર મોદી સરકાર સામે આક્રમક વલણ અપનાવતા કોંગ્રેસે ધમકી આપી હતી કે, તે આ વિવાદની સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) તપાસની માંગ કરશે અને જો આ માંગ નહીં સ્વીકારવામાં આવે તો તે દેશવ્યાપી વિરોધ શરૂ કરશે. કોર્પોરેટ છેતરપિંડી અને ગેરરીતિનો પર્દાફાશ કરવા એક્ટિવિસ્ટ શોર્ટ-સેલિંગનો ઉપયોગ કરતી ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મ હિન્ડનબર્ગ રિસર્ચે શનિવારે આરોપ મૂક્યો હતો કે, સેબીના અધ્યક્ષ અને તેમના પતિ ધવલ બુચે બર્મુડા અને મોરિશિયસમાં અયોગ્ય ઓફશોર ફંડ્સમાં અઘોષિત રોકાણ કર્યું હતું, તે જ કંપનીઓ કથિત રીતે વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હતી. વિનોદ અદાણી એ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના મોટા ભાઈ છે અને તેઓ રાઉન્ડ-ટ્રીપ ફંડ્સ અને શેરના ભાવમાં વધારો કરવા માટે આ ફંડનો ઉપયોગ કરે છે. કોંગ્રેસના સાંસદ અને મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલે

## હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા SEBIના ચેરપર્સન માધબી પુરી બુચ પર અદાણી ગ્રુપ ઓફશોર ફંડ્સમાં રોકાણ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે

આરોપોને ખૂબ જ ગંભીર ગણાવ્યા અને વડાપ્રધાન પર અદાણી જૂથ અને તેના ચેરમેન ગૌતમ અદાણીને આ બાબતે સમર્થન આપવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ધ્યાન દોર્યું હતું કે, આ કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો સેબીના અહેવાલ પર આધારિત હતો, પરંતુ સેબીના અધ્યક્ષ અને તેમના પતિએ અદાણી સાથે સંકળાયેલી ઓફશોર એન્ટિટીમાં તેમના રોકાણનો ખુલાસો સુપ્રીમ કોર્ટને કર્યો ન હતો. આ એવી સ્થિતિ છે કે, વાડ જ ચીભડા ગળી રહી છે; સુપ્રીમ કોર્ટને પણ ગેરમાર્ગે દોરવામાં આવી હતી અને સુપ્રીમ કોર્ટે આ કેસ પોતાની રીતે હાથ ધરવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, કોંગ્રેસ આ મામલે સુપ્રીમ કોર્ટમાં જવાના કાયદાકીય પાસાઓની તપાસ કરશે. વેણુગોપાલે કેરળના તિરૂવનંતપુરમ એરપોર્ટ પર પત્રકારોને જણાવ્યું હતું કે, આ બાબતે વડાપ્રધાનનું મૌન વિશ્વસનીયતાના વિનાશ સમાન છે. તેમણે કેન્દ્ર સરકાર પર વિપક્ષના લોકસભાના નેતા રાહુલ ગાંધી વિરૂદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો ઉપયોગ કરીને લોકોનું ધ્યાન આ મામલા પરથી હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધીને EDની નોટિસથી ધમકાવવાનો પ્રયાસ કરશો નહીં. અમે આવી વિચલિત યુક્તિઓનો સખત વિરોધ કરીશું. વેણુગોપાલે કહ્યું કે, આ દેશનો સૌથી ગંભીર મુદ્દો છે અને તેમણે ચેતવણી આપી કે, જો JPC તપાસની તેમની માંગ સ્વીકારવામાં નહીં આવે તો તેઓ દેશવ્યાપી મજબૂત વિરોધ સાથે આગળ વધશે. તેમણે કહ્યું કે, હિન્ડનબર્ગનો અહેવાલ રાષ્ટ્રને આંચકો આપનારો છે. શેરબજારનું નિયમન કરવા, તેની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા અને કૌભાંડો સામે પગલાં લેવા માટે જવાબદાર સેબીના અધ્યક્ષ કથિત રીતે અદાણી જૂથ સાથે સંકળાયેલ શેલ કંપનીઓમાં રોકાણ કરે છે. સરકાર આ સમાચારને કેવી રીતે જુએ છે ? તે આશ્ચર્યજનક છે કે, આવા ગંભીર આરોપ હોવા છતાં બુચ એ જ પદ પર છે. તેમણે કહ્યું કે, હજારો લોકોના શેર કટોકટીમાં છે. સરકાર સંયુક્ત સંસદીય સમિતિથી શા માટે ડરે છે ? શું તેનો અર્થ એ નથી થતો કે આ બાબતે તેઓ કઈ છૂપાવવા માંગે છે અને ડરે છે ? જો કેન્દ્ર JPCની રચના કરવાનો ઈન્કાર કરશે તો કોંગ્રેસ અને ઈન્ડિયા જૂથ રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરશે. રવિવારના રોજ એક સંયુક્ત નિવેદનમાં બુચ અને તેના પતિએ હિન્ડનબર્ગના ખુલાસા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ રોકાણ ૨૦૧૫માં કરવામાં આવ્યું હતું, જે ૨૦૧૭માં સેબીના તેમના પૂર્ણ-સમયના સભ્ય તરીકેની તેમની નિમણૂક અને માર્ચ ૨૦૨૨માં ચેરપર્સન તરીકેની તેમની નિમણૂક પહેલાં રોકાણ હતું. અમે સિંગાપોરમાં રહેતા ખાનગી નાગરિકો તરીકે આ રોકાણ કર્યું હતું. સેબીમાં તેણીની નિમણૂક પછી આ ભંડોળ નિષ્ક્રિય બની ગયું હતું.

# દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસ : સુપ્રીમ કોર્ટે BRS નેતા કે. કવિતાની જામીન અરજી પર CBI અને EDને નોટિસ જારી કરી

## જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે ૧ જુલાઈના રોજ દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી કવિતાની અરજી પર CBI અને ED પાસેથી જવાબ માંગ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના નેતા કે. કવિતાની અરજી પર સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (ED)ને નોટિસ જારી કરી હતી. કવિતાએ દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો, જેણે તેના જામીન ફગાવી દીધા હતા. તેમના પર દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડનો આરોપ છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે ૧ જુલાઈના રોજ દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી કવિતાની અરજી પર સીબીઆઈ અને ઈડી પાસેથી જવાબ માંગ્યો હતો. કવિતા તરફથી વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, તે પાંચ મહિનાથી જેલમાં છે. તાજેતરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કથિત આબકારી નીતિ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસના સંબંધમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં પૂરક કાર્યવાહીની ફરિયાદ (ચાર્જશીટ) દાખલ કરી હતી. બીઆરએસ નેતા કે. કવિતા અને અન્ય આરોપીઓ, ચેનપ્રીત સિંહ, દામોદર, પ્રિન્સ સિંહ અને અરવિંદકુમાર વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ૬ મેના રોજ રાઉઝ એવન્યુ કોર્ટે CBI અને ED કેસોના સંબંધમાં કે. કવિતા દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીઓ ફગાવી



દીધી હતી. EDએ ૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ કે. કવિતાની અને ૧૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ CBIએ ધરપકડ કરી હતી. સીબીઆઈ તપાસની ભલામણ જુલાઈમાં દાખલ કરાયેલા દિલ્હીના મુખ્ય સચિવના અહેવાલના તારણોના આધારે કરવામાં આવી હતી જેમાં GNCTD એક્ટ ૧૯૯૧, ટ્રાન્ઝેક્શન ઓફ બિઝનેસ રૂલ્સ (ToBR)-૧૯૯૩, દિલ્હી એક્સાઈઝ એક્ટ-૨૦૦૯ અને દિલ્હી એક્સાઈઝ રૂલ્સ-૨૦૧૦નું પ્રથમદર્શી ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ED અને CBIએ આક્ષેપ કર્યો હતો કે, આબકારી નીતિમાં ફેરફાર કરતી વખતે અનિયમિતતાઓ આચરવામાં આવી હતી અને લાયસન્સ ધારકોની અનુચિત તરફેણ કરવામાં આવી હતી, તેમની લાયસન્સ ફી માફ કરવામાં આવી હતી અથવા ઘટાડવામાં આવી હતી અને L-1 લાયસન્સ એ સક્ષમ અધિકારીની મંજૂરી વિના વધારે સમય સુધી આપવામાં આવ્યું હતું.

# અયોધ્યામાં ડી-નોટિફાઈડ આર્મી બફર જમીન, અદાણી, રામદેવ સાથે જોડાયેલી સંસ્થાઓ દ્વારા ખરીદ, હવે મેપિંગ માટે ખુલ્લી

## સરકારે આ વિસ્તારને ચૂપચાપ ડી-નોટિફાઈ કર્યાના બે મહિના પછી સરકારે તેના નિર્ણયને જાહેર કર્યો છે અને સ્થાનિક પ્રેસમાં જાહેરાતો જારી કરીને જણાવ્યું છે કે, તે ધ્યાનમાં લેશે અને વિકાસ માટે નકશા સ્વીકારશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે અયોધ્યામાં આર્મી પ્રશિક્ષણ માટે 'બફર ઝોન' તરીકે ચિહ્નિત કરાયેલી જમીનને બિન-સૂચિત કરી હોવાના અહેવાલના એક દિવસ પછી અયોધ્યા વિકાસ સત્તામંડળ (એડીએ)એ જણાવ્યું હતું કે, તે આ વિસ્તારમાં મેપિંગની મંજૂરી આપશે અને બાંધકામ અને વ્યાપારી ઉપયોગ માટે જાહેરમાં ખોલશે.

૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ જારી કરાયેલ એક અખબારી યાદીમાં ADAએ જણાવ્યું હતું કે, તે હવે 'માઝા જામથારા'માં નકશા સ્વીકારશે અને પાસ કરશે. આ વિસ્તાર કે જે અદાણી ગ્રુપની પેટાકંપની હોમક્વેસ્ટ ઈન્ફ્રાસ્પેસ, આર્ટ ઓફ લિવિંગના નેજા હેઠળ નોંધાયેલ 'ચેરિટેબલ ટ્રસ્ટ' વ્યક્તિ વિકાસ કેન્દ્ર (VVK) અને યોગ ગુરૂ અને ઉદ્યોગસાહસિક રામદેવના ભારત સ્વાભિમાન ટ્રસ્ટ સાથે સંકળાયેલા બે વ્યક્તિઓએ દ્વારા ત્યાં જમીન ખરીદવામાં આવ્યાના મહિનાઓ પછી રાજ્ય સરકાર દ્વારા બિન-સૂચિત કરવામાં આવ્યો હતો.

૧૪ ગામોમાં કુલ ૫૪૧૯ હેક્ટર (૧૩,૩૯૧ એકર) જમીનને ઓગસ્ટ ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૫ સુધીમાં સૈન્ય તાલીમ માટે બફર ઝોન તરીકે સૂચિત કરવામાં આવી હતી, ૮૯૪.૭ હેક્ટર (૨૨૧૧ એકર) જે માઝા જામથરા હેઠળ આવે છે જે મીડિયા અહેવાલ અનુસાર આ વર્ષે જાન્યુઆરીમાં અયોધ્યામાં રામ મંદિરના અભિષેકનો લાભ લેવા માટે ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા જે જમીન ખરીદવામાં આવી હતી તે જ જમીન ખાસ કરીને ડિ-નોટિફાઈડ કરવામાં આવી હતી.

હવે સરકારે આ વિસ્તારને ચૂપચાપ ડિ-નોટિફાઈ કર્યાના બે મહિના પછી સરકારે તેના નિર્ણયને જાહેર કર્યો છે અને સ્થાનિક પ્રેસમાં જાહેરાતો જારી કરીને જણાવ્યું છે કે, તે ધ્યાનમાં લેશે અને વિકાસ માટે નકશા સ્વીકારશે.

મીડિયા અહેવાલ મુજબ દાવપેચ, ફિલ્ડ ફાયરિંગ અને આર્ટિલરી પ્રેક્ટિસ એક્ટ ૧૯૩૮ હેઠળના વિસ્તારની સૂચનાનો અર્થ એ થયો કે, જ્યારે આ વિસ્તારમાં જમીન ખાનગી માલિકીની, વેચી અને ખરીદી શકાય છે, ત્યારે તેનો ઉપયોગ કૃષિ પ્રેક્ટિસ પૂરતો મર્યાદિત હતો. આ વિસ્તારમાં બાંધકામ અને વ્યાપારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ હતો કારણ કે, તે આર્મીની જમીનના મોટા વિસ્તારની બાજુમાં આવેલું છે જ્યાં આર્મી તેની ફિલ્ડ ફાયરિંગ પ્રેક્ટિસ કરે છે, જેનાથી તે વિસ્તારમાં માનવો, પ્રાણીઓ અને મિલકતોને ઈજા, નુકસાન અથવા નુકસાન માટે સંવેદનશીલ બનાવે છે. ગયા વર્ષે નવેમ્બરમાં ADAએ આદેશ પસાર કર્યો હતો કે, તે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચના આદેશના જવાબમાં સૂચિત જમીનના ૫૪૧૯ હેક્ટરમાં વિકાસ અથવા બાંધકામ માટે કોઈપણ નકશા સ્વીકારશે નહીં. આ આદેશ અયોધ્યા સ્થિત વકીલ પ્રવીણકુમાર દુબે દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL)ના જવાબમાં આપવામાં આવ્યો હતો, જેમાં બફર ઝોનમાં અતિક્રમણનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

કોર્ટે અવલોકન કર્યું હતું કે, રક્ષા મંત્રાલયને સોંપવામાં આવેલી રાજ્યની જમીનને કાયદાના અવમાનમાં અન્યથા અતિક્રમણ અથવા વિખેરી નાખવાની મંજૂરી આપી શકાતી નથી.

આ આદેશના પાલનમાં ADAએ કહ્યું હતું કે, તે વિસ્તારમાં વિકાસ અથવા બાંધકામ માટે કોઈપણ નકશા સ્વીકારશે નહીં.

જો કે, હવે જારી કરાયેલ તેની અખબારી યાદી દ્વારા ADAએ માઝા જામથારાને તેના અગાઉના આદેશના કાર્યક્ષેત્રમાંથી દૂર કરી દીધું છે.

વિપક્ષોએ જમીનના ડિનોટિફિકેશન પર સવાલ ઊઠાવ્યા :

મીડિયા સાથે વાત કરતા દુબેએ પૂછ્યું : તેઓ આ કેવી રીતે કરી શકે છે જ્યારે મામલો હજી અદાલતમાં છે ?

તેમણે ઉમેર્યું : વધુમાં તેઓએ આ હવે શા માટે કર્યું છે અને બે મહિના પહેલાં નહીં જ્યારે તેઓએ ખરેખર માઝા જામથારાને ડિ-નોટિફાઈડ કર્યું ? માત્ર માઝા જામથારાને જ શા માટે નોટિફિકેશન આપવામાં આવ્યું છે તેના મોટા પ્રશ્નનો જવાબ મળવાનો બાકી છે - તે દેખીતી રીતે મોટા ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડે છે.

મીડિયાએ ADAના અધ્યક્ષ અને સચિવ અને અયોધ્યાના જિલ્લા મેજિસ્ટ્રેટનો કોલ અને વ્હોટ્સએપ મેસેજ દ્વારા સંપર્ક કર્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. જો અને જ્યારે પ્રતિસાદો પ્રાપ્ત થાય ત્યારે આ રિપોર્ટ અપડેટ કરવામાં આવશે.

ગયા અઠવાડિયે મીડિયા દ્વારા પ્રકાશિત અહેવાલ પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરાએ કહ્યું, શું તમે જાણવા માંગો છો કે, તેઓ ધર્મ અને રાષ્ટ્રવાદની પાછળ છૂપાઈને ખરેખર શું કરે છે ? આર્મી ટ્રેનિંગ માટે બફર ઝોન તરીકે સૂચિત જમીન પ્રથમ અદાણી, રવિશંકર અને બાબા રામદેવ દ્વારા ખરીદવામાં આવે છે અને પછી રાજ્યપાલ દ્વારા સૂચિત કરવામાં આવે છે. દરમિયાન આમ આદમી પાર્ટી (AAP)ના સંજયસિંહે મોદી સરકાર પર અયોધ્યામાં આર્મીની જમીન કબજે કરવાનો અને તેને તેના મિત્રોને સોંપવાનો આરોપ લગાવ્યો.

દાંતા તાલુકાની શાળાના અમેરિકા સ્થિત શિક્ષિકાનો ચર્ચાસ્પદ મામલો

# અમેરિકાથી શિક્ષિકાએ વીડિયો વાયરલ કરી ઈન્ચાર્જ આચાર્યા સામે કર્યા આક્ષેપો

## સમગ્ર પ્રકરણનો જૂઠ્ઠો વીડિયો બનાવી રૂ.પાંચ લાખની લાંચ માંગ્યાના આક્ષેપો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજ્યમાં અનેકો શાળાઓમાં શિક્ષકો રજા લઈને વિદેશમાં ફરવા અથવા સ્થાયી થયા હોવાની વિગતો સામે આવી રહી છે અને તેને લઈને ચર્ચા પણ થઈ રહી હોવાની બનાસકાંઠા જિલ્લામાં અનેકો શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે દાંતા તાલુકામાં પણ ચાર શિક્ષકોનો મામલો સામે આવ્યો છે. ત્યારે જ્યાંથી સૌ પ્રથમ આ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, તેવા પાન્છા ગામે પાન્છા પ્રાથમિક શાળાના ભાવનાબેન પટેલ જે આઠ મહિનાથી સતત ગેરહાજર છે. તેને લઈને પાન્છા પ્રાથમિક શાળાના ઈન્ચાર્જ આચાર્ય પારુલબેને લેખિત રજૂઆતો શિક્ષણ મંત્રી સહિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને દાંતા પ્રાથમિક શિક્ષણ અધિકારીને કરી હતી. ત્યારે હાલમાં ભાવનાબેન પટેલ જે અમેરિકામાં સ્થાયી થઈ ચૂક્યા છે. તેમનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. તેમણે શાળાના ઈન્ચાર્જ આચાર્ય પારુલબેન સહિત અનેક લોકો પર ગંભીર આક્ષેપો કરતો વીડિયો વાઈરલ કરતાં પાન્છા પ્રાથમિક શાળા ફરી વિવાદમાં આવી છે.

૮ મહિનાથી ગેરહાજર એવા ભાવના પટેલે વિદેશમાંથી પોતાના પર લાગેલા આક્ષેપો સામે એક વીડિયો વાઈરલ કરતા તે વીડિયોમાં જણાવ્યું હતું કે, જ્યારે અમારી પ્રાથમિક શાળાના આચાર્ય પાલનપુર તાલીમમાં ગયા હતા. ત્યારે શાળામાં ઈન્ચાર્જ આચાર્ય પારુલબેને એ તકનો ફાયદો ઉઠાવી ખાનગી ન્યૂઝ ચેનલના બે પત્રકારોને બોલાવી વીડિયો વાયરલ કરાવ્યો હતો. જેમાં પારુલ બેન દ્વારા અલગ અલગ સ્ટેટમેન્ટ આપવામાં આવી રહ્યું હતું. કોઈમાં આઠ વર્ષથી હાજર નથી, તો કોઈમાં આઠ મહિનાથી હાજર નથી, તો કોઈમાં દિવાળીનો પગાર લઈને જતા રહ્યાં છે, તો કોઈમાં બાળકો જોડે એવું બોલાવે છે કે બેનને બે વર્ષથી જોયા નથી. જેવા જુદા જુદા સ્ટેટમેન્ટો આપ્યા હતા. પારૂલબેનનો વાઈરલ કરેલો આ વીડિયો અમારા સંબંધી મારફત મને મળ્યો હતો જે વીડિયો મેં જોતા તરત જ મેં એ ભાઈને ફોન કર્યો હતો કે, આ બધું શું છે. ત્યારે એ ભાઈએ કીધું હતું કે, આપણે આ વીડિયોની તપાસ કરાવીએ છીએ.

એ બાદ એક ભાઈનો ફોન આવ્યો હતો કે બેન તમારો આ વીડિયો વાઈરલ થયો છે એનું આપણે કંઈક કરીયે અને બધુ પૂરું કરી દઈએ. તો મેં (ભાવના પટેલે) એમને કહ્યું કે, કેવી રીતે પૂરું કરીયે, તો એમણે કહ્યું કે થોડી શાંતિ રાખો હું જેમણે આ વીડિયો બનાવ્યો છે તેમને બોલવું છું. પછી થોડીવાર બાદ બંને ખાનગી પત્રકારોને બોલાવ્યા બાદ મને વીડિયો કાલ કર્યો અને વીડિયો કોલમાં એક બીજા ભાઈ મને કહે છે કે, આ બધો મામલો પૂરો પાડવા માટે તમારે વ્યવહાર કરવો પડશે. ત્યારે આ બાબતે મારે વીડિયો રેકોર્ડિંગની જરૂર હોવાના લીધે મેં એમને પ્રશ્નો ઉપર પ્રશ્નો કર્યા હતા. એ ભાઈઓએ એવું કીધું હતું કે, જો બેન આમાં વ્યવહાર તો કરવો જ પડશે અમારે આગળ આપવાના હોય છે. ત્યારે મેં એમને કીધું હતું કે, આગળ કોને આપવાના છે. ત્યારે એ ભાઈઓએ એવું કીધું હતું કે, અમારે કલેક્ટર ઓફિસે આપવાના હોય, અમારે મેઈન ઓફિસે આપવાના હોય અને અમારે બીજી પણ ઓફિસોમાં આપવાના હોય અને થોડા અમારે પણ રાખવાના હોય. ત્યારે મેં એમને કીધું કંઈ વાંધો નહીં મારે કોને આપવાના ? ક્યારે આપવાના અને કેટલા આપવાના. ત્યારે સામેથી તેમણે કીધુ હતું કે, એક બેન જોડે કોન્ફરન્સમાં લઉં છું. ત્યારબાદ તેમણે પારુલબેન ઈન્ચાર્જ આચાર્યને કોન્ફરન્સ પર લીધા હતા. ત્યારે એ ભાઈએ કીધું હતું કે, કેમ છો બેન ત્યારે બેને કીધું હતું કે, હા બોલો ભાઈ તમે કેમ છો અને મારા કામનું શું થયું અને ક્યાં સુધી પહોંચ્યું છે, થઈ તો જશે મારૂં કામ, જોજો આ બધુ પૂરૂં કરી દેજો. આ બધું કહેવા બાદ બંને ભાઈઓએ ફોન કટ કરી નાખી જતા રહ્યા હતાં. પાછળથી બીજા ભાઈએ આવીને મને એવું કહ્યું કે બેન આના અંદર પાંચ લાખનો ખર્ચો થશે. ત્યારે મેં એમને કીધું કે મારો વીડિયો પહેલાથી વાઈરલ થઈ ચૂક્યો છે તો હવે મારે શેના પૈસા આપવાના, આ બધી લાંચમાં માનતી નથી કારણ કે, હું જ્યારે નીકળી ત્યારે મેં મારો પાસપોર્ટ કરાવ્યો ત્યારે મેં જિલ્લા પંચાયતથી NOC લીધી હતી અને અમેરિકા માટે પણ પ્રોસેસ કરી વિઝા માટે NOC લીધી છે અને બધી જગ્યાએ આપી છે. મારી જોડે બધા પુરાવા છે અને હું જ્યારે ત્યાં આવીશ ત્યારે બધા પુરાવા આપી શકું છું.

આ રીતે ભાવનાબેને અમેરિકાથી વીડિયો વાઈરલ કરીને પહેલાના આક્ષેપોને ખોટા ઠેરવ્યા હતા. સાથે-સાથે તેમણે વળતા જવાબમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય પર જ આક્ષેપો કર્યા હતા કે, તેમણે મામલો દબાવવા માટે ૫ લાખ માંગ્યા હતા. જ્યારે ગેરહાજર શિક્ષકોનો વિવાદ વધતા આ મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ. બી. મકવાણાએ દાંતા તાલુકાના ચાર શિક્ષકને નોટિસ અપી છે. જેમાં પાન્છા ગામના ભાવનાબેન પટેલનો પણ સમાવેશ થાય છે. તેનો રિપોર્ટ પણ જિલ્લા કક્ષાએ મોકલાવ્યો છે.

# રાજ્યભરના ૧૭ જિલ્લાના ૩૧ શિક્ષકો બિનઅધિકૃત રીતે રજા પર હોવાનું સામે આવ્યું

**● ૩૨ જેટલા શિક્ષકો વિદેશ, ઘણા શિક્ષકો સત્તાવાર રીતે રજા લઈને ગયા હોવાનું જણાયું ● યોગ્ય રજા વગર ગેરહાજર રહેતા શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવશે**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં ૯૦ દિવસ કરતા વધુ સમયથી સતત ગેરહાજર રહેતા શિક્ષકોની વિગતો એકત્ર કરવાની કાર્યવાહીમાં ૧૭ જિલ્લાના ૩૧ શિક્ષકો બિનઅધિકૃત રીતે લાંબી રજા પર હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૩૨ જેટલા શિક્ષકો વિદેશમાં ગયા હોવાનું જાણવા મળે છે. આ શિક્ષકોની વિગતો સામે આવ્યા બાદ હવે શિક્ષણ વિભાગ દ્વારા તેમની સામે કાર્યવાહી કરવાનું નક્કી કરાયું છે. જોકે, ઘણા શિક્ષકો સત્તાવાર રીતે રજા લઈને ગયા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાંથી સતત ૯૦ દિવસ કરતા વધુ સમયથી ગેરહાજર હોય તેવા શિક્ષકોની યાદી મંગાવવામાં આવી હતી.જેમા રાજ્યના ૧૭ જિલ્લામાંથી ૩૧ જેટલા શિક્ષકો બિનઅધિકૃત રીતે ગેરહાજર રહ્યા હોવાની વિગતો સામે આવી છે. જ્યારે ૩૨ જેટલા શિક્ષકો વિદેશ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, આ તમામ શિક્ષકોને પગાર આપવામાં આવતો ન હોવાનું સામે આવ્યું છે. સતત લાંબા સમયથી ગેરહાજર રહેતા હોય તેવા શિક્ષકો સામે હવે કડકમાં કડક સજા કરવાનું નક્કી કરાયું છે. ઉપરાંત રજા પર ગયેલા શિક્ષકો જો પોતાના સ્થાને અન્ય વ્યક્તિને શાળામાં મોકલતા હોય તો તે અંગેની વિગતો પણ એકત્ર કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન જો આવા શિક્ષકોની વિગતો સામે આવશે કે જેઓ પોતે રજા પર હોય અને અન્ય વ્યક્તિને તેમની જગ્યાએ સ્કૂલમાં મોકલતા હશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ શહેર અને જિલ્લામાં પણ ૯૦ દિવસ કરતા વધુ સમયથી ગેરહાજર રહેલા શિક્ષકોની વિગતો એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી હસ્તકની સ્કૂલોમાં તપાસ કરતા ૮ જેટલા શિક્ષકો ૯૦ દિવસ કરતા વધુ સમયથી રજા પર હોવાનું સામે આવ્યું હતું. જેમાંથી ૭ શિક્ષકો વિદેશ ગયા હોવાનું અને એક મેડિકલ રજા પર હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અમદાવાદ શહેરમાં ૪ જેટલા શિક્ષકો જેમાં એક દંપતિને સમાવેશ થાય છે તે અને ગ્રામ્ય વિસ્તારમાં એક શિક્ષક લાંબી રજા પર હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્યમાં જે શિક્ષક લાંબી રજા પર છે તેની પર નીટની પરીક્ષામાં ગેરરિતીના આરોપ હોવાથી કાયદાકીય કાર્યવાહી ચાલી રહી છે.

# રાજ્યમાં આગામી છ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે ૧૫૩ તાલુકાઓમાં મેઘમહેર

**● આંકલાવમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો ● દરિયામાં પવન ફૂંકાવાની સંભાવનાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના**

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી પર ખરો ઉતરતો હોય એમ મેઘો છેલ્લા બે દિવસથી સતત ધીમી ધારે વરસી રહ્યો છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં આંકલાવમાં સૌથી વધુ પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે. તો આગામી છ દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો એવરેજ ૭૦.૮૧ વરસાદ વરસ્યો છે. જ્યારે દરિયામાં ૪૦થી ૪૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શકયતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.



હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૬ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં સાર્વત્રિક હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આજે બપોર બાદ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. વહેલી સવારથી જ અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ જામ્યો છે અને શહેરના કેટલાક ભાગોમાં ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત આગામી ૪૮ કલાક હજુ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાને કારણે માછીમારોની દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૬ દિવસ રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદી માહોલ રહેશે, કારણ કે હાલમાં રાજસ્થાનના બિકાનેર પાસેથી મોન્સૂન પસાર થઈ રહ્યું છે, જેને કારણે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત સહિત કચ્છમાં પણ વરસાદી માહોલ રહેશે. આ ઉપરાંત આગામી ૪૮ કલાક ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગનાં સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, સાથે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં કેટલાંક સ્થળ પર હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે. આવતીકાલે ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, કચ્છ, તાપી, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ સહિત કેટલાક સ્થળોએ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

સતત ગેરહાજર શિક્ષકોની તપાસ બાબતે શિક્ષણ વિભાગની લાલિયાવાડી : કોંગ્રેસ

# બેદરકાર શિક્ષકો સામે રાજ્ય સરકાર ક્યારે નક્કર પગલાં ભરશે ?

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૨

ગાંધીનગર સ્થિત શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક કક્ષાના રીયલ ટાઈમ ઓનલાઈન મોનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઈલી રિયલ ટાઈમ ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમના દાવા પછી શિક્ષણ વિભાગના ધ્યાને કેમ ન આવ્યું ? વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આ તમામ ઈનીશીએટિવ માટે ખાસ ડેશબોર્ડ્સ તૈયાર કરવામાં આવેલા છે આ ડેશબોર્ડ્સ દ્વારા મુખ્યમંત્રીના ડેશબોર્ડ પર પણ સતત ડેટા પૂરો પાડવામાં આવે છે. તો પછી સતત ગેરહાજર શિક્ષકો અંગે શિક્ષણ વિભાગ કેમ અજાણ ? આટલી ગંભીર બાબત પ્રત્યે કેમ બેદરકારી રાખવામાં આવી ? તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ડમી સ્કુલના મોટાપાયે ચાલતા વેપલાની સાથો સાથ ડમી શિક્ષકોનું વ્યાપક દુષણ શિક્ષણ જગત માટે ચિંતાજનક છે. અંતરિયાળ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં સતત ગેરહાજર શિક્ષકોની તપાસ બાબતે શિક્ષણ વિભાગની સંપૂર્ણ લાલીયાવાડી ચાલી રહી છે. વિદેશ જવા માટે ૯૦ દિવસની રજા મળતી હોય છે. એક વર્ષ કરતા વધુ સમય સુધી રજા ઉપર રહે તો તેને બરતરફ કરવાની જોગવાઈ તો પછી સતત ગેરહાજર રહેતા શિક્ષકો સામે કેમ કાર્યવાહી કરવામાં ના આવી ? ગુજરાતમાં શાળાકીય શિક્ષણમાં આશરે ૨.૪ લાખ શિક્ષકો, ૧૦,૦૦૦ જેટલો સુપરવીઝન માટેનો સ્ટાફ મળી કુલ આશરે ૨.૫ લાખ કરતાં વધારે કર્મચારીઓ કાર્યરત છે. રિયલ ટાઈમ ઓનલાઈન મોનીટરીંગ માટે વર્ષ ૨૦૧૯માં શિક્ષણ ક્ષેત્રનું દેશનું સર્વ પ્રથમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર-સીસીસી કાર્યરત હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રના બે અત્યાધુનિક મોનીટરીંગ રૂમમાંથી ખાસ પસંદ કરાયેલા અને તાલીમબધ્ધ ૫૦ શિક્ષકો દ્વારા સમગ્ર રાજ્યના બીઆરસી, સીઆરસી, જિલ્લાના અને તલુકાના અધિકારીઓ, શાળાના મુખ્ય શિક્ષકો વગેરેનું સતત મોનીટરીંગ, લાઈવ ડેટા શેરિંગ થઈ રહ્યા તેવું જાહેર કરેલ. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા છેલ્લા અઢી વર્ષમાં એકમ કસોટી (પીએટી), સત્રાંત અને વાર્ષિક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રિયલ ટાઈમ ઓનલાઈન હાજરીના ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના ૫૦૦ કરોડ કરતાં વધુ અલગ અલગ પ્રકારના ડેટા સેટ દર વર્ષે મેળવવાની મહત્વની કામગીરી કરવામાં આવી રહી હોવાનો દાવો કરવામાં આવે છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, રાજ્યના કેટલાક શિક્ષકો ચાલુ નોકરીએ વિદેશમાં કરી રહ્યા છે જલસા ! બાળકોના શિક્ષણના ભોગે કેટલાક શિક્ષકો વિદેશમાં મજા કરી રહ્યા છે. શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. ગુજરાતમાં સરકારી શાળાઓમાં નોકરી-પગાર ચાલુ રાખી વિદેશ ગમન કરવાનું શિક્ષકોનું સુવ્યવસ્થિત કૌભાંડ, બેદરકાર શિક્ષકો સામે રાજ્ય સરકાર કયારે નક્કર પગલા ભરશે ? ગુજરાતના શિક્ષકોને યુએસ-કેનેડાનું ઘેલું લાગ્યું, જેઓ ચાલુ નોકરીએ લાંબા સમયથી અમેરિકા, કેનેડા પહોંચી ગયા બાદ પરત ફર્યા નથી. આવા શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારાઈ, પરંતુ ટર્મિનેટ કેમ ન કરાયા ? આ શિક્ષકો કોની મદદ લઈને વિદેશમાં લાંબા સમયથી વસવાટ કરી રહ્યા છે ? બીજીબાજુ ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની લાંબા સમયથી ખાલી જગ્યા છે. જે શિક્ષકો હાલ કાર્યરત છે એમાંથી મોટાભાગના શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની વધારાની કામગીરીની ફરજ પાડવામાં આવે છે. જેના લીધે ગ્રામીણ વિસ્તારની સરકારી શાળાના ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકોના ભવિષ્ય સાથે ગંભિર ચેડા થઈ રહ્યાં છે. ત્યારે સરકારે મોટી મોટી જાહેરાતો કરવાને બદલે શિક્ષણ વ્યવસ્થાને સુધારવા માટે નક્કર પગલા ભરવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

ધારી તાલુકાના માણાવાવ ગામની ઘટના

# આઠ સિંહોના ટોળાએ ગામના બજારમાં પશુનું મારણ કર્યું, વીડિયો વાયરલ

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. શિકારની શોધમાં સિંહો ગ્રામ્ય વિસ્તારોમાં ઘૂસી પશુઓનાં મારણ કરતા હોવાની ઘટનાઓ ઘણીવાર સામે આવતી હોય છે, જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થતા હોય છે. ત્યારે સિંહોએ પશુઓનું મારણ કર્યાની વધુ બે ઘટના સામે આવી છે. ધારીના માણાવાવ અને જાફરાબાદના કાગવદર ગામમાં સિંહોએ પશુ મારણ કર્યું છે. ધારીના માણાવાવમાં



**સિંહોનું ટોળું જોઈ ગ્રામજનોમાં ભયનો માહોલ**

મોડીરાત્રે એકસાથે આઠ સિંહનું ટોળું ગામમાં ઘૂસ્યું હતું. ગામમાં સિંહોની એન્ટ્રી અને ગર્જનાથી આખું ગામ જાગી ગયું હતું. આ વચ્ચે ગામની બજારમાં સિંહોએ એક પશુનું મારણ કરીને એકસાથે મિજબાની માણી હતી. જ્યારે આ મારણ વચ્ચે સામેથી આખલો પશુને બચાવવા માટે આવી ચડતાં સિંહોમાં ભાગદોડ મચી હતી. આખલાએ પશુને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ એ પહેલાં પશુનું મારણ કરી દેવાયુ હતું. ઘટનાનો આ વીડિયો ગ્રામજનોએ પોતાના મોબાઈલના કેમેરામાં કેદ કરીને સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો છે.

સામે આવ્યો વધુ એક સાગઠિયા

# અગ્નિકાંડ બાદ પણ 'ભ્રષ્ટ' બેશરમી : રાજકોટ મનપાનો ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા ઝડપાયો

## ૩ લાખ પૈકી ૧.૮૦ લાખની લાંચ લેતા ACBએ રંગે હાથ દબોચી લીધો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

આજે રાજકોટ મનપાનો ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રૂા.૧.૮૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો છે. ગત ૨૫ મે, ૨૦૨૪ના રોજ રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ થયો હતો અને તેમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. આ અગ્નિકાંડ થયા બાદ ફાયરની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા હતા. આમ છતાં ફાયર વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ પોતાનો ભ્રષ્ટાચાર ન હોય એમ લાગી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ મહાનગરપાલિકાના ક્લાસ ૧ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર બેચરભાઈ મારૂને જામનગર ACBએ ૧.૮૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો છે. જામનગર ACB પાસેથી મળતી માહિતી મુજબ ફરિયાદી ફાયર સેફ્ટી ફિટિંગનું કામ કરે છે અને તે શહેરમાં એક બિલ્ડિંગમાં પોતે કરેલા ફાયર સેફ્ટીના કામ અંગેનું એનઓસી લેવા ફાયર ઓફિસર પાસે ગયો હતો. જ્યાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર મારૂએ તેની પાસે NOC આપવા ૩ લાખની લાંચ માગી હતી. જોકે, ફરિયાદીએ આ કામ માટે ૧.૨૦ લાખ રૂપિયા આપ્યા હતા અને બાકીના ૧.૮૦ લાખ ચાર-પાંચ દિવસમાં આપવાનું કહ્યું હતું. જોકે, ફરિયાદી લાંચની રકમ આપવા માગતો ન હોવાથી તેણે જામનગર ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદની ફરિયાદ બાદ જામનગર ACBએ લાંચિયા અધિકારીને ઝડપી પાડવા છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂપિયા ૧.૮૦ લાખ આપવા કહ્યું હતું. આ દરમિયાન અનિલ મારૂએ ફરિયાદી પાસેથી લાંચના ૧.૮૦ લાખ નાણા સ્વીકારતા જ જામનગર ACBએ તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. TRP અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા પોલીસ તપાસનું એપી સેન્ટર બની ગયું હોય તેમ સતત તપાસના ધમધમાટ વચ્ચે ચીફ ફાયર ઓફિસર અને ડે.ચીફ ફાયર ઓફિસરની ધરપકડ થયા પછી ખાલી પડેલી ચીફ ફાયર ઓફિસરની જગ્યા પર રાજ્ય સરકારે કચ્છ-ભુજના અનિલ મારૂની નિમણૂક કરી હતી. તાજેતરમાં મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈએ રાજ્ય સરકાર પાસે ચીફ ફાયર ઓફિસરની ડેપ્યુટેશન પર નિમણૂક કરવા અને સમસ્યા હલ કરવા રજૂઆત કરી હતી. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ભુજ-કચ્છના અનિલ મારૂને રાજકોટના ચીફ ફાયર ઓફિસર તરીકેનો વધારાનો હવાલો અપાયો છે. ભ્રષ્ટ અધિકારીઓને કોઈનો ભય ન હોય તેમ લાગી રહ્યું છે. આવી મોટી ઘટના થયા બાદ પણ તેઓએ ખિસ્સા ભરવાનું કામ ચાલુ જ રાખ્યું છે.

# રાજ્યની સ્કૂલોમાં ૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરીએ વાલી સંમેલન મળશે

## વાલી સંમેલનમાં સ્કૂલના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી સૂચનો કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

રાજ્યની તમામ સ્કૂલોમાં ૧૫ ઓગસ્ટના રોજ પ્રથમ વાલી સંમેલન યોજાશે. દર વર્ષે સ્કૂલોમાં બે વાલી સંમેલન યોજવામાં આવતા હોય છે, જેમાં પ્રથમ વાલી સંમેલન ૧૫ ઓગસ્ટના રોજ યોજાયા બાદ બીજું વાલી સંમેલન ૨૬ જાન્યુઆરીના રોજ યોજાશે. વાલી સંમેલનમાં સ્કૂલના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવ્યા બાદ જે સૂચનો આવે તેની પર અમલ કરવાનો રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલોમાં વર્ષ દરમિયાન બે વાલી સંમેલન કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં આ વર્ષે પ્રથમ વાલી સંમેલન ૧૫ ઓગષ્ટ, ૨૦૨૪ અને બીજું વાલી સંમેલન ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના દિવસે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ કે.જી.બી.વી હોસ્ટેલમાં બે વાલી સમેલનનું આયોજન કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી સૂચના આપવામાં આવી છે. વાલી સંમેલનમાં ૬થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ, સીઝનલ હોસ્ટેલ તેમજ સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેક્ટ બાબતે, ઓનલાઈન અને ડિજિટલ માધ્યમથી શિક્ષણ, વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો CWSN સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી, ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન, વોકેશનલ એજ્યુકેશન શિક્ષણ, ડ્રોપ આઉટ અને કન્યા શિક્ષણ માટે ચિંતન, જ્ઞાનકુંજ પ્રોજેક્ટને લઈને સંમેલનમાં ચર્ચા કરવામાં આવશે. વાલી સંમેલનમાં સભ્યો ઉપરાંત શાળામાં ભણતાં અન્ય બાળકોના વાલીઓ, જે તે વિસ્તારના વડીલ આગેવાન વ્યકિતઓ, ગામના રોલ મોડેલ સમાન વ્યક્તિઓ ગામ પ્રેરક અને કર્મનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતા કેળવણીકારોને આમંત્રણ આપવામાં આવશે. પ્રથમ સત્રમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી અને બીજા સત્રના વાલી સંમેલનમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ પ્રજાસત્તાક દિન નિમિત્તે દીકરીની સલામ દેશને નામ કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે ગામમાં જેટલી દીકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતા-પિતાને આમંત્રણ પત્રિકા આપીને બોલાવવાના રહેશે.


**ઝિયારત**

**મર્હુમા મુસર્રતજહાં ખુરશેદ એહમદ પીરઝાદા**

તા. ૧૦-૮-૨૦૨૪ના રોજ ઈન્તકાલ/જન્નત નશીન થયા છે. મર્હુમાની ઝિયારત નીચે મુજબ રાખેલ છે.

ઝિયારત

ઓરતો માટે: તા. ૧૩-૮-૨૪, સવારે ૯-૦૦ વાગે, દાદાભાઈ નવરોજી ફ્લેટ પારસી ગલી, ખાનપુર, અમદાવાદ.

મર્દો માટે: તા. ૧૩-૮-૨૪, સવારે ૯-૦૦ વાગે, હઝરત પીર શાહવજીહુદ્દીન અલ્વી (ર.અ.)ની દરગાહ/મસ્જિદ, ખાનપુર, અમદાવાદ.

દુઆગીર

ખુરશેદ એહમદ એ. પીરઝાદા અને સમગ્ર પીરઝાદા પરિવાર M.: 98257 76891


# શામળાજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સામે ઉચાપતની ફરિયાદ અંગે હાઈકોર્ટે આપ્યો મનાઈ હુકમ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર દેસાઈએ શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદિર ટ્રસ્ટ (શામળાજી મંદિર)ના કેટલાક ટ્રસ્ટીઓ અને ફંડની ઉચાપતના કથિત કેસના સંબંધમાં આ ટ્રસ્ટીઓ પદાધિકારીઓ સામે નીચલી અદાલત દ્વારા શરૂ કરાયેલી ફોજદારી કાર્યવાહી પર સ્ટે આપ્યો છે. કેસની વિગતો મુજબ, મુકેશ પ્રમોદરાય ત્રિવેદી અને અન્ય ટ્રસ્ટીઓએ વર્ષ ૨૦૨૧માં એક ટ્રસ્ટી પ્રફુલ ઉપાધ્યાયને ટ્રસ્ટ ફંડની કથિત ઉચાપત બદલ હટાવી દીધા હતા. ૨૦૨૨માં મેજિસ્ટ્રેટ કોર્ટ ભિલોડા દ્વારા તેમની સામે IPCની વિવિધ કલમો હેઠળ ફોજદારી કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. ચેરિટી કમિશનર દ્વારા આ ટ્રસ્ટી સામે વસૂલાતની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. હાલના ટ્રસ્ટીઓને ધમકાવવા બદલ ટ્રસ્ટીના પુત્ર સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓ સામે બદલો લેવા માટે, ઉપાધ્યાયે ૨૦૨૪માં મેજિસ્ટ્રેટ ભિલોડા સમક્ષ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અરજદાર ટ્રસ્ટીઓ દ્વારા દાન પેટીમાંથી એકત્ર કરાયેલા કેટલાક ભંડોળ બેંકમાં જમા કરવામાં આવતા નથી. ફરિયાદીએ કોર્ટમાં જમા રકમનો અભાવ દર્શાવવા મેજિસ્ટ્રેટ સમક્ષ માત્ર અડધું બેંક સ્ટેટમેન્ટ આપ્યું હતું. મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૩ જુલાઈના રોજ એક આદેશ દ્વારા અરજદાર ટ્રસ્ટીઓ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી હતી. કાયદાની પ્રક્રિયાના દુરૂપયોગ અને ખોટી અને ભ્રામક ફરિયાદો તરીકે ફોજદારી કાર્યવાહીને ટ્રસ્ટીઓ દ્વારા હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવી હતી. ટ્રસ્ટીઓને સાંભળ્યા બાદ અને રેકોર્ડ તપાસ્યા બાદ હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે કોર્ટને એવું લાગે છે કે ટ્રસ્ટની બાબતો પર વર્ચસ્વ મેળવવા માટે ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનું પ્રાથમિક દષ્ટિએ અવલોકન કરીને ફોજદારી કાર્યવાહી પર સ્ટે મૂક્યો છે.




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS